પુરૂષોત્તમ મહાત્મ.



છપાવી પ્રસિદ્ધ કર્તા દલાલ જેઠાલાલ વાડીલાલ

ઠે. સારંગપર તળીઆની પોળ અમદાવાદ.

મુલ્ય ફકત આઠ આના.

શ્રી પુરૂષોતમાયનમઃ

શ્રી

પુરૂષોતમ મહાત્મ.

(શુદ્ધ ગુજરાતીમાં ટીકા.)

એકત્રીસ અધ્યાય સાથે

રચી પ્રસિદ્ધ કર્તા.

દલાલ જેઠાલાલ વાડીલાલ

ઠે. સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.

આવૃતી પહેલી સને ૧૯૧૨ પ્રત ૧૦૦૦

અમદાવાદ-પીરમસાના રોજા પાસે શ્રી સત્યસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઈ ચકુભાઈએ છાપી.

મુલ્ય ફકત આઠ આના.

ॐ तत्सत् परमात्मने नमः

શ્રી પુરૂશોતમ માહત્મ.

હું, પગે લાગનારા મનુષ્યોના કલ્પવૃક્ષરૂપ, વૃંદાવનમાં વિનોદ કરનાર, વૃંદાવનના ચંદ્રમા રૂપ, પુરૂષોતમને વંદન કરૂં છું નારાયણને, નરોમાં ઉત્તમ એવા નરને, દેવી સરસ્વતીને, તથા વ્યાસને નમસ્કાર કરી પછી જયરૂપ ગ્રંથ કહેવા ઇચ્છુછુ. પુર્વે કાળમાં યજ્ઞ કરવાની ઇચ્છાથી લોકો ઉપર કૃપા કરનાર, પરોપકારિ અને હમેશાં વૈદિક તથા સ્મૃતિનાં કર્મોમાં તત્પર એવા અચિત, દેવલ, પૈલ, સુમંતુ, પિપ્લાયન, સુમતિ, કશ્યપ, જાબાલિ, ભૃગુ, અંગિરા, વામદેવ, સુતીક્ષ્ણ, શરભંગ, પર્વત, આપસ્તંભ, માંડવ્ય, અગસ્ત્ય, કાત્યાયન, રથીત, ઋણુ, કપિલ, રઇભ્ય ગૌતમ, મુન્દ્રલ, કૌશિક, ગાવલ, ક્રતુ, અત્રિ, બભ્રુ ત્રિત, શક્તિ બુધ, બાદ્રાયન, વસુ, કૌડિન્ય, પૃથુ, હારિત ધુમ્ર, શંકુ, સંક્રુિત, શનિ, વિભાંડક પંક, ગર્ગ, કાણાદ, જમદગ્નિ ભીર દ્વાજ, ધુમપ, મોન, શુક્રાચાર્ય કર્કશ, શૌનક, શતાનંદ, મહાતપા, વિશાલ, વિષ્ણુવૃદ્ધ, જર્જર જય, જંગમ, પાર, પારાશર, પુરે, મહાકાય, જૈમીની, મહાગ્રીવ, મહાબાહુ, મહોદર, મહાબલ, ઉદ્દાલક, મહાસેન, આર્ત, આમલકપ્રિય, ઉર્ધ્વબા, ઉર્ધ્વ પાદ એક પાદ, ચતુર્ધર, અગ્રશીલ, જલાશી, પિંગલ, અગ્નિ, ઋભુ શાંડીર, કરૂણ, કાલ, કૈવલ્ય, કલાધર, શ્વેતબાહુ, રોમપાદ: કદ્રુ, કાલા ગ્નિરૂદ્રગ, શ્વેતા શ્વર, આદ્ય, શરભગ, પૃથુશ્રવ, આ બધાએ પોતાના શિષ્યો સહીત, વેદ ને વેદનાં અંગોના પાર પામેલા બ્રહ્મનિષ્ઠ મુનીઓ નૈમીષારણ્યમાં આવ્યા નૈમીષારણ્યમાં આવી હાથ

રવા લાગ્યા ત્યારે તીર્થ યાત્રાને મનમાં ધારી સુત પોતા ના ઘરથી બહાર નીકળ્યા પૃથ્વીમાં ફરતા તેણે નૈમીષાર ણ્યમાં મુનીયોને જોયા, જ્યાં તે મુનીશ્વરો હતા ત્યાં અતી હર્ષવંત બનેલા સુત, સંસાર રૂપી સમુદ્રથી તારનારા શા સ્ત્રો, સહીત એવા તે મુનીયોને નમસ્કાર કરવા ગયા તે સમયે રાતાં વલ્કલ (ઝાડની છાલ કે ઘાસ મુળમાંથી બ નેલાં) વસ્ત્રને ધારણ કરનારા પ્રસન્ન મુખવાળા, શાંત, પરમાર્થમાં. કુશલ, સઘળા ગુણોથી સંપન્ન. અશેષ આ નંદમાં બુડેલા, ઉર્ધ્વ પુંડ્રને ધરનારા, શોભીત નામની મુ દ્રાથી શોભતા, શંખ તથા ચક્રને ધારણ કરનારા ગોપીચંદ નની મૃત્તિકાથી શોભીતા હતા.

જટા ઈંદ્રિયોને જીતનાર મુકુટથી શોભતા, હરીના શરણરૂપ ઉત્તમ મંત્રને જપતા, અદ્ભુત, સઘળાં શાસ્ત્રોના તત્વને જાણનારા સર્વ લોકોનાં હીતમાં પ્રીતિવાળા, ક્રોધ ને જીતનારા, જીવન્મુક્ત જગતના ગુરૂરૂપ વ્યાસની પ્રસન્ન તાને પામેલ, એવા તે સુતને આવતા જોઈ તાકીદે ઉભા થઈ નૈમીષારણ્યના મહર્ષિયો જુદા જુદા પ્રકારની વીચીત્ર કથાઓ સાંભળવાની કામનાથી વિંટાઈ વળ્યા, તેઓમાં વિન યથી ભરેલા અંતઃકરણે બે હાથ જોડી સુતે આનંદથી વા રંમવાર સઘળા ઉત્તમ ઋષી પ્રત્યે દંડની પેઠે નમસ્કાર ક ર્યા ઋષિયો બોલ્યા-હે સુત ! હે સુત ! ઘણાકાળ સુધી જીવો ! તમે મોટા ભગવન્દ્રક્ત છો માટે અમોએ આજ તમારે સારૂ અતી મનોહર આસન કલ્પેલ છે. હે મહાભાગ્યે આસનઉપર આપબેસો આ પ્રમાણે ઋષિયોબોલ્યા જ્યારે આવું કહી સર્વ તપસ્વિયો બેઠા ત્યારે સઘળા મુનિયોના સમુહોને તપની વૃદ્ધિ પૂછી વિનયથી સૂત મુનિયોએ બતાવેલાં આસન ઉપર આનંદથી બેઠા. પછી તેને સુખથી બેઠેલા અને વિશ્રાંતિ પામેલા જાણી પુણ્યકારિ કથા સાંભળવાની ઈચ્છાથી ઋષિયો બોલ્યા કે સૂત ! હે સૂત ! તમે હો·

તમો ભાગ્યવાન છો; કારણ કે ગુરૂની કૃપાથી વ્યાસનાં વચનોના અભિપ્રાયને જાણો છો કેમ ! તમે સુખી તો છો ? આજ તમે ઘણે વખતે વનમાં કેમ દેખાયા ! હે વ્યાસ શિષ્યોમાં શિરોમણિ ? તમે વખાણવા અને પૂજવા લાયક છો હે મહાભાગ ! તમે અજ્ઞાન રૂપ નેત્રના રોગથી અંધ થયેલાઓને નેત્ર આપવામાં ઉત્તમ આશ્રય રૂપ છો માટે આ અસાર સંસારમાં હજારો સાંભળવાનાં છે તેમાં જે, કલ્યાણનું કરનાર, ટુંકું, અને સાર રૂપ થયેલ હોય, જે તમેં મનમાં નિશ્ચય કરેલ હોય, જે સંસાર રૂપ સમુદ્રમાં બુડેલાઓને પારને પહોચાડનારૂં હોય, જે સંસારના રોગના રસાયન-ઔષધ રૂપ. ભગવાનની લીલાના રસવાળું અને પરમ આનંદનું કારણ હોય તે જલ્દી કહો. આવી રીતે શૌનક વગેરેયે પૂછેલા સુત પારાણિક હાથ જોડી બોલ્યા હે મુનિયો ! સઘળા તમેં અતિ મનોહર મારૂં વચન સાંભળો હે બ્રહ્મણો ! આગળ હું પુષ્કર નામના તીર્થમાં ગયો હતો, ત્યાં ન્હાઇ પુણ્ય કારિ ઋષિ. દેવ, અને પિતૃ ગણોનું તર્પણ કરી વિઘ્નોને નાશ કરનારી યમુના પ્રત્યે ગયો. એક પછી એક બીજા તીર્થોમાં જઇ ગંગા નજીક આવ્યો ત્યાં કાશીમાં ગયો. પછી ગયાજી જઈ પિતૃનું તર્પણ કરી તે પછી વેણી અને કૃષ્ણાનદીમાં સ્નાન કરી ગંડકીમાં ન્હાઈ. પુલહાશ્રમમાં ગયો. હે વિપ્રો હું ત્યાથી ગોમતી નદીમાં સ્નાન કરી સરસ્વતી નદીને કાંઠે ત્રણ રાતે રહી ગોદાવરી પ્રત્યે ગયો તેમજ કૃતમાલા, કાવેરી, નિર્વિધ્યા, તામ્રપર્ણી, તાપી, વૈહાયસી, નંદા અને સુખને આપનારી નર્મદા નદી નજીક ગયો. પછી ચર્મણ્વતી નદીએ થઈ સેતુબંધ ગયો ત્યાં નારાયણનું દર્શન કરી તપસ્વિયોને પગે લાગી કરી તે દેવને નમન તથા સ્તુતિ કરી સિદ્ધક્ષેત્ર તરફ ગયો. આ પ્રકારનાં મુખ્ય તીર્થોમાં ફરતો હુ કુરૂ દેશોમાં આવ્યો ત્યાંથી જંગલ દેશને પામી

હસ્તિનાપુર (દિલ્હી) માં જવા વિચાર થયે. હે બ્રાહ્મણો ! ત્યાં સાંભળ્યું કે વિષ્ણુએ બચાવેલો પરીક્ષિત રાજા છોડી ઋષિયો સાથે મહાપુણ્યકારિ ગંગાને કાંઠે ગયો. ત્યાં સર્વને શોભાવનારા, સિદ્ધ, યોગી અને દેવર્ષિયો આવ્યા ત્યાં કેટલાક, આહાર નહિં કરનારા, કાંઇક પવન પાણી તથા પાંદડાંઓને ખાનારા, કાંઇક, ફલને ખાનારા, અને કેટલાક પ્રીસુને ખાનારાઓ આવ્યા છે. હે દ્વિજો ! હું પણ તે સમાજ જોવા ત્યાં ગયો. ત્યાં સમર્થ, બ્રહ્મ રૂપ બનેલા, મહામુનિ શ્રી કૃષ્ણનાં ચરણ કમલને મનથી ધારણ કરતા વ્યાસના પુત્ર, શુકદેવ આવ્યા. તે સોળ વર્ષના, યોગીશ્વર. શંખની પ્રમાણે કંઠવાળા હતા.

અતિ ઉંચા, સુંદર કેશથી વિંટાયેલ મુખવાળા, દેદીપ્યમાન કાંતિવાળા લીંટ કહાડતા બાલકોથી અને ધુલ જેઓના હાથમાં છે એવી સ્ત્રીઓના નત્થાથી જેમ માંખીઓથી વિંટાએલ હાથી હોય તેમ વિંટાએલા, મહામુનિ શુકને જોઇ મુનિયો બે હાથ જોડી અને આનંદથી ઉભા થયા જે સ્ત્રીઓ અને મૂર્ખ બાલકો હતા તેઓ-તેને જોઇ દુર ઉભા રહ્યા અને પશ્ચાત્તાપ પામવાથી શુકદેવને પગે લાગી ઘેર ગયા શુકદેવજી માટે ઉંચુ, ઉત્તમ આસન કલ્પ્યું તથા મુનિયો કમલની કર્ણિકાની પાંખડીયોની પેઠે પાસે બેઠા. ત્યાં બેઠેલા જ્ઞાનરૂપી મહાસમુદ્રમાં ચંદ્રમા રૂપ, બ્રાહ્મણોએ કલ્પેલી પૂજા અને ધારણ કરનારા, વ્યાસના પુત્ર, મહામુનિ. ભગવાન શુકદેવ તે વખતે, જેમ તારાઓથી વિંટાયેલ ચંદ્ર શોભે તેમ શોભતા હતા. આ પ્રમાણે બૃહન્નારદીય પુરાણમાં પુરૂષોત્તમમાહાત્મ્યમાં શુકદેવજીનું પધારવું આ નામનો પેહેલો અધ્યાય પૂર્ણ થયો. ૧

બીજો અધ્યાય.

સુત બોલ્યા—રાજાપરીક્ષિતના પૂછવાથી શુકદેવજીએ ઉત્તમ, શ્રીમદ્ભાગવત કર્યું અને શુકની પ્રસન્નતાથી તે સાંભળી રાજાનો મોક્ષ થયો, એ જોઈ હું યજ્ઞના ઉદ્યમમાં પરાયણ થયેલા બ્રાહ્મણોનું દર્શન કરવા અહિં આવ્યો છું ને દીક્ષા પામેલાઓનાં દર્શનથી હું કૃતાર્થ થયો છું. ઋષિયો બોલ્યા હે સજ્જન સુત, બીજી વાત છોડી વ્યાસનાં મુખથી તેની પ્રસન્નતાથી જે પેહેલાં નહિં બનેલું સાંભળ્યું હોય તે અમોને કહો. હે મહાભાગ સૌથી પણ અતિ સારૂં રૂપ, આત્માને રાજી કરનાર, ઉત્તમ, અમૃતથી અતિ શ્રેષ્ટ, કથાનું પાન કરાવો સુત બોલ્યા—હે શ્રેષ્ટ પુરૂષો ! મને પૂછો માટે હું વિલોમ જાતિમાં થયેલ છતાં પણ ધન્ય છું એ વ્યાસનાં મુખથી જે સાંભળેલ છે તે જ્ઞાન પ્રમાણે કહુ છુ એક વખતે નારદ. તપસ્વિ, ઘણા સિદ્ધો, દેવોએ પણ સેવેલા, બોરડી, બહેડાં, આમલાં, બીલાં, આંબા, આમ્રાતક કોઠ, જાંબુ, કદંબ વગેરે અને બીજાં વૃક્ષોથી પણ શોભિત નરનારાયણના આશ્રમમાં ગયો જ્યાં વિષ્ણુના ચરણનાં ચલથી થયેલી પુણ્યકારિ અલકનંદા છે ત્યાં જઈ પરબ્રહ્મમાં જેણે મન લગાડેલ છે, જેણે છ શત્રુઓને જીતેલા છે. જેનું ચલકતું તેજ બહુ છે અને જેણે ઇંદ્રિયોને જીતેલ છે એવા દેવરૂપ મહામુનિ નારાયણને નમન કર્યું.

\ દેવોનાદેવ તપસ્વી અને પ્રભુ એવા નારાયણને સાષ્ટાંગ પ્રણામ કરી નારદ બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા નારદ બોલ્યા—હે દેવનાદેવ ! કૃપાના સમુદ્ર ! આપ સત્યને ઉત્પન્ન કરનાર. સત્યથી થયેલા ભુત ભવિષ્ય વર્તમાન કાલમાં સત્ય રૂપ છો માટે આપને નમસ્કાર કરતાં હું આપને શરણ આવ્યો છું આપનુ તપ સર્વને શિખવવા સારૂ તથા મર્યાદાની સ્થાપના માટે છે જે આપ

તપ ન કરેતો પુણ્યવાન તથા પાપી જનોથી યુક્ત પૃથ્વિ જેમ એકે કરેલાં પુણ્યથી તરે છે તેમ એકે કરેલાં પાપથ કળિયુગમા બુડી જાય જે રીતે આગલ સત્યયુગ વગેરેમાં એકે મેલવેલું સર્વને ગમતુ તવી સ્થિતિને દુર કરી કળિયુગમાં કરનારજ એક પુણ્ય તથા પાપ જોડાય છે, આમ જાણી આપની તપમાં સ્થિતિ છે. હે ભગવાન ! સઘળા પ્રાણિયો વિષયમાં તલ્લીન મનવાલા, અને સ્ત્રી છોકરાં તથા ઘેરમાં આસક્ત છે તેઓનું જે હિત કરનાર ને મારૂ પણ જે કંઇ હિતકારી હોય તે વિચારીને કહેવા યોગ્ય છો વદમાં એવો નિશ્ચય કરેલ છે કે વિષ્ણુને ઉપકાર, પ્યારો છો માટે આપના મુખથી સાંભળવાની ઇચ્છા કરી હું બ્રહ્મલોકથી અહિ આવ્યો છું આ કારણથી લોકના ઉપકાર માટે કથાના સારરૂપ જે હોય તે હમણાં કહો કે જેના સાંભળવાથી ભયવગરેનું પદ મેળવી શકાય આવું નારદનું વચન સાંભળી હસીને ભગવાન એવા ઋષિ નારાયણ પુણ્યકારી જગતને પવિત્ર કરનારી કથા કહેવા લાગ્યા શ્રીનારાયણ બોલ્યા–હેનારદ? તમેગોપસ્ત્રીઓનાં મુખકમલનાભ્રમરૂપરાસના અધિપતી, રસીક જનોના ઘરેણારૂપ, વૃંદાવનમાં વીહાર કર નારાં. આદી પુરૂષ વ્રજનાપતી ભગવાનની પુણ્યકારી કથા સાંભળો. હે વત્સ ! જગતના બનાવનાર બ્રહ્મા જેનાં નેત્રના મટકામાં પડે છે તેનું કર્મ કહેવા પૃથ્વીમાં કોણ શક્તીવંત છે ! વળી હે નારદમુની ! તમે પણ સારવડે રસવાળું, અને વચનોથી ન પહોંચી શકાય એવું ભગવાનનું ચરીત્ર જાણો છો, તો પણ અતી અદ્ભુત દરીદ્રપણાને તથા વીધવાપણાને હરનાર યશને સત્પુત્રને, તથા મોક્ષને આપનાર, અને ઝટ સેવવા લાયક એવું પુરૂષોતમનું મહાત્મ આદરથી કહું છું. નારદ પુછવા લાગ્યા–હે મુની ! પુરૂષોત્તમ કયા દેવ છે અને તેનું મહાત્મ્ય શું છે? તે મને અતી અદભુત હોય એમ ભાસે છે માટે વીસ્તારથી કહો. સુત બોલ્યા નારદનું વચ

ન સાંભળી નારાયણ મુની બે ઘડીવાર સારી રીતે મન સાવધાન કરી પુરૂષોત્તમ એવું માસનું નામ પણ કારણ સહીત છે તેના સ્વામી કૃપાના સમુદ્રરૂપ પુરૂષોત્તમ કહેવાયા છે, તે માટે ઋષીયોએ શ્રીપુરુષોત્તમ માસ કહેલછે તેનું વ્રત કરવથી પુરૂષોત્તમ પ્રસન્ન થાય છે નારદ પુછવા લા ગ્યા–હે કૃપાના ખજાના રૂપમાં જે ચૈત્ર વગેરે મહિમાઓ છે તેઓ સ્વામી સહીત છે એમમેં સાંભળ્યું છે તેઓના મધ્યમાં પુરૂષોત્તમ નામનો મહીનો સાંભળ્યો નથી તે પુરૂષોત્તમ માંસ પુરૂષોત્તમ કેરી રીતે થયો છે? તેમને કહો.

હે સત્પુરૂષોના પતી ! હેભુ ! તે માસનું વીધી સહીત સ્વરૂપ કહો; તેમાં શું કરવું ? કેમ ન્હાવું અને શું દેવું? જપ, પુજા, ઉપવાસ વગેયે સાવધાન શું કરવું ! તે કહો આ કરવાથી દેવ પ્રસન્ન થાય અને શું ફલ આપે ? હે તપ દુપધનવાલા ! દીનજનો ઊપર વ્હાલ રાખનાર સારા માણુસો પૂછ્યા વગર પણ કહે છે; માટે આ અને બીજું પણ જે તત્વ હોય તે કહો. હે પ્રેભુ પૃહિવીમાં પારકાના ભાગ્યને અનુસરનારા દરિદ્રતાથી પીડાએલા રોગિ, પુત્રની ઈચ્છાવાળા જડ મુંગા, કપટી મુર્ખા ખરાબવસ્ત્રવાળા નાસ્તિક, લંપટ, નીચ, જર્જરીભુત પરને સેવનારા, નિરાશ થયેલા ભગ્નથયેલસંકલ્પવાળા, ક્ષયપામેલ કુરૂપવાળા, રોગ વાળા, કોઢવાળા, અંગવગરના, આંધળા કેટલાક વ્હાલાં મિત્ર સ્રી. આપ્તજન, પિતા અને માતાના વિયોગ વાળા શોકને દુખ વગેરેથી સુકાઇ ગયેલઅંગવાળા અને પોતાની વ્હાલી વસ્તુથી રહિત તેઓ છે તેઓ જે કરવાથી, સાંભળવાથી અને આચરવાથી ફરિને એવા ન થાય તે મને કહો હે પ્રુભુ હે બ્રહ્મન ! હે જગતના નાથ ? તમે, સઘળું જાણુનાર છો માટે જે વિધવાપણા વાંઝિયાપણા દોષના ઓછાઅંગપણુ ખરાબ એવી મનની પીડાઓ તથા રક્તપિત્ત વગેરે વાઈને ક્ષય વગેરે છે. આ [illegible]નો જત્થાઓ મનુ

સૌને દુઃખ પામતાં જોઈ, દુખ પામું છું; માટે મારી ઉપર કૃપા કરી વીસ્તારથી સજ્જનોનાં મનના આનંદના કારણ રૂપ સર્વ તત્વોનો વીધી કહો સુત બોલ્યા આ પ્રમાણે બ્રહ્માના પુત્ર-(નારદે) પુછેલું, મનુષ્યોમાં હીતનું કારણ રસવાળું વચન સાંભળી ચંદ્રમાની પેઠે શોભતા મુનીને વખાણી વીન મેઘની ગર્જના સરખી રમણીય વાણીથિ દેવનાદેવ (નારાયણ બોલ્યા.

આ રીતે બ્રહ્નન્નારદીય પુરૂષોત્તમમાહાત્મ્યના શ્રીનારાયણનારદનાસંવાદમાંપ્રશ્નનોવીધીએનામનોબીજોઅધ્યાયપુરોથયો ઋષિયો પૂછવા લાગ્યા-હે મહાભાગ સુત, નરના મિત્ર નારાયણે જે સારૂં વચન નારદને કહ્યું તે અમને વિસ્તાર સહિત કહો. સુત બોલ્યા—હે શ્રેષ્ટ બ્રાહ્મણો રમણીય નારાયણનું વચન સાંભળો. તેણે નારદને જે કહેલ છે એ સાંભળ્યા મુજબ કહુ છું.

શ્રીનારાયણ બોલ્યા—હે નારદ ! પૂર્વે મહાત્મા, દુઃખને હરનારા શ્રીકૃષ્ણે યુધિષ્ટિર રાજાને કહ્યું હતું તે હું કહું છું; માટે સાંભળો. એક વખતે શત્રુ વગરના ધાર્મીક રાજા યુધીષ્ટીર, છેતરવામાં ધ્યારવાળા. દુષ્ટ ધતરાષ્ટ્રના પુત્રોથી જુઆરમાં હાર પામેલા દુષ્ટ દુશાસને લોકના દેખતાં અગ્નિથી થયેલી, ધર્મપરાયણ, દ્રૌપદીનો ચોટલો ઝાલી ખેંચી, વળી વસ્ત્રો ખેંચ્યાં, તે સમયે શ્રી કૃષ્ણે દ્રૌપદીની રક્ષા કરી. પછી કુંતીના પુત્રો રાજ્ય છોડી કામ્યક વનમ ગયા વનમાં રહેનારા હાથીઓની પેઠે વનમાં ફળ ખાનારા ચોતરફ કેશથી ઘેરાએલા, તેઓ અત્યંત કલેશ પામ્યા એ પછી દુખ પામતા તેઓને જોવા મુનીયોએ વિંટાયલા દેવકીજીના પુત્ર ભગવાન શ્રી કૃષ્ણ કામ્યક વનમાં ગયાં. તેને જોઈ જેમ પ્રાણોને આવેલા જોઇ દેહ ઉભી થાય તેમ તરત કુંતીના પુત્રો ઉભા થયા અને પ્રેમથી વિહ્વલ બની પ્રીતીવડે શ્રી કૃષ્ણને મલ્યા. જોડલું એવા નિકુલ અને સહદેવ ભક્તિ થી તેને નમ્યા, ધીરે ધીરે તંદ્રાવગરનાં દ્રૌપદી

તે કૃષ્ણનાં ચરણ કમળ પ્રત્યે નમ્યાં તે કુંતીના પુત્રોને રૂરૂ મૃગનાં ચર્મરૂપ વસ્ત્રવાળા, દુખ પામતા, રૂક્ષ, ચોમેરથી કેશવડેથી વીંટાએલા અને તેવીજ દુખથી ભરેલી, પ્રાતળાં અંગવાળી દ્રૌપદીને જોઈ આ રીતે તેઓનાં અપાર આકરાં દુખને જોઈ ભક્તવત્સલ ભગવાને અત્યંત દુખ પામતાં ધતરાષ્ટરના પુત્રોને બાળી નાંખવાની ઈચ્છાથી ક્રોધ પામ્યા અને જગતના આત્મરૂપ, ભ્રમરના મરોડથી કુટિલ નેત્રવાળા, ફેંડકાતના સરખાં વિકરાળ મુખથી હોઠરૂપ પડીયાને ખુબ ડસી જાણે શીતાના વિયોગથી સંતાપ પામેલા દશરથના પુત્ર રામ ત્રણલોકને બાળતા હોય તેમ, તથા પ્રલયનો અગ્નિ હોય તેમ ઉભા થયા, તેને જોઈ કંપ થવાથી અર્જુન તે વખતે દ્રૌપદી બીજાઓ તથા ધર્મની સંમતિથી ઉભો થઈ ભયવડે બે હાથજોડી કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. અરજુને કહ્યું–હે કૃષ્ણ? હે પ્રભુ! હેજગતનાથ હે સ્વામી! હું જગતની બાહેર નથી. તમેજ જગતના રક્ષક છો તે છતાં મારૂ કેમ પાલન કરતા નથી! જેના નેત્રના હાલવાથીજ બ્રહ્માનું પડવું થાય છે.

તેના કોપથી શું થશે એ કોણ જાણી શકે હે સંહાર કરનાર તાત! હે તાત! જગતનાપતિ! ક્રોધને તજો, કેમકે આપના સરખાના કોપથી જગતનો પ્રલય થાય છે તત્વને જાણનારા, સમસ્ત કારણોનાં કારણરૂપ, વેદ અને વેદોનાં અંગોનાં બીજના બીજરૂપ ઈશ્વર એવા આપ શ્રી કૃષ્ણને વંદન કરૂંછું હે સર્વ મંગળ રૂપ મંગળપણાના કારણ રૂપ સનાતન ઈશ્વર એવાઆપે સચરાચર જંગમ સ્થાવર સઘળુ જગત સરજ્યું છે, તે આપ એકના અપરાધથી પોતે કરેલાં જગતને કેમ મારી નાંખવા તૈયાર થયા છો મચ્છરોને બાળવા કોઈ ઘરને બાલે છે! શ્રી નારાયણ બોલ્યા—આવી રીતે શ્રી કૃષ્ણ પ્રત્યે વિજ્ઞાપના કરી શત્રુઓના શુરને હણનારો અરજુન બે હાથ જોડી કૃષ્ણને પ્રણામ કરવા લાગ્યો. સુત બોલ્યા—જ્યારે કૃષ્ણ

ણને કોડી સુર્ય ચંદ્રમાના જેવા શાંત થયા ત્યારે તેને જોઈ સઘળા સ્વસ્થતા પામ્યા. પ્રીતિથી શોભીત મુખવાળા સરવે પ્રેમવિહ્વલ થઈ પ્રણામ કરવા લાગ્યા અને કૃષ્ણને વનનાં ફુલ તથા ફુલ વગેરેથી પ્રજન કરવા લાગ્યા. શ્રી ભગવાન બોલ્યા—ને પછી શરણાંગતનું સંરક્ષણ કરનાર, ભક્તવત્સલકૃષ્ણને પ્રસન્ન જાણી નમ્ર થઈને ઘણા પ્રેમમાં મુડલો બે હાથ જોડી અરજુન વારંવાર પગે લાગી જે રીતે તમે હાલ જે પુછોછો તે રીતે તેજ પ્રશ્ન પુછવા લાગ્યો એ સાંભળી વકતાઓમાં શ્રેષ્ઠ, એવા ભગવાન કૃષ્ણ બે ઘડીવાર ધ્યાન કરતા થયા, ધ્યાન કરી સુહૃદવર્ગને તથા જગતને ધારણ કરનાર દ્રૌપદીને પાંડવો દિલાસો હિતનાં વચન બોલ્યા શ્રી કૃષ્ણ કહેવા લાગા—હે મહાભાગના યશારૂપ હે રાજન અરજુન ! હવે મારૂં વચન સાંભળો.

તમે આ પ્રશ્ન પુર્વે ન બનેલો કર્યો છે માટે ઉત્તર કહેવા ઉત્સાહ પામતો નથી અર્જુન જગતમાં આ પ્રશ્ન ઋષિયોએ પણ ન ઘટાવી શકાય એવો ઘણો ઝીણો છે તમને મીત્રપણાથી અને ભક્તપણાથી કહું છું. હે સારાવ્રતવાળા, પ્રશ્નનો ઉત્તર બહુ કઠીન છે, પણ અનુક્રમથી સાંભળો. ચૈત્ર વગેરે જે માસ, લવ, પક્ષ ઘડીયો પોહર રાત્રિ, ઋતુઓ, મુહૂર્તો બે અયનો વર્ષ, યુગો, અને જે બીજા પરાર્ધ સુધી કાલ, જે નદી, સમુદ્ર, ધુના કુવા વાવ, તળાવ, ઝરણાં વેલ્યો ઔષધ વૃક્ષો વાંસ, ઝાડ વનસ્પતી, શહેર ગામ પર્વત અને મોટાં નગરો છે આ સઘળાં શરીર ધારણ કરનારાં પોતાના ગુણોથી મનાય છે, તેઓમાં કોઈ પણ પેહેલાં નહિં બનેલ અને સ્વામી વગરનો નથી અને પોતપોતાના અધિકાર દરેજામાં ફલ દેવાથી મનાય છે, પોતાના સ્વામીના સંગની મહત્તાથી, સૈભાગ્યથી સોભનાર છે. કોઈ કાલે અધીક માસ ઉત્પન્ન થયો, તેને સઘળા લોકો મદદ વગરનો, નીંદીય, મલરૂપપણાથી નહી સ્પર્શ ચાકર

લાયક સારાં કર્મમાં નીંદવા યોગ્ય અને સુર્યની સંક્રાંતીથી રહીત આ, મલ (મેલો) માસ અયોગ્ય છે એમ કહેવા લાગ્યા, લોકોથી આ બોલ સાંભળી ઊપયોગ વગરનો કાંતીથી રહીત દુઃખ યુક્ત બહુ ખેદ પામેલ અંતઃકરણવાળો ને જેનું ચિંતામાં બુડેલ એક મન છે .એવો એ મરવાને ચાહતો થયો પછી તે દુઃખ પામતાં હૃદયથી ધીરજ ધરી મારે શરણ આવ્યો. હે અર્જુન ! જ્યાં હું નીવાસ કરતો હતો તે વૈકુંઠ લોકમાં આવ્યો; મંદીર આવ્યા પછી એણે મને દીઠો. તે સમયે મને અમુલ્ય રત્નજડીત સોનાનાં સિંહાસન ઊપર બેઠેલ જોઇ એ પૃથ્વી ઊપર દંડની પેઠે પગે પડયો. હે શાંત ! આંખોમાંથી આંસુઓને કહાડતો બે હાથ જોડી યત્નવાન થઇ ધીરજ ધારણ કરતાં ગળગળો થઇ સુત બોલ્યો—આટલું બોલી બદરીકાશ્રમના પતી, મહામુની મહામુની નારાયણ બંધ રહ્યા. અને તે સાંભળી ભક્ત વત્સલ નારદ ફરીને પુછવા લાગ્યા નારદ બોલ્યા—જ્યાં જગતને અભય આપનાર બ્રહ્મરૂપ, શ્રી કૃષ્ણ રહે છે, તે ભક્તિથી પ્રાપ્ત થાય એવા, જગતનાં પાપને હરનાર, યોગીયોએ પણ ન જઇ શકાય એવા પુર્ણ રૂપી નીર્મલ વીષ્ણુ લોકમાં એ પ્રમાણે જઈ તેમનાં ચરણ કમલને શરણ થયેલો અધીક માસ શું બોલ્યો ? આ પ્રમાણે બ્રહન્નારદીયનાં પુરૂષોત્તમ માહાત્મ્યમાં અધીક માસનું વૈકુંઠમાં પહોંચવું એ નામનો ત્રીજો અધ્યાય પુરો થયો ॥ ૩ ॥

અધ્યાય. ૪

શ્રી નારાયણ બોલ્યા—હે નારદ અધીક માસેં ભગવાનની અગાડી જે શુભ વચન કહ્યું તે લોકોનાં હીતની ઇચ્છાથી હું કહું છું માટે સાંભળો અધીક માસ બોલ્યો—હે કૃપાના ભંડાર ! અતી બલવાળાઓયેં મલમાસ એવું

મારૂં નામ પાડી તીરસ્કાર કર્યો એથી હું અહીં આવ્યો છું
અને દીન છું છતાં કેમ મારૂં સંરક્ષણ કરતા નથી દેવ
તાઓએ સારાં કામમાં ત્યાગેલ, નીંદાયેલા તે અને
મલીન એવો હું તેને જોતાં આપનું દયાળુ પણું કાં ગયું
અને કઠોરપણું કેમ થયું ! હે દીનવત્સલ ! જે રીતે સલ
એવા કંસરૂપ અગ્નિથી વસુદેવજીની તથા ઉત્તમ સ્ત્રીની
રક્ષા કરી, તે રીતે શરણ આવ્યો છું તો પણ આજ મારી
રક્ષા કેમ નથી કરતા તે કહો ! હે દીન વત્સલ ! જેમ પુ
ર્વે ખલ દુઃશાસનનાં દુઃખથી દ્રૌપદીની રક્ષા કરી હતી
તેમ આ શરણ આવેલાની આજ કેમ રક્ષા કરતા નથી ?
હે દીનવત્સલ ! જેવી રીતે આપે યમુનાનાં ઝેરી પાણીથી
ગોવાલ તથા પશુઓની રક્ષા કરી હતી તેવી રીતે આજ શ
રણ આવ્યા છતાં મારૂ કેમ પાલ કરતા નથી ? હે દી
નવત્સલ ! જે રીતે દાવાગ્નિથી પશુ, પશુને પાલનારા, અ
ને તેઓની સ્ત્રીઓની રક્ષા કરી હતી તે રીતે આજ મારી
શરણ આવેલાની કેમ રક્ષા કરતા નથી ? હે દીનવત્સલ !
જે મુજબ આપે મગધ દેશના રાજા જરાસંધના બંદીખા
નાથી રાજાઓની રક્ષા કરી હતી તે મુજબ મારી શરણ
આવ્યાં છતાં અજું કેમ રક્ષા કરતા નથી ? હે દી
નોની ઉપર વ્હાલ રાખનાર આપે જેમ ગ્રાહ અતીચંડનાં
મ્હોંમાંથી હાથીની રક્ષા કરી હતી. તેમ મારી શરણ આ
વ્યા છતાં કેમ આજ રક્ષા નથી કરતા ? નારાયણ બોલ્યા
—આ રીયે બહુ રૂપ એવા કૃષ્ણને જણાવી આંસુથી ભરે
લ મ્હોવાળો ધણી વગરનો જગત પતીની પાસે ઉભેલો
મલમાસ ચુપ રહ્યો.

તે વખતે તુરત કૃપાથી અતી ભિંજાએલા, શ્રીહરી
પાસે ઉભેલા દીન મુખવાળા, મલમાસને કહેવા લાગ્યા
શ્રીહરિ બોલ્યા—હે વત્સ ! હાલ કેમ બહુજ દુઃખમાં ડુબે
લા છો ? આવું મોટું શું દુઃખ તારા મનમાં છે ? મારે શ

રણે આવેલો ફરી શોક પામવા યોગ્ય નથી માટેહું તુને દુઃખમાં ડુબેલાને તારિશ, શોક ન કર અહિં આવવા થી મહા દુઃખી અને પાછી પણ શોક પામતો નથી અને તું અહીં આવી શા માટે શોકગ્રસ્ત મનવાળો છે ? શોક વગરનાં જરા વગરના. નીત્ય આનંદ સહીત મૃત્યુ રહીત એવા વકુંઠને પામ્યા છતાં તુ કેમ દુઃખી છે ? તનેં અહીં દુઃખીને જોઈ વઇકુંઠમાં વસનારાઓ અતી વીસ્મય પામ્યા છે, હે વત્સ ! તું શરૂં મરવા ઇચ્છાવાળો છે ? તે મને હમણાં કહે, શ્રી નારાયણ બોલ્યા—આ પ્રમાણે ભગવાનનું બોલવું સાંભળી ભાર ને ધારણ કરનારો જેમ ભાર રહિત થાય તેમ શ્વાસોચ્છાસથી યુક્ત મલમાસ કૃષ્ણ પ્રત્યે બોલ્યો અધિકમાસ કહેવા લાગો—હે ભગવાનન ! આપે આકાશ ની પેઠે સઘળે ઠેકાણે જગતમાં વ્યાપી રહ્યા છો માટે સર્વમાં આપનું કશુંપણ અજાણ્યુ નથી.

આપ સર્વના સક્ષી, ચરાચરમાં રહેલા, સર્વને જોનાર તથા વ્યાપક છો, એરણની પેઠે વિકારનાં આપના સ્વરૂપમાં સઘળાં પ્રાણીયો નિયમથી રહ્યા છે. હે જગતના નાથ ! આપના વિના કશું પણ નથી. હે ભગવાન ! નિર્ભાગ્યપણાથી મારૂં દુઃખ આણ્યું છો. તો પણ હે નાથ ! છેહા વગરનુ મરૂં અરૂરટ દુઃખ કહુ છું તેવું દુઃખ મેં કોઈનું પણ જોયું નથી અને સાંભળ્યું પણ નથી. લવ, મુહુર્ત, પક્ષ, માસ, દિવસ અને રાત્રિ તેઓ હમેશાં સ્વમિયોના અધિકારો રહિત નિર્ભયપણાથી સુખ પામે છે. મારૂં નામ નથી, મારો કોઇ ધણી નથી અને મને કોઇનો પણ આશરો નથી. માટે ધણીવાળા સઘળાઓએ સારાં કર્મથી મારો તિરસ્કાર કરયો છે. આ આંધળો મલમાસ ખાળમાં પડે. એમ મારો ત્યાગ કરેલ છે. તેથી મરવા ચાહું છું; પણ હું જીવવા ચાહતો નથી, હે

મહારાજા ! ખરાબ જીવન કરતાં મરવું ઉત્તમ છે. નિરંતર વળેલો કેમ સુખી શકે, આથી વધારે કહેવાનું બાકી કશું નથી. આપ દેવ તથા પુરાણોમાં પારકાનાં દુઃખને ન સહન કરનાર, ઉપકાર જેને વ્હાલો છે એવા પુરૂષોમાં ઉત્તમ જગ જાહેર છો, માટે પોતાનો ધર્મ વિચારી જેમ ઈચ્છા હોય તેમ કરો વારંવાર. પામર માણસે મોટા સમર્થને કહેવું વ્યાજબી નથી.

હું મરીશ, હું મરીશ, હું મરણ પામીશ, આ પ્રમાણે ઘણી વાર કહી હે નારદ ! એ મલમાસ ચુપ રહ્યો. ત્યાર પછી એકદમ શ્રી લક્ષ્મીના પતિ વિષ્ણુના પાસે પડયો, ત્યાં તેને પડેલો જોઈ સભા અતિ વિસ્મયવંત થઈ શ્રી નારાયણ બોલ્યા-આ પ્રમાણે કહી જ્યારે અધિક માસ બંધ પડયો ત્યારે ઘણી કૃપાના ભારથી ખેદ પામેલા શ્રીકૃષ્ણ ચંદ્રમાની પેઠે તેને સુખ પ્રાપ્ત કરતાં મેઘનાગભીર સરખું રમણીય બોલ્યા. સૂત બોલ્યા હે વિપ્રો ! વેદની સમૃદ્ધિને આશ્રય કરનારા નારાયણનું છ પાપોના સમૂહ રૂપ સમુદ્રમાં વડવાગ્નિરૂપ, શુદ્ધ વચન સાંભળી અતિ રાજી થયેલા મનથી આદિ પુરૂષ વિષ્ણુનાં વચનો સાંભળવાને ઈચ્છતા મુનિ બોલ્યા. આ રીતે વૃહન્નારદીયનાં પુરૂષોત્તમ માહાત્મ્યમાં વિજ્ઞપ્તિ નામનો ચોથો અધ્યાય થયો. ॥ ૧૪ ॥

પાંચમો અધ્યાય.

નારદ પુછવા લાગ્યા—હે તપના ખજાના રૂપ થકા ભગ, તેનું વચન સાંભળી વીષ્ણુએ પગની પાસે પડેલાં, અધિક માસને શુ કહ્યું ? શ્રીનારાયણ બોલ્યા-હે પાપથી રહીત મુનાયોમાં શ્રેષ્ઠ નારદ ! તમેં મને સારો કથા પુ છેલ્લો માટે ધન્યછો, વિષ્ણુએ જે કહ્યુ તે કહેવું સાંભળો. શ્રીકૃષ્ણ બોલ્યા-હે અર્જુન ! ત્યાં બનેલી બીના તમારી

આગળ કહુ છું તે સાંભળો. તે વેળાએ વીષ્ણુએ કટાક્ષથી હુકમ કરેલો ગરૂડ પક્ષી પાંખથી તે મુર્છા પામેલા માસ ને વાયરો નાંખવા લાગ્યો. એથી ઉભો થયેલો, તે ફરીને પણ બોલ્યો હે પ્રભુ આ મને ગમતું નથી.

અધિક માસે કહ્યું—હે જગતના બનાવનાર ! રક્ષા કરો ! રક્ષા કરો ! હે જગતપતી વીષ્ણુ ! મને પાળો. હે નાથ ! શરણ આવ્યાં છતાં મને કેમ અણુઆરતા નથી ! આ પ્રમાણે બોલી થરથર કંપતા તથા વારંવાર વલોપાત કરતા તે માસ પ્રત્યે વઈકુંઠમાં રહેનાર. ઈદ્રીયોના નીયંતા વીષ્ણુ બોલ્યા. વીષ્ણુએ કહ્યુ—હે સ્વામીથી રહીત પુત્ર ! ઉભો થા ઉભો થા તારૂં સારૂં થશે, ખેદ ન કર, તારૂં દુઃખ મહાકષ્ટથી માટે એવું મને ભાસે છે. આ રીતે કહી જરાનાર તેનો ઉપાય મનમાં વીચારી પછી પુરો નીશ્ચય કરી મધુ દૈત્યને મારનાર વીષ્ણુ વચન બોલ્યા શ્રીવીષ્ણુએ કહ્યું—હે વત્સ! મારી સાથે યોગીને દુર્લભ એવા ગોલોકમાં ચાલ કે જ્યાં પુરૂષોમાં. ઉત્તમ, સમર્થ ગોપીયોનાં ટોળાંની વચમાં રહેતા. બે ભુજાવાળા. મુરલીને ધારણુ કરનાર,નવા મેઘઘટાનાસરખા શ્યામ,રાતાં કમલનાં સરખાં નેત્રવાળા.શરદ ઋતુની પૂર્ણિમાના ચંદ્રથી અધિક શોભિતા મ્હોંવાળા, કરોડો કામદેવોની સુંદરતાને રમવાનાં સ્થળરૂપ, મનોહર, પીળાં વસ્ત્રને ધારણુ કરનાર, વનમાલાથી શોભિત, સારાં રત્નોથી જડેલાં આભુષણોવાળાં, પ્રેમથી શોભનાર, ભક્તવત્સલ, ચંદનથી છંટાએલ સર્વ અંગવાળા, જેની છાતીમાં શ્રીવત્સનામનું ચિન્હ છે એવા, ચલકતા કૌસ્તુમ મણિથી શોભિત, સારાં રત્નોના સારથી રચેલા મુકુટવાળા, કુંડલોવડે ઉજ્વલ, રત્નમય સિંહાસન ઉપર બિરાજમાન થયેલ અને પાર્ષદોએ વિટેલા, ભગવાન કૃષ્ણુ રહે છે. તેજ પરબ્રહ્મ પુરણુ પુરૂષોમાં ઉત્તમ, સ્વેચ્છામય, સર્વનાં

બીજારૂપ, સર્વનો આધાર ઉત્તમથી ઉત્તમ, ઈચ્છાથી રહીત અતીપુર્ણ પ્રભુ, માયાથીપર, નીર્ગુણ અને નિત્ય શરીરવા ળા ઇશ્વર છે ત્યાં જાઇયે' એટલે શ્રીકૃષ્ણ તારૂ દુઃખ ભાં ગશે, શ્રીનારાયણ બોલ્યા—આવું કહી તેને હાથ ઉપડ ધ રી વીષ્ણુ ગેલો. કયાં પધાર્યા હે મુની ! પુર્વે પ્રલય સમ યે જે એક, અજ્ઞાનરૂપ ઘાટ અંધકારને ટાળનાર, જ્ઞાનના માર્ગને પ્રકાશિત કરનાર, તેજ રૂપ, ક્રોડો સુર્યના જેવો, સત્ય, સખ્યાથી રહીત, અને સર્વના કારણ રૂપ હતો તે સ્વે ચ્છાવાળા પ્રભુના અતી સ્પષ્ટ, મ્હોટાં તેજ રૂપ છે તેની માંહેલી કોર મનને હરનારા ત્રણ લોકછે હે મુની- ! તેની ઉપર બ્રહ્માની પેઠે હમેશાં રહનારો ત્રણ ક્રોડ યોજન લંબાઈવાળો, મંડલના આકારથી વીસ્તાર પામેલો, તેજ સ્વરૂપ, અની મોટી રત્નની પૃથ્વીવાળો, ઉત્તમ, યોગીયો એ સ્વપ્નમાં પણ નહિ લેવાય એવા વૈષ્ણવોની જોવા અય ને જવાય એવો ઇશ્વરે ઉપાયોથી ધારણ કરેલો, આકાશમાં રહેલ, આહવા યોગ્ય, મનની પીડા, રોગ વૃદ્ધાવસ્થા મરણ શોકતે ભયથી રહીત અને સારાં રત્નોથી અસંખ્ય મંદીરો થીરેલો આકાશમાં રહેલ આહવા યોગ્ય. મનની પીડા, રોગ વૃદ્ધાવસ્થા મરણ શોકછે ભયથી રહીત, અને સારાં રત્નો થી અસંખ્યા મંદીરોથી શોભિત ગોલોક છે. તેની હેઠળ જમણી તથા ડાબી બાજુમાં તેના સરખો અતી મનોહર, વૈકુંઠ અને શીવલોક પચાસ ક્રોડના વિસ્તારથી છે. ક્રોડો યોજન વિસ્તાર પામેલો વૈકુંઠનાલોક મંડલના સરખા આકા ર વાળો છે કે જ્યાં શોભીત પીતાંબરવાળા સુંદર, શંખ, ચક્ર ગદાને કમલની શોભાથી યુક્ત ચાર ભુજાવાળા, વૈષ્ણવો તથા ઝાંઝર અને કટીમેખાલના અવાજવાળી લક્ષ્મી જેથી સઘળી સ્ત્રીઓરહેછે, ડાબી તરફ ક્રોડો યોજનની વીસ્તાર શિમાં પ્રલયથી શુન્ય, પર્ષદોએ વિટેલો, શિવલોકછે. જ્યાં મહાભાગ્યવાન જટાજુટવાળા, ભસ્મથી ભરેલ સર્વ અં

ગ વાળા, સર્પઅને જનોઈને ધારણ કરનારા, આઠમનાચંદ્ર સરખા કપાળવાળા, જેમના હાથ ત્રિશુળ તથા પટ્ટીશ છે એવા, અંગાને ધારણ કરનારા, ત્રણ નેત્રવાળા, જયથી શોભનારા સત્રળા ગણો વસે છે. ગોલેકની માંહે અતી મનોહર અતી આનંદહમેશાં દેનાર, ઉત્તમ આનંદનું કારણતેજછે

તેજ આનંદને ઉત્પન્ન કરનાર, ઊત્તમથી ઊતમ, નીરાકાર ને યોગીયોં તેનું સદાકાળ જ્ઞાનરૂપ દષ્ટિવાળા યોગથી ધ્યાન કરે છે. તે તેજના મધ્યમાં અત્યંતમાં અત્યંત મનોહર નીલકમલની પાંખડી સરખું શ્યામ રૂપ, કમળના સરખાં રાતાં નેત્રવાળું, કરોડો માણેકડારી પુનેમના ચંદ્રોની શોભાથી અધીક શોભીત મુખવાળું ક્રોડો કામદેવોની સુંદરતાને રમવાનાં ઠેકાણાં રૂપ, મનને હરનાર, જેની બે ભુજા છે, જેના હાથમાં મુરલી છે, જેના વસ્ત્રો પીયાં છે, જેની છાતીમાં શ્રીવત્સ ચિન્હ, છે એવું મંદહાસ્ય સહીત, ચળકતા કઉસ્તુભમણીથી શોભીત, સારાં રત્નોથી જડેલ મુકુટ અને કડાંઓથી ઉજ્વળ, રત્નનાં સિંહાસન ઉપરરહેલ, તથાવનમાળાથી શોભીત રૂપ છે. તેજ પરબ્રહ્મ પુર્ણ, શ્રીકૃષ્ણએવાનામવાળા, સ્વેચ્છા મય, સર્વના કારણરૂપ, સર્વના આધાર, ઉત્તમથી ઉત્તમ કિશોર અવસ્થાવાળા, સદા ગોવાળના વેશને ધરનારા, ભક્તોની ઉપર મેહેરબાની કરનાર, બેઅરજુ, વિકારથી રહિત, અતિપુર્ણ, સમર્થ, રાસમંડપના વચમાં રહેલા, શાંત, રાસના નાયક, હરિ, મંગળરૂપ, મંગળને યોગ્ય, સર્વ કલ્યાણોના કલ્યાણ રૂપ; અતિ આનંદથી શોભિત, સત્ય, પાપ પણાથી રહિત, અવિનાશી; સઘળા સિદ્ધોના અધિપતિ સમસ્ત સિદ્ધિયોરૂપ, સિદ્ધિને દેનાર, માયાથી શ્રેષ્ટ, ઈશ્વર, નિર્ગુણ, નિત્ય શરીરવાળા, પ્રથમ પુરૂષ, ન જણાય એવા, ઈદ્રરૂપ, ઘણાઓએ સ્તુતિ કરેલાં શાંત, શાંતિપરાયણ, સ્વતંત્ર, એક પરમાત્માના સ્વરૂપને શાંત વર્ણવ્યુવો ધ્યાન કરે છે. આ પ્રમાણે શ્રેષ્ટરૂ-

પને ધારણ કરનાર તે એકજ ભગવાન છે. શ્રીનારાયણ બો
લ્યા આવું કહી ત્યાંથી વિષ્ણુ અધિકમાસની સાથે સ્નેહ
થી રહિત જનોએ વિંટાએલા ઉત્તમ ગેલોકમાં ગયા.
સુત બોલ્યા આ પ્રમાણે સત્કારને ગ્રહણ કરનારી વાણી
કહી મુનિયોના પતિ નારાયણ મૌનપણે બિરાજ્યા. ત્યારે
મુનિ નારદ મોટા આનંદથી આનંદના ખજાનારૂપ કૃષ્ણની
નવી કથા સાંભળવાની ઈચ્છાથી વચન બોલ્યા. આવી રીતે
બ્રહ્મનારદીય પુરાણના શ્રીનારાયણ ને નારદના સંવાદવાળા
પુરૂષોત્તમ માહાત્મ્યમાં વિષ્ણુનું ગેલોકમાં જવું આ નામ
નો પાંચમો અધ્યાય થયો. ૫.

અધ્યાય ૬ ઠો.

નારદે પુછયું—હે પાપથી રહિત ! વૈકુંઠના અધિ
પતિએ ગેલોકમાં જઇ શું કર્યું ? તે મને સાંભળવાની
ચાહના છે માટે કૃપા કરી કહો શ્રીનારાયણ બોલ્યા—હે
પાપથી રહિત નારદ! ત્યાં જે થયું તે તમને કહું છું માટે
સાંભળો. વિષ્ણુ અધિક માસની સંગાથે ગેલોકમાં ગયા
તેના વચ (વિષ્ણુએ) મણિમય થાંભલાઓથી અતિ
શોભિત, તેજના સ્થાનરૂપ, મનને હરનાર વેગળેથી ભગવા
નનું મંદિર જોયું તેના તેજથી નેત્ર પ્રિચાવાને લીધે ધીરેથી
નેત્ર ઉઘાડી એ વિષ્ણુ અધિક માસને પોતાની પાછળ કરી
ધીરે ધીરે હીંડવા લાગ્યા. આનંદ સહિત અધિક માસની
સાથે મંદીરની હીંડ નજીક પહોચવાથી ઉભા થયેલા દ્વાર-
પાલોએ ચરણમાં વંદનકરાએલા વિષ્ણુ ધીરેથી ભગવાનના
મંદિરમાં પેઠા, તેની શોભાથી જેના નેત્ર હરાયેલછે એવા
લક્ષ્મીના પતિ વિષ્ણુ ત્યાં જઈ ગોપિયોનાં ટોળાંની વચમાં
રહેલા, રત્નના સિંહાસન ઉપર બીરાજેલા, પુરૂષોમાં ઉત્તમ,
શ્રી કૃષ્ણને તુરત પગે લાગ્યા અને બે હાથ જોડી આ

પ્રમાણે બોલ્યા શ્રી વિષ્ણુએ કહ્યું—ગુણોને ઉલ્લંઘન કરી રહેલા, ગોપોના પતિ એકઅક્ષર, નહિ જણાય એવા, આ છાશથી રહિત, જણાય એવા, ગોવાળના વેશને ધારણ કરનાર. કિશોર અવસ્થાવાળા, શાંત, ગોવાલણીના કાંત, મનોહર, નવામેઘના જેવા શ્યામ, કોડો કામદેવના સરખા સુંદર વૃંદાવન વનના મધ્ય રાંસમંડલમાં રહેલી, શોભીત પીતાંબર વાળા, શાંત, ત્રિભંગગથી સુંદર આકારવાળા, રાસના અધિપતિ, રાસની શોભામાં ઉત્સાહવાળા, બે ભુજાવાળા જેના હાથમાં મુરલી છે અને જેનાં વસ્ત્ર પીળાં છે એવા અવિનાશિ વિષ્ણુ (વ્યાપક) ને વંદન કરૂંછું.

આ પ્રમાણે કહી તેને નમન કરી તેના હુકમથી પાર્ષદોએ સત્કાર કરેલા વઈકુંઠવાસી વિષ્ણું ઉત્તમ સિહાસન પર બીરાજયા. નારાયણ બોલ્યા—આ પ્રમાણે વીષ્ણુએ કરેલી સ્તુતીનો સવારમાં ઉઠી જે પાઠ કરે છે તેનાં પાપો નાશ પામે છે. નઠારાં સ્વપ્ન સારૂ ફલ આપે છે, કૃષ્ણમાં પુત્ર તથા પાત્રને વધારનારી ભક્તિ થાય છે અપકીર્તિ ક્ષય પામે છે, અને થોડા વખતમાં સત્કીર્તિ વધે છે. આસન ઉપર બિરાજેલા પછી વિષ્ણુ તે કૃષ્ણની પાસે થર થરતા તે આસને શ્રી કૃષ્ણનાં ચરણકમલમાં નમાવ્યો. તે વખતે શ્રીકૃષ્ણે પૂછ્યું આ કોણ છે કયાંથી અહિ આવ્યો છે અને શા માટે રૂવે છે ! ગોલોકમાં કોઇ પણ દુઃખ પામતો નથી ને ગોલોકમાં વસનારા સર્વે સદા આનંદમાં નિમગ્ન હોવાથી સ્વપ્નમાં પણ નઠારા સંબંધવાળી દુષ્ટ વાત સાંભળતા નથી; માટે હે વિષ્ણુ ! નેત્રો માંથી આંસુ કહાડતો આ કેમ મારી આગળ દુઃખિત રહેલો વારંવાર રૂવે છે ? શ્રી નારાયણ બોલ્યા—નવા મેઘના મંડલના સરખી મનોહર, ગોલોકના નાથનું વચન સાંભળી વિષ્ણુ સિહાસન ઉપરથી ઉઠી સઘળું, મલપાસનું દુઃખ કહેવા લાગ્યા. વિષ્ણુએ કહ્યું-હે

વૃંદાવનના ચંદ્ર હે મુરલીને ધારણ કરનાર શ્રી કૃષ્ણ, તમારી આગળ અધિક માસનું દુઃખ કહું છું તે સાભળો આ ધણી વગરનો છે માટે એને લઇ હું અહિં આવ્યો છું આપ આના આકરા દુઃખ રૂપિ વનના અગ્નિને દુર કરો. આ સુર્યની શંક્રાતિથી રહિત, અધિક માસ છે. વળી આ, નિપણી માતા મેલો અને સદા સારાં કર્મમાં ના લાયક મહિનામાં સ્નાન કરવું નહિ, આ પ્રમાણે સ્વામિના ગર્વ· વાલા સઘળાં, વનસ્પતિ વેલ્યો વગેરે, બાર માસ કલા, કાષ્ટા લવ વગેરે, અયન તથા બધાએ તિરસ્કાર કરાયલો છે. આવા દુઃખરૂપ અગ્નિથીજ બળેલો આ મરવાને તૈયાર થયો, પછી બીજા દયાળુઓએ મોકલેલો મારી પાસે આવ્યો. હે ઇંદ્રિયોના અધિપતી ! શરણની ઇચ્છાથી થરથર કંપતો વારેવારે રોતો, સઘળું આડ વગરનું દુઃખ જણાવવા લાગ્યો આનું મોટું દુઃખ આપના વિના નિવારણ થાય એવું નથી.

અશરણ વગરનાને હાથ ઉપર કરી આપની પાસે આવ્યો છું. આપ પારકાનું દુઃખ ખમી શકતા નથી આવું વેદને જાણનારાઓ કહે છે માટે આને કૃપાથી અભય અને સુખી કરો. હે જગતના નાથ ! આપનાં ચરણકમળને પામેલો શોક કરતો નથી આવું વેદને જાણનારાનું વચન કેમ ખોટું થાય ? મારે માટે પણ આના દુઃખનું નિવારણ કરવું જોઈએ. હું સઘળું છોડીને આવ્યો છું. માટે મારૂં આવવું સફલ કરો. ક્યારે પણ પ્રભુની નજીકમાં વારંવાર બોલ્યા કરવું નહિ આવું હમેશાં નીતિમાં કુશલ, મોટી બુદ્ધિવાળાઓ કહે છે માટે વધારે કહેતો નથી. આ રીતે સર્વાત્મા કૃષ્ણને જણાવી બે હાથ જોડનારા વિષ્ણુ તેનું મુખકમલ જોતાં ભગવાનની પાસે ઉભા રહ્યા. ઋષિયો બોલ્યા હે સૂત ! હે સૂત ! તમે મોટું દાન કરનાર છો કે જેનાં મુખથી અમે સેવવા યોગ્ય, વિષ્ણુની લીલાની

કથા રૂપ અમૃતને પિયે છિયે માટે ઘણા વર્ષો સુધી જીવો. હે સુત ! ગોલોકમાં વસનારાએ શું કહ્યું ? તથા શું કર્યું એ કહો કેમકે વિષ્ણુ ને શ્રીકૃષ્ણનો સંવાદ સર્વ લોકનું ભલું કરનારો હોય છે. હે સુત ! બ્રહ્માના પુત્ર નારદે ઋષિયોમાં મુખ્ય એવા નારાયણને શું પૂછ્યું તે હવે કહો, તે નારદ મોટા ભગવદ્ભક્ત અને તપ કરનારા નારાયણના શરીર રૂપ છે માટે તેણે પૂછેલું વચન ઉત્તમ ઔષધ રૂપ હશે. આ પ્રમાણે બૃહન્નારદીયપુરાણનાં પુરૂષોત્તમનાં માહત્મ્યમાં શ્રીનારાયણ ને નારદના સંવાદ વિષે પુરૂષોત્તમ વિજ્ઞતિ નામનો છઠો અધ્યાય થયો. ॥ ૬ ॥

અધ્યાય ૭ મો.

સુત બોલ્યા—હે તપોધન ! તમોએ જે પ્રશ્ન કર્યો તે તુરત જનારા નારદે કર્યો હતો અને જે ઉત્તર ઈશ્વર નારાયણે કહ્યો હતો તે કહું છું. નારદ પુછયું—હે બદરીકા શ્રમના અધીપતી ! જ્યારે વીષ્ણુ બીજાનું અપાર બીજાનું દુખ જણાથી મૌન રહ્યા ત્યારે શ્રેષ્ટ પુરૂષોત્તમે શું કર્યું ? તે હવે કહો. શ્રી નારાયણે કહ્યું—હે વત્સ નારદ ! હમેશા આસ્તિક, સાભળવાને ચાહનાર, અને કપટથી રહિત સારા વાક્યને કહેવું જોઇએ માટે ગોલોકના પતિએ વિષ્ણુને જે કહ્યું તે છાનું છે તે છતાં પણ કહું છું આ સારી કીર્તિને પુણ્યનો યશને, સારા પુત્રને દેનાર, રાજાઓની વંશ વૃદ્ધિ કરનાર, દરીદ્રપણાને ટાલવામાં દાવાગ્નિરૂપ, અને મોટાં પુણ્યવાળાઓએ અનન્ય ભક્તિથી સાંભળવા તથા કરવા યોગ્ય છે. પુરૂષોત્તમ બોલ્યા હે વિષ્ણું ! આપ મલમાસને હાથમાં ધરી જે અહિં પધાર્યા તે સારૂં કર્યું, આથી જગતમાં કીર્તિ પામશો, આપે જે જીવને અંગીકાર કર્યો છે તે મેં પણ કર્યો છે, આથી આને સર્વના ઉપર ગુણે

કીર્તિ, મહિમા છ ઐશ્વર્ય, પરાક્રમી, ભકતોના વરદાન, અને બીજાપણુ મારા ગુણોથી મારી બરાબર કરૂં છું. જે રીતે હું આ ગુણોથી જગતમાં પુરૂષોત્તમ પ્રસિદ્ધ છું તે રીતે આ પણ લોકોમાં પુરૂષોત્તમ નામથી પ્રસિદ્ધ થશે. હે મધુદૈત્યને મારનાર વિશ્ણુ ? મારામાં જે ગુણો છે તે બધાએ મેં આને અર્પણ કર્યાં છે.

લોક તથા વેદમાં મારૂં પુરૂષોત્તમ નામ પ્રસિદ્ધ છે તે પણ આપની પ્રસન્નતા માટે મેં આને આપ્યું છે અને હુંજ આનો સ્વામી થયો છું, અનાં નામથી તમામ જગત પાવન થશે, આ માસ મારીં સમાનતા પામવાથી માશોનો અધિપતિ થશે. વળી વિશ્વમાં પુજવા, નમવા યોગ્ય અને સવ્રગ પુજનારાઓનાં દુઃખ તથા દરિદ્રતાને ખંડનાર થશે. મહિનાઓ સકામ અને મેં આને નિશ્કામ કર્યો છે એટલુંજ નહિ પણ મેં મારી બરોબર, સર્વ લોકોનો મોક્ષને આપનાર કર્યો છે. કામનાથી રહિત અથવા સર્વ કામનાવાળો જે અધિક માસને પુજશે તે કર્મોને બાળી નિઃસંદેહજ પામશે. હે ધ્વજઉપર ગુરૂડને ધરણુ કરનાર વીષ્ણુ ! જે માટે મહા ભાગ્યવાન યતીયો, બ્રહ્માચારીયો, અને મહાત્માઓ, અન્ન છોડી ફુલને પાંદડાં ભર રહી તપ કરે છે. વળી વર્ષાકાલમાં તમામ આશ્રયથી રહીત બીજા કામ ક્રોધને તજી ઇંદ્રીયોને જીતી ટાડ તડકાને સહન કરી યત્ન કરે છે તો પણ મારા તે અવીનાશી, ઉત્તમ પદને શકતા નથી. પુરૂષોત્તમનો ભક્ત તો મહીના માત્રમાં અનાયાસે ઘડપણ અને મૃત્યુથી રહીત, તે પદને પામે છે. આ પુરૂષોત્તમ માસ સર્વ સાધનોથી શ્રેષ્ઠ અને સર્વ કામનાઓના અર્થની સીદ્ધીને આપનાર છે માટે સેવવો. જે રીતે હળથી ખેરેલી જમીનમાં વાવેલાં બી કરોડોં ઘણાંવધેછે. તેરીતે મારા પુરૂષોત્તમ માસમાં કરેલું પુણ્ય ક્રોડ ઘણું વધે છે, કેટલાએક ચોમાસમાં યજ્ઞ ફળ વડેથી સ્વર્ગને પામે છે

અને ત્યાં અનેક્ષા સુખને મેળવી પાછા પૃથ્વીતલમાં આવે છે પણ જે આદરથી વીધી પ્રમાણે પુરૂષોત્તમને સેવન કરે છે તે પોતાના કુલને તારી સંદેહ વીના મનેજ પામે છે. મને પામેલો માણસ આ સંસારમાં મૃત્યુના ભયથી આકુલ, મનની પીઢા, રોગ અને ઘડપણથી જન્મને ફ્રી પામતો નથી. જેને પામી પાછો આવતો નથી તેં મારૂં ઉત્તમ ધામછે. આવું સત્ય વેદનું વચન છે તે કેમ મીથ્યા થાય? આ માસનો સ્વામી હું છું અને મેંજ આની પ્રતિષ્ઠા કરી છે. પુરૂષોત્તમ એવું મારૂં નામ છે તે પણ મેં આને બક્ષ્યું છે. માટે આના ભક્તોની રાત દિવસ મને ચિંતા છે અને મારે જે સઘળી તેના ભક્તોની મન કામના પૂર્ણ કરવી છે. કયારેક મારા ભક્તોનો અપરાધ ગણાય છે, પણ પુરૂષોત્તમના ભક્તોનો અપરાધ કયારે પણ ગણાતો નથી. હે વિષ્ણુ! મારી આરાધનાથી મારાઃભક્તોની આરાધના મને વ્હાલી છે. કોઇ વેળાએ મારા ભક્તની કામના દેવામાં હું ઢીલ કરૂં છું.

પણ મારા માસમાં ભક્તોની કામનાને દેવામાં કયારે પણ હું વાર લગાડનાર નથી કેમકે જે મારા માસના ભક્તો છે તે મને અત્યંત વ્હાલા છે આ મહિનામાં જે અતિ મૂર્ખ જનો જપ દાન સત્કર્મ ને સ્નાનથી રહિત, અને દેવ તીર્થ તથા બ્રાહ્મણોનો દ્વેષ કરનારા છે તેઓ દુર્ભાગ્ય વાળા, દુરષ્ટને બીજાનાં ભાગ્ય ઉપર જીવનારા થાય છે તેઓને કોઇ વખતે સ્વપ્નમાં પણ સસલાનાં શિગડાંની પેઠે સુખ નથી. જે મુરખ જનો, મારા વ્હાલા મલમાસનો તિરસ્કાર કરશે અને જેઓ ધર્મ આચરશે નહિ. તેઓ હમેશાં વસનારા થશે. જેઓ ત્રિજે ત્રિજે વર્ષે પુરૂષોત્તમ માસને પામી ધર્મ કરસે નહિ તેઓ કુંભીપાક નરકમાં પડશે. વળી આ લોકમાં દુઃખરૂપિ વનના અગ્નિમાં મહામુર્ખ જનો પુત્ર, પૌત્ર અને સ્રીથી થએલાં મોટાં દુઃ-

અને પામશે જેઓનો અજાણતાં શ્રીમાન અતિ પુણ્યરૂપ, મારો પુરુષોત્તમ માસજાય તેઓ શી રીતે સુખથી વધી શકે ? સારાં ભાગ્યવાળી જે સ્ત્રીઓ પુત્રનાં સુખ તથા સૌભાગ્ય માટે પુરૂષોત્તમ માસમાં સ્નાન, દાન અને પુજન વગેરે કરશે તેઓને હું સૌભાગ્ય, સંપત્તિ, સુખ અને પુત્ર આપીશ, જે સ્ત્રીઓનો મારા નામવાળો પુરૂશોત્તમ માસ નકામો જશે તેઓને હું અનુકુળ નહિ રહું, ધણીનું સુખ નહિ થાય, અને ભાઈ, પુત્ર તથા ધનનું સુખ સ્વ-પ્નમાં પણ દુર્લભ થશે. માટે સઘળાઓયે સંપુર્ણ મનથી સ્નાન પુજા ને જપ વગેરે વિસેષે કરીને અને દાન શક્તિને અનુસરિ કરવું. જે આ પુરૂષોત્તમ મહિનામાં ભક્તિથી મારી પુજા કરશે તે ધન તથા પુત્રનાં સુખને ભોગવ્યા પછી ગોલોકમાં વાસ કરનાર થશે. સઘળા મહિનાઓમાં આને ઉત્તમ કહ્યો છે માટે મારી આજ્ઞાથી સર્વ જનો મારા માસને પૂજશે. આ કારણથી હે લક્ષ્મીનાપતિ વિષ્ણું ! આપ અધિકમાસની ફિકર છોડી આ પુરૂષોત્તમને તુલના નથી એવા વૈકુંઠમાં શ્રી નારાયણ બોલ્યા-આવું રસિક કૃષ્ણનું વચન સાંભળી વિષ્ણુ બહુજ આનંદથી એ માસને લઇ નવા મેઘના સરખી કાંતિવાળા દેવને પ્રણામ કરી ઝટ ગરૂડ ઉપર બેસી પોતાને સ્થાનકે પધાર્યા. આ રીતે બ્રહન્નારદીય પુરાણમાં પુરૂષોત્તમમાહા-ત્મ્યના નારાયણને નારદના સંવાદમાં અધિકમાસ ઐશ્વર્ય મળ્યું આ નામનો સાતમો અધ્યાય પૂર્ણ થયો. ૭

અધ્યાય ૮ મો

સુત બોલ્યા—હે તપરૂપિ ધનવાળાઓ વિષ્ણુને શ્રીકુશણુનો સંવાદ સાંભળી પ્રસન્ન મનવાળા નારદે ફરીને પણ પ્રશ્ન કર્યો નારદ પુછવા લાગ્યા-હે પ્રભુ ! જ્યારે

રૂકિમણીનાપતિ વિષ્ણુ વૈકુઠમાં સીધાવ્યા ત્યારે તે પછી શું થયું ? તે અને આદિ પુરૂષ અર્જુન અને શ્રી કૃષ્ણનું સર્વ લોકોનું સદા હીતકારી વૃતાંત કહો. આવું પુછવાથી હર્ષ પામેલા મોટું જગતને આનંદ આપ નારૂં વૃત્તાંત એને કહેવા લાગ્યા શ્રી નારાયણ બોલ્યા-હે નારદ ! રૂકમીણીના નાથ વીષ્ણુ ગોલોક વાસીને મળ્યા પ છી આનંદથી સીધાવ્યા વઈકુંઠમાં અને ત્યાં જઈ તે અ ધીક માસને પણ પાસે વસાવ્યો જ્યારે ત્યાં તે નીવાસને પામ્યો ત્યારે તે સુખી થયો તથા માસનો અધીપતી બ નવાથી વીષ્ણુની સાથે રમવા લાગ્યો.

માયા ઉપર પ્યાર રાખનારા પ્રભુ એવા વીષ્ણુ મલ માસને બારે માસોમાં ઉત્તમ કરી મનથી પ્રસન્ન થયા. હે મુની ! એ પછી યુધીષ્ઠીર તથા દ્રૌપદીને કૃપાથી જોતાં ભ ક્તવત્સલ ભગવાન, કૃષ્ણે અર્જુનને આ વચન કહ્યું શ્રી કૃ ષ્ણ બોલ્યા હે રાજાઓમાં શ્રેષ્ઠ ! હું એમ જાણું છું કે તપોવનમાં આવવાથી દુઃખમાં દબેલા તમોએ પુરૂષોત્તમને આદર કર્યો નથી' વૃંદાવનના ચંદ્રરૂપ કૃષ્ણનો વ્હાલો પુરૂ ષોત્તમ માસ વનમાં રહેતાં તમારી પ્રસન્નતાથી ગયો; પણ ભય તથા દ્વેષવાળા તમોએ ભીસ્મ, દ્રોણ અને કર્ણથી ભયભીત મન હોવાથી તેને ઓળખ્યો નહી દ્વૈપાયન વ્યાસ થી પ્રાપ્તથયેલી વીદ્યાની આરાધનમાં તત્પર તથા યુદ્ધણું શો ભનાર અર્જુનઇન્દ્રકીલપર્વત પ્રત્યે ગયો ત્યારે તેના વીયો ગથી કલેશપામતાં તમોએ પુરૂષોત્તમને જાણ્યો નહી પણ હવે શું કરીશ કાય ? માટે અદષ્ટનો આશ્રય કરો.

જેવું પુરૂષોનું ભાગ્ય હોય છે તેવું હમેશાં, ભાસે છે, અદષ્ટથી ફુલ જરૂર ભોગવવું પડે છે. મનુષ્યોને અદષ્ટ થી સુખ, દુઃખ, ભય અને કલ્યાણ પ્રાપ્તી થાય છે માટે એ પણ હાલ અદષ્ટમાં આસ્થા રાખી સદા સ્થીતી કરો. વ ળી હે મહારાજ ! બીજું પણ તમારા દુઃખનું કારણ છતીઃ

હાસ સહીત કહું છું તે મારાં મુખથી સાંભળો શ્રી કૃષ્ણ બોલ્યા—આમહાભાગ્યશાળી દ્રૌપદી પુર્વજન્મમાં મેધાવી નામના શ્રેષ્ઠ બ્રાહ્મણથી સારા ભાગ્યભાગવાળી સુંદર પુત્રી જન્મી હતી, હે રાજન તે કેટલાક વખત જતાં રૂપને સૌંદર્યથી શોભીત, નેત્રના કટાક્ષથી શોભનારી દશવર્ષની થઈ ચતુરતાના ગુણોથી સંપન્ન, ચતુરા એવી ગુણસુંદરી પીતાને એકજ પુત્રી હતી તેથી બહુ વ્હાલી હોવાને લીધે પુત્રની પેઠે હમેશાં લાડ લડાવતાં કયારેપણ ઠપકો અપાતી નહતી. વળી સાહીત્ય શાસ્ત્રમાં પ્રવીણ અને નીતીમાં પણ નીપુણ હતી. તેની માતા પહેલાં સ્વર્ગમાં જવાથી પીતાએ હર્ષથી તેને પોષી હતી. તે બાળીકા પાસે રહેનારી સખીઓનું સુખ જોઈ તે વખતે પુત્ર તથા પૌત્રનાં સુખની ચાહનાથી મને આવું કયારે સુખ થશે એમ વીચારવા લાગી. શું કરવાથી મને ગુણને ભાગ્યના ખજાનારૂપ પતી સુખને આપનાર પ્રાપ્ત થાય અને તેના વડે મને કયારે સારા પુત્રો થાય ! આવો પુર્વે ભાગ્યે માંગી નાખેલો મનોરથ કરવા લાગી. હું કયા દેવોના અધીપતીને સેવું, કીંવા કયા મુનીની પાસે રહું, અથવા કયા તીર્થનો આશ્રય કરૂં, મારૂં ભાગ્ય કેમ ફરી ગયું કે કોઈપણ સ્વામી ચાહતો નથી.

અહો પંડીતછતાં પણ પીતા મારા ભાગ્યને વશ હોવાથી મુર્ખ છે કે જેણે વીવાહનો વખત આવ્યાં મને સમાન વરને આપી નથી. સખીયોના ટોળામાં અધ્યક્ષ એવી કુમારી હું દુઃખથી પીડાઉં છું, જે રીતે મારી સખીયોના સમુદાય સ્વામીના સુખને જાણનાર છે તે રીતે હું નથી. મારી ભાગ્યવાળી માતા કેમ પેહેલેથી મરી ગઈ? આ પ્રમાણે ચિંતાથી આકુલ બનેલી બાળકી મનોરથરૂપિ મહાસાગરમાંના ગોઢ રૂપિ જળમાં ડુબતાં શોક ને મોહ રૂપ મોજાઓથી પીડાતી હતી. ઋષિરાજ હતો એ મેધાવી ઋષિ ઉપર કન્યાને દેવાનાં કારણથી સમાન વરને શોધવા

ફરતો હતો, પણ તેના સરખો વર નહિ મળવાથી નિરાશ થયો. પુત્રીનાં અને પોતાનાં ભાગ્યથી સંકલ્પ રૂપિ પાંજરૂં ભાંગવાને લીધે ભાગ્યને યોગે તેને તીવ્ર, ભયંકર તાવ આવવા લાગ્યો. ફરકતાં સર્વ અંગોમાં જુદી પડી રહેલી તાપની જ્વાળાથી આકુલ શ્વાસોશ્વાસથી યુક્ત, મોટી દારૂણ મૂર્છાથી ઠેબાં ખાતો અને અત્યંત દારૂ પીવાથી ઉન્મત્ત બનેલાની પેઠે પૃથ્વિ ઉપર પડતો ઘેર આવતાંજ તે પૃથ્વિ તળે પડ્યો. જેટલી વારમાં ભયથી વિહ્વલ થયેલી પુત્રી, પિતાની પાસે આવી તેટલી વારમાં બ્રાહ્મણ તેને યાદ કરતો મરવાની વિચારણા કરવા લાગ્યો,

થનારા અર્થ કામના બળેથી કન્યાદાનન. પ્રસંગથી થયેલા મહોત્સવથી રહિત હોવાને લીધે એકદમ તેને કંપ થયો. પછી પૂર્વના ગૃહસ્થપણામાં કરેલા ધર્મના પરિશ્રમમાં કરેલા ધર્મના પરિશ્રમથી સંસારની વાસનાને તજીદેઇ તેણે વિષ્ણુના ચરણારવિંદમાં ચિત્ત લગાડ્યું મેધાવી તુરત કમળની પાંખડી સરખા શ્યામ, ત્રિભંગથી સુંદર આકારવાળા, પુરૂષોત્તમ એવા શ્રી વિશ્ણુનું સ્મરણ કરવા લાગ્યો. હે રાસના અધિપતિ ! રાધાના પતિ ! અતિ ભયંકર હાથરૂપિ દંડથી દેવતાઓના શત્રુઓને દુર ફેંકનાર ! અતિ ઉગ્ર દાવાનલનું પાન કરનાર ! કુમારિકાઓયે ઉતારેલાં વસ્ત્રોને હરનાર ! ગોપના ઇન્દ્ર ! દુખને હરનાર ! સુર દૈત્યના શત્રુ ! રાધાના નાથ ! જેના ઉદર ઉપર દામ રહેલ છે એવા, અને દીનોના નાથ, હે શ્રીકૃષ્ણ ! ઇન્દ્રયોના અધિપતિ એવા આપને વારંવાર પગે લાગું છું, માટે સંસારરૂપિ સમુદ્રમાં ડુબતાં મને બચાવો. આવું દુરથી મુનિનું બોલવું સાંભળી ઝટ ભગવાનના દુત વિષ્ણુના લોકથી આવ્યા અને તે પછી મરેલા મુનિને હાથમાં લઇ ઇશ્વરનાં ચરણ કમળ હજુર ગયા. પ્રાણને ઉડી જતા જોઇ 'હાય હાય' એમ તે પુત્રી રોવા લાગી.

પિતાના દેહને ખોળામાં લઈ બહુ દુઃખ પામતાં વીલાપ કરવા માંડી. તે બાળકી તો ટીટોડીની પેઠે ઘણી વાર વીલાપ કરી અતી કષ્ટ વડે વીહ્વલ બની જીવતાને કહે તેમ પીતા પ્રત્યે બોલી બાલાએ કહેવા માંડયું-હે કૃપાના સમુદ્ર અને પુત્રીને આનંદ દેનારા પીતા ! આજ કોના ખોળામાં મને રાખી વીષ્ણુ ધામમાં ગયા છો ? હે બાપ ! કોણ મને પીતા વગરની હોવાથી સંભાળશે, મારે ભાઈ નથી મારે તપસ્વી મા પણ નથી. હે તાત ! કોણ હવે જમાડવામાં અને વસ્ત્ર ઓઢાડવામાં મારી ફીકર કરશે ! હે મુની શ્રેષ્ઠ ! તમારા મનુષ્યો વગરના અરણ્યના સરખી શુન્ય તથા વેદના અવાજ વગરના આશ્રમમાં હું કેમ રહી શકું ! માટે હવે મરી જઇશ. મારે જીવવાની શી જરૂર છે ? હે દીકરી ઉપર સ્નેહ રાખનાર ! તપના ખજાના રૂપ હે પીતા ! વીવાહ વીધી કર્યા વગરજ કયાં ગયા છો; માટે હે તાત ! આંહીં આવો.

હે તાત ! હમણાં ઘણી વારથી સુતા છો માટે ઉભા થાઓ, ઉભા થાઓ, કેમ ચુપ રહ્યા છો ! અમૃત સરખી વાણી બોલો, આવું કહી આ બાલકી વારંવાર વિલાપ કરવા લાગી, અને ટીટોડીના સરખી અતિ દુઃખ પામેલી પીડાવાળી તે છુટે મહોડેથી રોવા લાગી. તે પુત્રીનું રોવુ સાંભળી તે વનમાં વસનારા તપસ્વિ બ્રાહ્મણો આ તપોવનમાં કોણ અત્યંત દયા ઉપજાવે એવું રૂવે છે ? એમ ધારી ફરીથી મેધાવિઋષિની પુત્રી શબ્દનો નિશ્ચય કરી ઉતાવળ સહિત, હાહાકાર કરતા ત્યાં આવ્યા. આવીને સઘળાઓયે પુત્રીના ખોળામાં રહેલા મરેલ મુનિને જોયા ત્યારે વનમાં રહેનારા તમામ મુનિયો રોવા લાગ્યા. તેઓએ પુત્રીના ખોળામાંથી મડદાને સ્મશાનમાં શિવની નજીક લઈ જઈ અંતે કરવાના યજ્ઞના વિધિથી લાકડાં ખડકીને બાળ્યું બાળીને આવ્યા પછી કન્યાને દીલાસો દઈ તે સઘળાઓ

પોતાને ઘેર ગયા અને કન્યાએ ...
કારજ કર્યું. આ પ્રમાણે પીતાની પરલોક સંબંધી દેહની પાછળ કરવાની ક્રિયા પુરી કરી પુત્રીએ વનમાં નિવાસ કર્યો, વાઝેલી કેળ સરખી તે કોમળ બાળકી વાછડાના મરવાથી જેવી ગાય નિસ્તેજ થઈ જાય, તેવી પીતાથી થએલી દુખરૂપ વનના અગ્નિથી બળેલી પીડા પામતી હતી. આ પ્રમાણે બ્રહન્નારદીય પુરાણનાં પુરૂષોત્તમ માહાત્મયમાં શ્રી નારાયણને નારદના સંવાદ વિષે કુમારી વિલાપ નામે આઠમો અધ્યાય પુર્ણ થયો. ૮

અધ્યાય ૯ મો.

સુત બોલ્યા—ત્યારે પછી નારદ મુનિએ તેને મેધાવિ નામના શ્રેષ્ટ બ્રાહ્મણની પુત્રીનું વૃત્તાંત પુછ્યું હે મુનિ! મુનિની પુત્રીએ તે તપોવનમાં શું કર્યું અને કયા ઉત્તમ મુનિયે તેનું પાણી ગ્રહણ કર્યું ? શ્રી નારાયણ બોલ્યા—પોતાના પીતાને યાદ કરીને વારેવારે શોક કરતાં તે ત્યાં વસતાં તેનો કેટલોક વખત ગયો. ટોળામાંથી જુદી પડેલી મૃગલીની પેઠે એકલી શુન્ય ઘરમાં બેઠેલી, આંસુઓના પ્રવાહથી પુર્ણ નેત્રોવાળી, બળતાં હૃદયકમળ વાળી કંડીયામાં રૂંધેલી સર્પીણીના સરખી નિશ્વાસ નાખવામાં તત્પર, દીન, વીચારતાં દુખનો પાર નહિ જોતી, પાતલા પેટવાળા તે કન્યાની પાસે ભવિષ્યનાં બળે મોકલેલા, સમર્થ, ક્રોધી મુની એની મેળે તે વનમાં આવ્યા, જેની દ્રષ્ટિ માત્રથી સો યજ્ઞ કરનારો ઇંદ્ર પણ ત્રાસ પામે. જાણે સાક્ષાત સદાશિવ હોય તેમ જટાથી ઢંકાએલા છે. હે રાજેન્દ્ર! તમારી આ માતાને અતિ પૂજા કરવાથી ઘણાજ રાજી થઇ દેવતાઓને આકર્ષણ કરનારી વિદ્યા (મંત્ર) આપી હતી. કૃષ્ણ કહે છે હે પૃથ્વીના પાલનાર રાજા ! (અને નારાયણ કહે છે

હે નારદ !) જેને સર્વ દેવતાઓ નમે છે એવો હું છું તેને પણ સાક્ષાત રૂકિમણીની સાથે રથમાં જોડયો હતો જ્યારે બેઓયે માર્ગમાં દુર્વાસાથી યુક્ત રથ ચલાવ્યો ત્યારે અતિ તરશથી તાલવું અને હોઠરૂપ પડીયો સુકવાને લીધે પુર્ણે જેની ખાંધ ઉપર ધોંસરૂં રહેલું હતું એવા એ રૂકિમણીએ પાણી પીવાની મરજી મને જણાવી. પ્રિયાના પ્રેમથી ભિંજાતાં ને ચાલતાંજ પગના આગલ્યા ભાગથી પૃથ્વિતલને દાબી ભાગ્યવતી ગંગાને બેહા કરી, હે માહારા જ ! તે ઊચે ગતિ કરનાર બની તેટલાંજ પાણીથી ઉગ્ર, રૂકિમણીની તૃષાને મટાડનાર થઈ. તે જોઈ તેજ ક્ષણે થયે લા ક્રોધથી બલતા હોય તેમ પ્રલયના અગ્નિની પેઠે ઉભા થયેલા ક્રોધી મુનિએ શાપ આપ્યો.

અહો શ્રી કૃષ્ણ ! જેથી તમને રૂકિમણી સદા અ ત્યંત વ્હાલાં છે તેથી પ્રિયાના પ્રેમ વડે ભિંજાતાં તમે મારૂં અપમાન કરી પોતાની મોટાઈ બતાવતાં પાણી પાયું, માટે તે સ્રી પુરૂષનો જરૂર વિયોગ થશે, આ પ્રમાણે હે યુધિષ્ઠિર ! જેણે મને શાપ આપ્યો હતો તેજ મુનિયોમાં શ્રેષ્ઠ સાક્ષાત રૂદ્રના અંશથી પેદા થયેલ જાણે બીજા કાલ રૂદ્ર હોય તેમ રહેલા, અત્રિઋષિના ઉગ્રતપ રૂપિ કલ્પવૃક્ષના દેવતાઈ ફલરૂપ, પતીવ્ર તાઓનાં મસ્તકના રત્નરૂપ અનસુયાના ગર્ભથી ઉત્પન્ન થયેલ, જાણે શરીરને ધરવા કરનાર તપ હો ય તેમ દુર્વાસા નામે ધારણ યુક્ત બુદ્ધિવાળા અનેક તીર્થો ના જલથી ભિંજાએલ જટાથી શોભીત સારા મસ્તકવાળા મુની હતા તેને આ વતા દેખી કુમારીકા શોકરૂપી સમુદ્રથી બહાર નીકળી ઉભી થઈ. ધીરજથી મુનીના ચરણોમાં મા થુ નમાવી, જે રીતે જનકની પુત્રી સીતા વાલ્મિકને લા વી હતી તે રીતે પેતાના આશ્રમમાં લાવી બાલકી અર્ઘ્ય પગ ધોવાનાં જલ, જુદી જુદી જાતનાં વનનાં ફલ અને

ફુલોથી તથા સ્વાગત પ્રશ્નથી આદર સહીત મુનીનો સત્કાર કરવા લાગી. પછી હે રાજન ! મુનીને કન્યા વીનય સહીત બોલી બાલકીએ કહ્યું-હે મહાભાગ અત્રિ ઋષીના ગોત્રમાં સુર્ય રૂપ આપને નમસ્કાર થાઓ. હે રાજન ! હું દુર્ભાગ્યવાળી છું છતાં મારા આશ્રમમાં કયાંથી પધારવું થયું હે મુની ! આપના પધારવાથી મારા ભાગ્યનો ઉદય થયો અથવા મારા પીતાના પુણ્યોના પ્રવાહે પ્રેરણા કરવાથી મુનીયોના શ્રેષ્ઠ એવા આપ મારી સંભાળ લેવાજ આવ્યા આપ સરખા મહાત્માનાં તીર્થ રૂપ ચરણની રજને અડવાથી મારો જન્મ સફળ થયો અને આજ મારૂં વ્રતપણ સફળ થયું આપના જેવા મોટા પુણ્યવાળા મારી દૃષ્ટિના માર્ગમાં આવ્યા માટે આજ મારો સંસાર સફલ થયો. આવું કહી તે બાલકી તેની આગળ ચુપ થઈ ઉભી રહી અને દુર્વાસા મુની મંદહાસ્ય સહીત બોલ્યા દુર્વાસાએ કહ્યું હે બ્રાહ્મણની પુત્રિ ? તેં પીતાના કુલનો ઉધ્ધાર કરયો તું આવી પુત્રી છે એ મેધાવિ ઋષિના સારાં તપનું ફળ છે.

તારૂ ધાર્મિક સદા ચરણ જાણી હું કૈલાસથી આવ્યો અને તારા આશ્રમને પામવાથી તે મરૂં સારી રીતે પુજન કર્યું હે ગુણોથી ઉત્તમ સ્ત્રી હવે હું લોકને કારણે એકાગ્ર, અતી, આકરૂં તપકરનાર સનાતન, મુનીયોના ઇશ્વર દેવ નારાયણનું દર્શન કરવા ઉતાવલથી બદ્રીકાશ્રમ જઇશ. બાલકી બોલી-હે ઋષિ આપના દર્શનથીજ મારો શોક રૂપ સમુદ્ર સુકાઇ ગયો. હવે પછી સારૂં થશે; કેમકે આપે મારી સંભાળ લીધી. હે દયાના સાગર ! હે મુની ઉત્પન્ન થયેલ મોટી ઝાલવાળા દાવાગ્નિને જાણો છો માટે તેને શાંત કરો. ઘણું વીચારી જોતાં કશું પણ મારા હર્ષનું કારણ જણાતું નથી. જે મને ધીરજ આપે તે માતા નથી. પીતા નથી, અને ભાઇ પણ નથી આમ દુઃખસાગરમાં પીડાતી હું કેમ જીવી શકુ હે તપના ખજાના રૂપ !

જે જે દીશા જોઉ છું તે તે મને શુન્ય ભાસે છે. માટે તરત મારા દુઃખનું નીવારણ કરો કોઈ પણ પાણીગ્રહણ માટે મને ચાહતો નથી, આથો હવે પછી શું મારી દશા થશે એવી મને મોટી ધાસ્તી છે હે બ્રહ્મ દેવ ! તે કારણ થી મને નીંદ્રા આવતી નથી. જમવામા રૂચીથતી નથી અ ને મરવાજ ઈચ્છુ છું. આ પ્રમાણે કહી જેના મુખ ઉપર આંસુ આવેલાં છે એવી બાલકી તેમની આગળ બોલતા બંધ પડી તે સમયે દુર્વાસા તેના ઉપાયને માટે વીચારવા નારાયણ બોલ્યા-આવું સુની દુર્વાસા વેદને વીચારી ઘણી કૃપાથી બાળકીને જોઇ કઈ પણ સારરૂપ હીતકારી વચન બોલ્યાં. આ વી રીતે શ્રી કૃષ્ણે બ્રહન્નારદીય પુરાણના પુરૂષોતમના મહાત્મ્યમાં દુર્વાસાનું તપોવનમાં આવવું આ નામનો અધ્યાય પુર્ણ થયો. ૯

અધ્યાય દસમો.

નારદ બોલ્યા—હે તપના ભંડાર મોટા તેજસ્વી ! ક્રેધી મુનીયે શું વીચાર કરી તે ઋષિની કન્યાને કહ્યું તે મને કહો સુત બોલ્યા-હે બ્રાહ્મણો ! નારદનું બોલવું સાંભળી બદરીકાશ્રમના સ્વામી સૌનું તથા સર્વેનું હીતકારી દુર્વાસાનું વચન કહ્યું શ્રીનારાયણ બોલ્યા-હે નારદ ! તે વખતે મુનીયેં મેધાવીની પુત્રીનુ દુખ ટાળવા જે કહ્યું હતું તે હું કહું છું માટે સાંભળો દુર્વાસા બોલ્યા-હે સુંદરી ! હું કોઇને પણ કહેતો નથી, ફક્ત તારે માટે વીચારે છે જે તારાથી ઘણું ને મોહું છે તે તને કહું છું માટે સાંભળ વીસ્તાર નહી કરતાં ટુંકાણમાંજ તને કહું છું કે હે સારાં ભાગ્યસાળી ! આજથી ત્રિજોજ નાસ પુરૂષોત્તમ છે, તેમાં તીર્થ વીષે ન્હાહેલો નર ગર્ભહત્યાથી છુટે છે, હે સુંદરી ! એની બરોબર કાર્તિક વગેરેમાં બીજો કોઈ પણ મહીનો

નથી, તમામ મહીના, પખવાવાડીયાં અને જે જે પર્વ છે તેઓ પુરૂષોત્તમ મહીનાના સોળમા ભાગને પણ લાયક નથી, સાસ્ત્રોમાં કહેલાં, જે સઘળાં સાધનો છે, તેઓ પણ આ માસના સોળમા ભાગે લાયકાત ધરાવતાં નથી, હે સુંદરી ! બાર હજાર વર્ષ ગંગામાં ન્હાવાથી ગોદાવરીમાં એકવાર ન્હાવાથી જે ફળ થાય તેજ ફળ પુરૂષોત્તમ મહીનામાં હરકોઈ ઠેકાણે પણ એક વાર ઠીક ન્હાયાથી ફળ મળે છે. હે બાળકી ! નામે કરી પુરૂષોત્તમ માસ શ્રી કૃષ્ણને વ્હાલો છે માટે તેને સેવવાથી સઘળી મન કામના પુરણ થાય છે. હું પણ હર્ષથી પુરૂષોત્તમની પેઠે આ પ્રસીદ્ધ માસને સેવું છું તેથી તું તે પુરૂષોત્તમ માસને સેવ આલકી ! એક દીવસે મેં ક્રોધથી અંબરીષ રાજાને બાળી નાખતા કૃત્યાં શકિત મોકલી, ત્યારે વીષ્ણુએ મનેજ સાવ બાળી નાખવા તે વચતે પ્રકાશ પામતું સુદર્શન ચક્ર મારી તરફ મોકલ્યું તે ચક્ર પુરૂષોત્તમનાં વૃતથીજ પાછું વળ્યું હે સુંદરી ! ત્રણુ લોકને સાવ બાળી ભસ્મ કરવાને સમર્થ તે ચક્ર જ્યારે મને કશું નહી કરી શકયું ત્યારે મને આશ્ચર્ય થયું. માટે હે સારાં ભાગ્ય વાળી ! શ્રીમાન પુરૂષોત્તમ માસને સેવ મુનીની પુત્રીને કહી મુનીઓમાં શ્રેષ્ઠ દુર્વાસા ચુપ રહ્યા શ્રીકૃષ્ણ બોલ્યા—હે રાજન ! ભાવીયેં પ્રેર્યા કરેલી અને ગુરુમાં દોષ ઠરાવવાની બુદ્ધિ એ પ્રેરેલી હોવાથી મનમાં ક્રોધ પામેલી આલકી દુર્વાસાને કહેવાલાગી

બાલકી બોલી- હે મુની ? હે બ્રહ્મદેવ ! આપે જે કહ્યું તેમને ઠીક લાગતું નથી. કેમ માઘ વગેરે મહીના કશું નહી કરી શકે ? કાતિક માસને ન્યુન છે એમ કેમ કહેવાય ? તે કહો વૈશાખ માસને સેવવાથી શું સારી કામના નથી દેતા ? શું વળી સદાશિવ વગેરે દેવતાઓ સેવા કર્યાથી શું ફળને આપતા નથી ? વળી મને વ્યતીપાત વગેરે યોગોને તથા શીવ વગેરે સઘળા દેવોને ઓલંગીને

બોલતાં આપને શરમ કેમ થતી નથી ? હે મુની ! આ માસ તો મેલો, સર્વ કામમાં નિંદા પામેલ. સૂર્યની સંક્રાંતીથી રહીત, છતાં તેને ઉત્તમ કેમ કરો છો. હે પૃથ્વિના દેવ ! હું ઉત્તમ એવા શ્રી વીષ્ણુને સર્વ દુખોના પારને આપનાર જાણું છું પણ દીવસ રાત્રી વીચારતાં બીજાને દેખતી નથી. સીતાના પતી રામથી અને પાર્વતીના પતી શંકરથી બીજો કોઈ પણ મોટો દેવ નથીકે જે મારાદુખને દુર કરે. હે વિપ્રોના સ્વામિ! હે મુનિ! એઓને છોડી કેમ મલમાસને વખાણો છો ? આવું તેમેધાવીની પુત્રીએ કહ્યું. ત્યારે તે ક્રોધથી રાતાં નેત્રવાળા થયા, તો પણદયા આવવાથી મીત્રની દીકરી જાણી શાપ આપ્યો નહિ, આ અપુર્ણ બુદ્ધિવાળી હોવાથી હિત અહિતને જાણતી નથી. પુરૂષોત્તમની મોટાઈ વિદ્વાનોને પણ દુખે કરી જણાય એવી છે ત્યારે ઓછી બુદ્ધિવાળા પુરૂષો તથા વિશેષે કરી કુમારીકાઓ ન જાણી શકે એમાં શું કહેવું ? આ પિતાથી રહિત, અને દુખરૂપિ અગ્નિથી શેકાયલી બાલકી મારા અતિ આકરા શાપને કેમ સહન કરી શકે ? આ કારણથીજ કૃપા વડે મનમાં રહેલો ક્રોધ દુર કરી સ્વસ્થ બની મુની અતી વિહ્વલ તે બાલકી પ્રત્યે બોલ્યા. અહો બાલકી તું મિત્રની પુત્રી હોવાથી તારે વિષે મને કોઈ પણ રીતનો ક્રોધ નથી. હે ભાગ્યરહિત ! તને ઠીક લાગતું હોય તે મરજી મુજબ કર બીજું, હે બાલકિ ! થવાનું ભવિષ્ય કહું છું તે સાંભળ, તેં જે પુરૂષોત્તમ માસનો તિરસ્કાર કર્યો, માટે સર્વ પ્રકારે તેનું ફળ આ અથવા બીજા જન્મમાં થશે. હવે પછી હું નરનારાયણના આશ્રમમાં જવાનો છું હે બાળા ! જે કારણથી તારો પિતા મારો મીત્ર હતો તે કારણથી મેં તને શાપ આપ્યો નથી તું બાલપણથી હીતાહીતને કે સારા નઠારાને સમજતી નથી તારૂં કલ્યાણ થાઓ. હું જઈશ. મારો વખત નકામો ન જાઓ. સારૂં

નઠારૂં જે થવાનું હોય છે તે ક્રોધથી પણ બંધ પડા નથી. શ્રીકૃષ્ણ બોલ્યા— આમ કહી તરત દુર્વાસા ચાલ્યા અને તેજ વખતે પુરૂષોત્તમની નીંદાથી તે નીસ્તેજ બની. ઘણો કાલ વીચારી તત્કાલે ફળને આપનારા, દેવોના અધીપતી, પાર્વતીના પતી શીવને સેવું. આ પ્રમાણે મનથ નીશ્ચય કરી, હે નૃપ ! મેધાવીની પુત્રીએ આશ્રમમાં રહી ને દુખે કરાય એવો તપ કરવાની વીચારણા કરી સુત બોલ્યા ઋષીની પુત્રી અતી બળવાન દુર્વાસા મુનીનાં વચ નને નીંદી બહુ ફળને દેનારા લક્ષ્મીના પતી વીષ્ણુને અને સાવીત્રીના પતી બ્રહ્માને પણ તજી પોતાના વનમાં અંધ કાસુરના શત્રુ શીવની સેવામાં ઉત્સુક થઈ. આ રીતે શ્રી બૃહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ માસના માહાત્મયના શ્રી નારાયણને નારદના સંવાદમાં કુમારીનો શીવનાં આરાધન ઉદ્યોગનો દશમો અધ્યાય પુર્ણ થયો.

અગીયારમો અધ્યાય.

નારદ બોલ્યા—હે મહામુની ! એ કુમારીકાએ સર્વ મુનીયોથી પણ અતી દુખે કરાય એવું મોટું કર્મ કર્યું મને કહે શ્રી નારાયણે કહ્યું—પછી સાત પાંચમુખવાળા, સનાતન સાપનો ઘરેણાં વાળા વાળા નંદી ભ્રંગી ગુણોએ સેવેલા ચોવીશ તત્વો તથા [illegible] સ્તુતી કરતા આ ઠ મોટી સિદ્ધિયોએ અને પ્રકૃતી તેમજ પુરૂષે પ્રશંસતા જ ટા જુટથી શોભીત દેવ શીવનું ચીંતન કરતાં બાલકીએ અ તી ભયંકર તપ આચર્યું તે શંકરને હૃદયમાં ધારી તેણે દુઃખે કાક એવુ તપકર્યું ઉનાળાના સુર્યતાપમાં પાંચઅગ્નિ ચોના વચમાં રહેલી તે બાળા જેવું જલમાં રહેલું કમળ શોભે તેવી શોભતી હતી. યુક્ત તેનાં વર્ષાકાળમાં આસ નવાળાં સ્થંડિલ ઉપર ઓઢયા વગર સુતી હતી અને પાત ળા શરીરવાળી તે બે સંધ્યામાં ધુમાડાનું પાન કરતી હતી તેનું તપે કરીનેઈંદ્ર ચિંતાતુર થયો. હે રાજાએ નેશોભાવના

રાજપુત્ર આ રીતે ઋષિની પુત્રીને તપમાં પ્રવૃત્ત થયાં નવ હજાર વર્ષ વીતી ગયાં તેના તપથી પ્રસન્ન થયેલા, પાર્વતીના પતી. ભગવાન સદા શીવજીએ મેધાવીની પુત્રીને પોતાનું ઈંદ્રિયોથી અગોચર છે છતાં પણ રૂપ દેખાડયું તે જોઈને તપથી દુબલી થયેલી પણ તે બાલકી જેમ પ્રાણને આવ્યો જોઈ દેહ ઉઠે તેમ તરત ઉભી થઈ, અને તે વેળાએ તડકાથી કલેશ પામેલી પૃથ્વી વરસાદને પામવાથી જેવી સુંદર થાય તેવી હૃષ્ટપુષ્ટ બની ગઈ તે બાલકી દીન થઈને સદા શીવને વંદન કરવા લાગી.

અને ભક્તિવાળાં મનથી માનશીક ઉપચારો વડે વીશ્વરંજીત, જગતના નાથને પુજી સ્તુતી કરવા લાગી. અરે પાર્વતીના પતી ! હે પ્રાણીયોના ઇશ્વર ! હે ગૌરીશ્વર ? હું આપને નમું છું; હે ચંદ્ર સુર્ય અને અગ્નિથી શોભીત ત્રણ નેત્રવાલા ! રૂઢ માળાવાળા અને મારા આધાર રૂપ હું આપને નમું છું. અનેક સંતાપોથી પરાભવ પામેલાં અંગોની પીડાવાળો, ભયંકર સંસારરૂપી સમુદ્રમાં અત્યંત ડુબેલો અને દુર્જનરૂપ સર્પથી કાળ જેવી બીહામણી દાઢે દબાએલો માણસ. આપને સરણ પામવાથી છુટે છે. હે વીભુ ! દયાના નાથ ! ભુતોના ઇશ્વર ! ચંડીના પતી ! કલ્યાણરૂપ ! સંસારથી બચાવનાર ! પ્રાણના નાથ ! સમસ્ત શત્રુઓને હણનાર ! હણનાર ! પુત્રે સહિત કરનાર ! પ્રાણનાથ ! અરે હે પાપોને હણનાર ! આપને નમુંછું માટે જેણે બાણાસુરને પોતાનો કર્યો હતો અને જેણે મરેલી અલર્ક રાયની સ્ત્રીને જીવાડી હતી તે આપ મારુ દાસીનું રક્ષણ કરો. આ રીતે હે રાજા ! મન તથા વાણીથી સદા શીવની પ્રાર્થના કરી તપસ્વિ, મહાભાગ્યવાળી મેધાવીની પુત્રી બંધ પડી શ્રીકૃષ્ણે કહ્યું-તેણે કરેલી સ્તુતિ સાંભળવાથી અને અતી ઉગ્ર તપથી. પ્રસન્ન મુખ કમળવાળા, સદા શીવ તેને કહેવા લાગ્યા. હે મહાભાગ્યવાળી ! તપ કરના

રી ! હું પ્રસન્ન થયેલું માટે ખેદ ન કર. તારૂં કલ્યાણ થ શે, તારા મનમાં જે ચાહના હોય તે વર માગ તે સાંભળી ને હે રાજન ! મોટા આનંદમાં ન્હાએલી એ કુમારીકા અ તી પ્રસન્ન થયેલા સદાશીવ પ્રત્યે બોલી—હે દીના નથ ! હે પ્રભુ ! જો મારી ઉપર પ્રસન્ન છો તો મારૂં ચી ત ચેલું આપો. હે મહાદેવ ! પતી આપો, મને પતી આ પો, મને પતી આપો, હું પતીને વારંવાર માગું છું માટે પતી આપો મારા હૃદયમાં બીજું ઇચ્છેલું નથી. આવું શં કરને કહી તે સમયે ઋષિની પુત્રી ચુપ રહી. તે સાંભળી શીવ બોલ્યા—હે સુતીતી કન્યા ! મેં જે પોતાને મ્હોંડે ક હ્યું તે થશે, હે સુંદરી ! તેં જેથી હમણાં પાંચ વાર પતી માગ્યો, તેથી તારા પાંચ પતી શુરા, કર્મ ધર્મને જાણનારા સજ્જન, સત્ય પરાક્રમવાળા યજ્ઞકરનારા પોતાના ગુણોથી પ્રસીધી પામેલા, સત્ય પ્રતીજ્ઞાવાળા. જીતેંદ્રિય, અને ગુણો થી શોભનારા રાજા થશે.

શ્રીકૃષ્ણે કહ્યું—આવું તે મહાદેવનું અતી પ્યારૂં ન હી એવું વચન સાંભળી બોલતામાં કુશલ બાલકીએ નમ્ર થઇને કહ્યું—હે પાર્વતીના પતી ! આ પ્રમાણે મને લોકમાં અતી કાતુક ન જોઈયે; કેમકે એક સ્ત્રીને એકજ પતી હો ય છે. કયાંઇ એક પણ સ્ત્રી પાંચ પતીવાળી નથી જોઈ કે નથી સાંભળી, હે કૃપાના સમુદ્ર શંભુ ! હું આપની થઇને કેમ પાંચ પતીવાળી થાઉં ? મારે વીષે આપ આપું વચન કહેવા લાયક નથી કારણ કે હે પ્રભુ ! હે પ્રભુ ! આપની હું માટે આપનેજ શરમ લાગશે. આવું તેવું વચન સાંભળી શંકરે હસીને તેને કહ્યું—હે બીકણ ! તને આ જન્મમાં નહિં થાય પણ મેં જે કહ્યું તે બીજા જન્મમાં થશે, તેમાં તું તપનાં બળથી ઓશરીરથી નહી જન્મેલી થઇશ અને પતિવ્રી થઇશ સુખને પામ્યા પછી ઉત્તમ પદને પામીશ હે સારી ભમર વાળી ! પુર્વે તે

મારા વ્હાલા શરીરરૂપ જે દુર્વાસા છે તેનું અપમાન કર્યું છે, જો તે કોપાયમાન થાય તો ત્રણે લોકને બાળી નાખે, આવું છતાં તેં ઘણા અહંકારથી બ્રાહ્મણના તેજનું અપમાન કર્યું, વળી તે જેમાં શ્રીકૃષ્ણે પોતાથી પોતાનું સામર્થ્ય આપેલ છે એવો ભગવાનનો પ્યારો પુરૂષોત્તમ માસ કરેલો નથી.

હે બાલકિ ! હું બ્રહ્મા વગેરે દેવતાઓ, નારદ વગેરે તપસ્વિયો જેની આજ્ઞાને ઉઠાવનારા છીયે તેનો હુકમ કોણ લોપી શકે, તે લોકમાં માન પામેલા માસને હે મુગ્ધ તેં પુજ્યો નથી, આથી હે બ્રાહ્મણની પુત્રિ ! તને પાંચ પતી થશે. હે બાલકિ ! પુરૂષોત્તમનું ખંડન કર્યાથી આ માં ફેર થશે નહિ, જે તે માસની નિંદા કરે છે તે જરૂર ઘોર નરકમાં પડે છે. પુરૂષોત્તમના ભકત છે તેઓ પુત્ર, પૌત્ર અને ધનવાળા થઈ આ લોકને પરલોની સિદ્ધિને પામ્યા છે પામે છે અને પામશે ! અમે સમસ્ત દેવતાઓ પણ પુરૂષોત્તમને સેવિએ છીએ. હે સારા ભાગ્યભાગવાળી! જેની સેવાથી શ્રીકૃષ્ણ તરત પ્રસન્ન થાય છે તે સેવવા લાયક માસને કેમ ન સેવિયે ? અત્તિ ઉગ્ર મોટાઓનું વચન કદી ખોટું ન થાય. આવું કહેતાં શ્યામ કંઠવાળા શિવ તરત અંતર્ધાન થયા અને તે બાલકી ટોળાંથી જુદી પડેલી મૃગલીની પેઠે ચકિત થઇ સુત બોલ્યા—હે મુનીશ્વરો ! જેનો બાળ ચંદ્રમાના ચિન્હવાળો કપાળનો ભાગ છે એવા સદા શિવ પોતાની દીશામાં ગયા ત્યારે જેવી રીતે વૃત્રાસુરને મારનાર ઇંદ્રને હત્યા પીડતી હતી તેવી રીતે મુનીરાજની કન્યાને ચીંતા પીડવા લાગી. આ પ્રમાણે શ્રી વૃહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ માહાત્મયમાં શીવ વાકય નામનો અગીયારમો અધ્યાય પુર્ણ થયો. ॥ ૧૧ ॥

અધ્યાય ૧૨ મો.

નારદે પુછયું—હે નાથ ! જ્યારે નીલકંઠ શીવ ગયા ત્યારે બાલકીએ શેકથી શું કર્યું તે આ વીનીતને સાંભળ વાની ઈચ્છા છે માટે ધર્મની સીદ્ધી મારૂ કહો, શ્રીનારાય ણે કહ્યું—આવુંજ પુર્વે પાંડવે શ્રીકૃષ્ણને પુછયું હતું અને તેણે રાજાને જે વચન કહ્યું હતું તે મારા કહેવાથી સાંભળો શ્રી કૃષ્ણ બેલ્યા—હે રાજન ! આ રીતે શીવના જવાથી નીરતેજ, નીશ્વાસમાં તત્પર ભય પામેલી અને આંસુઓ સહીત નેત્રવાળી થયેલી તે તપ કરનારી બાળકી—હૃદય રૂપિ અગ્નિની જાજ્વલ્યમાન જાળથી સળગેલાં અંગવા ળી હોવાથી જેવી દાવાગ્નીવડે પાંદડાં વગેરે બળવાથી વે લ્યમ થઈ હોય તેવી બની આ રીતે રૂષીની પુત્રીને દુઃખ પામતાં બહુ વખત વહી ગયો, અને તે તેથી તાપસીને સમર્થ કાળે ઘેરી જેમ સર્પ ઉંદરના સ્થાનકને પોહોંચે તેમ દુઃખ પામતી તે કન્યાને તત્કાળ કાળ પ્રાપ્ત થયો. આ રીતે બલવાન કાળે તપ કરનારી કન્યાને વર્ષાકાળના વાદળાઓએ ઘેરેલા આકાશમાં રહેલી સુક્ષ્મ પર્વતની પેઠે તપશ્યાને તે રીતે પોતાના આશ્રમમાં તપથી જેના પગ બળી ગયા છે એવી તે નાશપામી તેજ વખતે ધર્મષ્ઠિ યજ્ઞસેન રાજાએ મોહોટા સર સામાનવાળો, ઉત્તમ યજ્ઞ ક- રવા માંડયો હતો. તેના યજ્ઞના કુંડમાંથી સોનાના સરખી ક્રાંતીવાળી, કુમારીકા પેદા થઈ તે આ દ્રુપદરાજાની પુત્રી દ્રૌપદી પૃથ્વીના સર્વ લોકોમાં પ્રસીદ્ધ થઈ છે જે પુર્વે રૂષીની પુત્રી હતી તે આ દ્રૌપદી રજન સ્વયંવરમાં રાજા ઓનું મંડલ ક્ષોભ પામવાથી ભીષ્મ કર્ણ વગેરે સઘળા ઘણા રાજા રાજાઓને તૃણરૂપ કરી અર્જુને મત્સયવેધ ક રેલો હોવાથી મેળવી તે આ ઉત્તમ સ્ત્રી; હે મુનિ દુષ્ટ દુઃશાસને ચોટલો પકડી કાનમાં ગુપ્ત રૂપ વચનો સંભળા- વ્યાં હે રાજન ! પુરૂષોત્તમનું અપમાન કરવાથી મે પણ

તેને ન ગણકારી જ્યારે મારે વિષે સ્નેહ કરી વારંવાર હે દામોદર ! દયાના સમુદ્ર ! હે કૃષ્ણ હે નાથ કલેશોના ટાળનાર આ મારા નામો ઉચ્ચરવા લાગી. હે ઇંદ્રિયોના અધિપતિ મને મા નથી.

બાપ નથ ભાઈયોના પુત્રોનો સમુદાય નથી, સખીઓ નથી, કુલની સ્ત્રી નથી, બેહેનનો પુત્ર નથી સગો નથી, અને પ્યારો પ્રાણનાથ નથી, સઘળું આપજ છો. હે ગોવિંદ ગોપીઓના નાથ હે પ્રભુ ! દુઃશાસન કલેશ આપે છે છતાં મારી ન્હાર કેમ નથી કરતા ? પુર્વે મે વિસ્મરણ કરેલી હતી તે પણ દુઃશાસને પરાભવ પમાયાથી પદની પુત્રી મારા સ્મરણને પામી. ત્યારે તત્કાલ ગરૂડઉપર બેસી ત્યાં આવી સ્થિતિ કરીને મેં હે રાજા ! એનાં અનેક વસ્ત્રો પુજ્યાં આ જે સદા મારામાં સ્નેહ કરનારી, વ્હાલી સતી અને મારા પ્રાણ સરખી સખી છે તે પણ પુરૂષોત્તમના તિરસ્કારથી મે તે આ દ્રૌપદીની ઉપેક્ષા કરી, કેમકે તે પુરૂષોત્તમના તિરસ્કાર કરનારને પાડું છું સર્વ કાર્યના ફળને દેનારો આ પુરૂષોત્તમ માસ સઘળી રીતે મુનિ તથા દેવતાઓએ પણ સેવવો જોઈએ ત્યારે મનુષ્યોએ સેવવો જોઇએ એ માટે ફરી શું કહેવું ! માટે આ આવતા પુરૂષોત્તમને સેવ. જ્યારે ચૌદમુ વર્ષ પુરૂં થશે ત્યારે તારૂં સઘળું સારૂં થશે હે પાંડવ મહારાજા ! જેઓએ આનો ચોટલો ઝાલ્યો હતો તેઓની સ્ત્રીઓના કેશને હું ક્રોધથી ઉતરાવિશ સઘળા દુર્યોધન વગેરે રાજાઓને યમરાજાને સ્થાનકે પહોંચાડીશ. તમે સર્વ શત્રુઓને ક્ષયકરી રાજા થશો લક્ષ્મી તેવી પ્યારી નથી, તેવા હલરૂપ હથીયારવાળા બળભદ્ર પ્યારા નથી, તેવાં દેવી દેવકી પ્યારાં નથી. તેવો પ્રદ્યુમ્ન પણ પ્યારો નથી, અને તેવો સાત્યકિ પ્યારો નથી; જેવા મને ભકતો પ્યારા છે તેવા કોઈ પણ પ્યારો નથી. જેણે મારા ભકતોને પીડયા તેણે સદા મને પીડયો

છે. તેના જેવો બીજો મારો દ્વેષી નથી. યમરાજા તેના ફળને આપે છે અને હે પાંડવ ! હું તે દુષ્ટને દંડ દેવા માટે પણ જોતો નથી શ્રીનારાયણે કહ્યું–મધુદૈત્યને મારનાર શ્રીકૃષ્ણ ! તે પાંડવોને તથા દ્રૌપદીને દિલાસો આપી દ્વારકા જવાની ઇચ્છાથી બોલ્યા હે રાજન ! હવે હું મારા વિરહથી આકુલ દ્વારકા પ્રત્યે જઇશ મહાભાગ એવા વસુદેવ મારા મોટા ભાઈ બળદેવ, મારી માતા દેવકી, બીજા ગદ સાંબ વગેરે પુત્રો આહુક વગેરે યાદવો, રૂક્મિણી વગેરે જે સ્ત્રીઓ છે તે. તેઓ સર્વ સ્થિર દષ્ટિથી મારાં આવવાની ઇચ્છા રાખનારા છે અને એમજ મને જોવાને ઉત્સુક થયેલા મારૂંજ ચિંતન કરે છે. શ્રીનારાયણે કહ્યું– આ પ્રમાણે કહેનારા, તે દેવોના ઇશ્વર કૃષ્ણનેતથા કૃષ્ણનાં પ્રયાણને જાણીને પાંડવો ગગળા થઇ કહેવા લાગ્યાં હે કૃષ્ણ ! જેવી રીતે જળમાં રહેનારા જીવોનું જીવન જળ છે તેવી રીતે અમારૂં જીવન તમેજ છો, માટે થોડા વખતમાં પાછું દર્શન થવું જોઇએ. પાંડવોના કૃષ્ણ નાથ છે, ત્રણ જગતમાં બીજો કોઇ પણ નાથ નથી, આવું સર્વે ખુલ્લી રીતે કહે છે માટે સર્વદા અમારી રક્ષા કરો. હે જગતના ઇશ્વર અમે સઘળા તમારા છીયેં, અમને ભુલવા નહિ, અમારા ચિત્તરૂપિ ભમરાઓનું જીવન તમારૂં ચરણકમળછે એજ અમારૂં આશ્રયરૂપ થ‌ઓ, એમ વારંવાર માગિયે છીએ આ રીતે અનેકવાર જ્યારે પાંડવો કહેતા હતા ત્યારે પ્રેમથી ન્હાએલા યદુકુલને ધારણ કરનારા કૃષ્ણ પાછળ આવતા એઓને પાછા વાળી મંદમંદ રીતે રથમાં બેસી દ્વારકા ગયા.

શ્રી નારાયણે કહ્યું–પછી જ્યારે શ્રી દ્વારકાના પતી કૃષ્ણ દ્વારકાં ગયા, ત્યારે રાજા પણ ન્હાના ભાઇયો સહીત અંતાપ પામતાં તીર્થો પ્રત્યે ફરવા લાગ્યા, હે બ્રહ્મણ ! શ્રી ભગવાનને પ્યારા પુરૂષોત્તમમાં મન કરી કૃષ્ણનું વચ

ન સંભારી ન્હાનાં ભાઈયોને કહેવા લાગ્યા અહો અમી ઉ
ત્ત પુરૂષોત્તમનું મહાત્મ્ય સાંભળ્યું પુરૂષોત્તમને સેવ્યા વીના
કેમ સુખો મેળવી શકાય માટે ભરતખંડમાં જે જુદા જુ
દા નિયમોથી પુરૂષોત્તમને સેવે છે તેજ ધન્ય સેવે છે આ
પ્રમાણે સઘળાં તીર્થોમાં ફરતા પાંડવોએ પુરૂષોત્તમને પા
મવાથી તેનું વ્રત વીધિવડે કર્યું તેના અંતમાં હે મુની
ચૌદ વર્ષ પુરા થયા ત્યારે શ્રી કૃષ્ણની કૃપાથી શત્રુઓથી
રહીત અને અતુલ રાજ્યને પામ્યા. પુર્વે સુર્યના વંશથી
જન્મેલો, દઢધન્વા રાજા પુરૂષોત્તમ માહિનાની સેવાથી મો
ટી લક્ષ્મીને તથા પુત્રને પૌત્રનાં સુખને તેમજ અનેક સુ
ખોને ભોગવી યોગિયોથી પણ નહી જવાય એવા ભગવાન
લોકને પામ્યા હે મુનીયોમાં શ્રેષ્ઠ આ મહીનાનું ઉપમાથી
રહીત માહાત્મ્ય કહેવાને હું કરોડો વર્ષો જતાં પણ સમ
ર્થ નથી સુત બોલ્યા—હે બ્રાહ્મણો મેં વેદ વ્યાસથી પુરૂષો
તમમાસનું માહાત્મ્ય સાંભળ્યું તે પણ કહેવાને શક્તિમા
ન હતા. આની સઘળી મહતા તો પોતે નારાયણ જાણે
છે કે સાક્ષાત વૈકુંઠમાં વસનારા ભગવાન શ્રી કૃષ્ણ જાણે
છે. બ્રહ્મા વગેરે દેવો જેના ચરણને નમે છે એવા ગોલોક
નાં સ્વામીએ પોતાનાં કરેલાં પુરૂષોત્તમના પુરા માહાત્મ દે
વતા પણ જાણતા નથી ત્યારે મનુષ્ય કયાંથી જાણે ! આ
વો શ્રી બ્રહન્નારદીય પુરાણના મહાત્મ્યમાં શ્રી નારાયણને
નારદના સંવાદ વીષે પુરૂષોત્તમનાં વ્રતનો ઉપદેશ આ ના
મનો બારમો અધ્યાય પુર્ણ થયો. ૧૨

અધ્યાય ૧૩ મો.

ઋષિયોં પુછવા લાગ્યા—હે સુત હે સુત ! હે બો
લનારા દઢધન્વા કેવી રીતે પુરૂષોત્તમના સેવનથી સારાં શ
રીરને પુત્ર પોત્ર વગેરેને તથા પતિવ્રતા સ્ત્રીને પામ્યો અને
યોગીયો પણ દુખ વડે ન પ્રાપ્ત કરી શકે એવા ભગવાનના
લોકને શી રીતે પામ્યો ? હે તાત ! તમારા મુખરૂપ કમ

જથી વારંવાર કથારૂપી સારને સાંભળતાં, જેમ અમૃત પીવાથી તૃપ્તિ ન થાય, તેમ અમારી બુદ્ધિ તૃપ્ત થતી નથી. આથી તે અમારાં ભાગ્યમા બલથીજ બ્રહ્માએ તમને દેખાડયા છે; માટે વિસ્તારથી જુનો ઇતીહાસ કહો સુત બોલ્યા–હે બ્રાહ્મણો ! પ્રાચીન મુની નારાયણે નારદને જુનો આ ઈતીહાસ કહયો હતો તેજ હવે કહું છું. હે મુનીયો! જે રીતે ગુરૂનાં મુખથી ભણેલું છે તે રીતે રાજા દઢધન્વાનું પાપને નાશ કરનારૂ ચરીત્ર સાંભળો શ્રી નારાયણ બોલ્યા—હે ! રાજન ! દઢધન્વાં રાજાની જુની રમણિક અને ગંગાના જેવી પવિત્ર કરનારી કથા કહું છું માટે સાંભળો. હૈહય દેશનો રક્ષા કરનારો, લક્ષ્મીવાન, સત્ય પરાક્રમવાળો ચિત્ર ધર્મા એવો રખ્યાતિ પામેલો રાજા હતો, તેનો પુત્ર બહુ તેજસ્વી, દઢધન્વા એ નામથી જાહેર હતો. તે સર્વ ગુણોથી સંપન્ન, સાચું બોલનાર, ધાર્મિક પવિત્ર, કાન સુધી વિશાળ નેત્રવાળો, મોટી ભુજાવાળો અને મહા તેજસ્વી એવો એ ગુણોના સમુહની સાથે વૃદ્ધિ પામ્યો. બુદ્ધિમાન તે ચતુર અંગો સહિત ચાર વેદોને એક વાર કહેવાથીજ પુર્વે ભણેલાનીજ પેઠે સારૂ રીતે આનંદથી ભણી ગુરૂને દક્ષિણા દઇ વિધિપ્રમાણે તેને પુજી, ગુરૂની આજ્ઞાથી પિતના શેહેરમાં રહેનારાઓનાં નેત્રોને આનંદ આપતો આવ્યો. ચિત્ર ધર્મ પણ સર્વ ધર્મને જાણનાર તે યુવાન પુત્રને પ્રજાને પાળવામાં શક્તિવંત જોઈ ઘણો આનંદ પામ્યો આથી સાર રહિત આ સંસારમાં બીજું શુ વિશેષ છે. હવે હું સહસ્ત્ર ભુજાવાળા, મુરલી ધારણ કરનાર, પ્રસન્ન મુખવાળા, શાંત અને ભક્તોને અભય દેનાર શ્રી કૃષ્ણને સેવું કેમકે પુરૂષોત્તમને સેવવાથી ધ્રુવ, અંબરીષ, શર્યાતિ યયાતિ વગેરે રાજાઓ, બીલકી, ચંદ્રમા, ભગીરથ, ભીષ્મ, વિદુર, દુશ્યંત, ભરત, પ્રહ્લાદ, વિભીષણ આ અને બીજા પણ રાજાઓ અનેક સુખોને છોડી ક્ષણ ભંગુર દેહથી પામ્યાં છે. આ કારણથી મારે

પણ સ્ત્રી, ધન, પુત્ર વગેરેમાં સ્નેહમય પાશને તોડી અરણ્યમાં વિષ્ણુ સેવન કરવું વ્યાજબી છે. આવો નિશ્ચય કરી વૈરાગ્ય ને ભેટેલો સમર્થ દઢધન્વા ઉપર ભાર નાંખી તરત પુલહાશ્રમ પ્રત્યે ગયો. ત્યાં જઈ શ્રીકૃષ્ણને મનથી સંભારતાં સર્વકામનાઓથી બેગરજુ થઈ આહાર તજી હમેશાં તપ કરવાં લાગ્યો કેટલાક વખત લગી તપ કરવાથી તે વિષ્ણુના લોકમા ગયો. દઢધન્વાએ પણ પોતાના પિતાની વિષ્ણુને પામવાની ગતિ સાંભળી હર્ષ શોકથી ભરેલા વાજાએ વિદ્વાન લોકોના કથન પ્રમાણે ભક્તિથી દેહની પાછલ કરવાનું કૃત્ય કર્યું. નીતી શાસ્ત્રમાં કુશલ તે રાજા અત્યંત શોભાવાળાં, પુષ્પકારી, પુષ્કરાવર્ત નગરમાં રાજ્ય કરતો હતો. તેની ઉત્તમ આચરણવાળી સ્ત્રી કે જેનું નામ ગુણસુંદરી હતું. અને પૃથ્વિમાં તેણીના રૂપ વીષે કોઇ બરોબરી ન કરી શકે એવી તે વીદર્ભરાજાની પુત્રી હતી. તેણીએ દેવતાઇ. ચાર પુત્ર ને ચતુર સુંદર. તથા સર્વ લક્ષણોથી યુક્ત ચારૂમતી નામે પુત્રીને જન્મ આપ્યો જે પુત્રો હતા તે સર્વ, ચિત્રવાક. ચિત્રવાહ, મણીમાન અને ચિત્રકુંડલ આવાં જુદા નામોથી પ્રસિદ્ધ અને શુરવીર થયા. દઢધન્વા ગુણોથી પ્રખ્યાત, શાંત, ઇંદ્રિયોને નીયમમાં રાખનાર દઢતાવાળો. રૂપવાન, ગુણવાન, વેદને વેદના અંગોને જાણનાર, ધનુર્વિદ્યામાં પ્રવીણ જેણે છ શત્રુઓનો જથો જીતેલ છે એવા શત્રુઓના સમુહનો નાશ કરનાર, સમતામાં બ્રહ્મા સમાન, પ્રસન્નતામાં શંકર જાણે બીજા રઘુકુલના નાથ રામ હોય તેવો એક પત્નીમાં વ્રતને ધારણ કરનાર, અને સદ્ધર્મી જાણે બીજો કૃતવીર્યનો પુત્ર સહસ્રાર્જુન હોય તેવો અતી પરાક્રમવાળો હતો. શ્રી નારાયણ બોલ્યા—એક દીવસે રાત્રિમાં સુતેલા તે રાજાને ચીંતા થઈ કે અહો આ વૈભવ ક્યાં ! મોટા પુણ્યથી મેં તપ કર્યું નથી, દાન આપ્યું નથી અને ક્યારે પણ હોમ કરેલ

નથી. આ મારા ભાગ્યનું કારણ કોને પુછું ? આ પ્રમાણે વીચારતાં તેની રાત્રિ પુરી થઇ, બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી વી ધી પ્રમાણે ન્હાઇ ઉદય પામતાં સુર્યની સ્તુતી કરી ભગ વાનના અંશોનું તર્પણ કરી બ્રહ્મણોને નમસ્કાર કરી દાન દઇ ઘોડા ઉપર બેઠો ઘોડા ઉપર બેઠા પછી શીકારમાં મન આસક્ત હોવાથી તરત જંગલમાં ગયો. ત્યાં સુઅર હરી ણ દીપડા અને ઘણું રોઝને મારયા. દૈવયોગે કોઈ હરી ણ બાણથી જંગલમાં નાશું. તે ઉતાવલ સહીત બાણ લઈ એક વનથી બીજા વનમાં ગયું. અને લોહીના ઝરવાંની નીશાનીથી રાજા પણ હરણ પાછળ ગયો, હરણ કયાંઇ પણ છુપાઇ ગયો, તથા રાજા તે વનમાં ફરતા લાગયો. તરસથી પીડાતો હોવાથી તેણે સમુદ્ર સરખું મોટું તળાવ જોયુ ત્યાં જઇ સારી રીતે પાણી પીને કાંઠે આવ્યો ત્યાં ઘાડી છાયાવાળો મોટાં વડને જોયો, તેની વડવાઇથી ઘોડા ને બાધી રાજા બેઠો ત્યાં કોઇ અત્યંત શોભીત, રાજાને મોહ કરનારી,અતુલ,મનુષ્યની વાણીનેબોલતો પોપટઆવ્યોતે પોપટએકલોકહેલાદૈવયોગેવાને સંબોધનકરી વારંવારએકજસારો શ્લોક ભણવા લાગયો. પૃથિવ તલમાં ઉપજેલા જેની બરોબરી નથી એવાં સુખને જોઇ તું તત્વનો વિચાર કરતો નથી તે કેમ પાર પામિશ ! આ શ્લોક વારંવાર રાજાની પાસે ભણવા લાગ્યો. રાજા તેનું વચન સાંભળી આનંદ પામ્યો, આ એક શ્લોક વારંવાર પોપટ નાળીયેરની પેઠે નહિ જણાય એવો દુઃખથી માલમ પડનારો અને સારથી ભરેલો શું કહે છે ? અથવા શું આ સંસારરૂપિ સમુદ્રમાં ડુબેલા, પરીક્ષિતની પેઠે શ્રીકૃષ્ણના સેવક. અને અજાણ એવા મને કૃપાથી તારવા તો નહિ આવેલ હોય ? આવો તે વિચાર કરતો હતો. એટલામાં તો તેનું લશ્કર આવી પોહોચ્યું. પોપટ તો રાજાને બોધ દઇ અદશ થઇ ગયો ને રાજા પોતાનાં શહેરમાં આવી પોપટનુ વચન યાદ

કરતો બોલાવતાં છતાં નિદ્રા નહિ લેતાં છતાં ભોજનને તજી બોલતો બંધ પડયો. રાણીએ એકાંતમાં આવી રાજાને પુછયું ગુણસુંદરી બોલી–હે પુરૂષોમાં શ્રેષ્ટ ! આ ઉદાશપણું કયાંથી થયું ? હે ભુપાળ ! ઉભા થાઓ, ભોગ ભોગવો અને વચન બોલો. આમ સ્ત્રીએ સમજાવતાં પણ રાજા દેવોથી પણ દુઃખે જાણી શકાય એવાં સાચાં પોપટનાં વચનને સંભારતાં કશું પણ બોલ્યો નહિ. તે સોલ વર્ષની સ્ત્રી પણ સ્વામિના દુઃખથી પીડા પામતાં નિઃશ્વાસ નાંખી મોટા પોતાના પતિની ચિંતાના કારણને જાણી શકી નહિ. આમ ચિંતામાં બુડતા; અને સંદેહરૂપિ સમુદ્રમાંથી નિકલવાના કારણને નહિ જોતાં તે રાજાનો કેટલોક વખત વહી ગયો. નારદ બોલ્યા–હે મુનિ ! થોડુક સાંભળેલું પણ નિર્મલ વિષ્ણુનું ચરિત્ર પાપને મટાડે છે માટે એ પ્રમાણે વિચારનારા, દઢધન્વા રાજાનું શું થયું તે કહો. આવો શ્રી બૃહન્નારદીય પુરાણનાં પુરૂષોત્તમ માહાત્મ્યના શ્રી નારાયણને નારદના સંવાદમાં દઢધન્વાના મનનો ખેદ આ નામનો તેરમો અધ્યાય પૂર્ણ થયો.

અધ્યાય ૧૪ મો.

શ્રી નારાયણ બોલ્યા—પછી ચિંતાથી આતુર બનેલા એ રાજાને ઘેર વાલ્મીકિ ઋષિ કે જેણે અતિ આશ્ચર્યકારિ, સુંદર રામચરિત્ર કરેલું છે તે પધાર્યા. દુરથી જોઇ રાજાએ ઉતાવલ સહિત ઉઠી ભક્તિ યુક્ત થઇ તેમના ચરણમાં દંડવત કર્યા. તે ઋષિનો સત્કાર કરી ઉત્તમ આસન ઉપર બેસાડયા અને પગને ખોળામાં રાખીને તેમના પગ ચાંપવા લાગ્યો. તેના ચરણ ધોયાનાં જલને હર્ષથી મસ્તકે ચડાવતો રાજા પોપટનું વચન યાદ કરી મનહર વચનથી કહેવા લાગ્યો. દઢધન્વા બોલ્યા–હે સમર્થ ભગવન ! જે કારણથી આપ પ્રત્યક્ષ થયા તે કારણથી હાલ હુકુ

કૃત્ય અને ભાગ્યવાન છું. આજ મારો જન્મ સફળ થયો અને આજ મને અર્થની પ્રાપ્તિ થઇ. હે જગતમાં પવિત્રના પવિત્ર ! આજ મારૂં સાંભળવું સફળ થયું, આથી મારૂં મોટું ભાગ્ય શું વર્ણવવું ? શ્રી નારાયણ બોલ્યા—આ રીતે શ્રેષ્ટ મુનિને કહી તે રાજા ચુપ રહ્યો. વાલ્મીકિ મુનિ પણ તે રાજાને વિનયવંત જોઈ પરમ પ્રસન્ન થતાં જનમંડળ આનંદ પ્રાપ્ત કરવા બોલ્યા. વાલ્મીકિ બોલ્યા હે શ્રેષ્ટ રાજા ! તમારે વિષે આ બોલો છો તે યોગ્ય છે મોટી બુદ્ધિવાળા રાજા કેમ ચિંતાથી આતુર છો સઘળું મનમાં રહેલું કહો. તમને કંઇ પણ બોલવાની ઇચ્છા છે, માટે બોલો. દઢધન્વા બોલ્યો–હે દ્વિજજન આપનાં ચરણકમલની કૃપાથી સદા મને સુખ છે. પણ મારાં હૃદયમાં એક મોટી શંકા છે તે સંકારૂપિ વનના પોપટનાં મુખથી નિકળેલા સાલને દુર કરો કોઇ વખતે શીકારની ઇચ્છાથી હું વનમાં ગયો હતો. ત્યાં ફરતાં મેં તળાવ દીઠું, અને તેનું પાણી પીધું. શ્રમને દુર કરવાની ઇચ્છાથી મોટા જે સુંદર છાયાવાળા, અતિ દઢ અને મન તથા નેત્રને આનંદ આપનાર વડનો આશરો લીધો હતો. ત્યાં બેઠેલો મનને આનંદ કરનાર પોપટ જોયો મેં તેના સામું જોયું કે તે મારી સન્મુખ જોઈ એક શ્લોક બોલ્યો કે, તું પૃથ્વિ તલમાં ઉત્પન્ન થયેલાં અતુલ સુખને અત્યંત જોઇ તેનાં તત્વનો વિચાર કરતો નથી માટે કેમ પાર પામિશ ? આવી પોપટે કહેલી વાણી સાંભળી હું અતિ આશ્ચર્ય પામ્યો. હે બ્રહ્મન ! પોપટે શું કહ્યું તે હું જાણતો નથી. આ મારા હૃદયની શંકાને ટાળવા આપ યોગ્ય છો. હે ભુદેવ ! મને રાજ્યનું સુખ છે, ચાર સારા દેખાવવા, પુત્રો પતિવ્રતા સ્ત્રી, સુંદર હાથી, રથ, ઘોડા, અને પાયદળ આ પ્રમાણે અતુલ્ય સમૃદ્ધિ મને હમણાં કયાં પુન્યથી મળી છે, આ સઘળું વિચારી ટુકાણથી મને આપ કહેવા યોગ્ય છો. આ રાજાનાં

વચન સાંભળી મુનિયોમાં શ્રેષ્ઠ વાલ્મીકિ પ્રાણાયામ કરવામાં તત્પર થઇ બે ઘડી ધ્યાન પામ્યા. જે સઘળું થયેલું થતું અને થવાનું છે તેને હૃદયમાં જોઇ નિશ્ચય કરી તે રાજાને કહેવા લાગ્યા. વાલ્મીકિ બોલ્યા—હે શ્રેષ્ટ પૃથ્વિના ધણી ! તમારૂં પૂર્વ જન્મનુ ચરિત્ર સાંભળો ! પૂર્વ જન્મમાં તમે દ્રવિડદેશમાં થએલા તામ્રપર્ણી નદીને કાંઠે રહેનાર ધાર્મિક, સત્યવાદી અને જે પ્રમાણે મળે તેમાં સંતોષવાન સુદેવનામે કોઇ પણ બ્રાહ્મણના અધ્યયનથી યુક્ત અને વિષ્ણુની ભક્તિ માં તત્પર હતા. તે અગ્નિહોત્ર વગેરે યાગોથી તે વિષ્ણુને પ્રસન્ન કરતા હતા.

આ રીતે સદા વર્તનારા તે બ્રાહ્મણ ગૌતમની સારી પુત્રી ગૌતમી એ નામથી અતિ વિખ્યાત સ્ત્રી હતી. તે પ્રેમથી, જેમ પાર્વતી શિવની સેવા કરે તેમ પતિને સેવતી હતી. ધર્મની ગૃહસ્થાશ્રમની વિધિમાં વર્તતાં બહુ લાંબો કાલ વીતિ ગયો. પણ કંઇ સંતતી થઇ નહિ. એક દિવસે આસન ઉપર બેઠેલો, પોતાની સ્ત્રીએ સેવેલો બ્રાહ્મણ ખેદ પામતાં ગદગદ કંઠથી વચન બોલ્યો. હે સુંદરિ ! સંસારમાં પુત્ર વિના ઉત્તમ સુખ નથી. તપને દાનથી થયેલું સુખ બીજા લોકમાં સુખ સુખરૂપ છે; પણ મારા વંશની સંતતિનું સુખ આ લોકમાં ને પર લોકમાં સારૂં છે, તે ઉત્તમ પુત્રને પામ્યા વિના મારૂં જીવવું નિષ્ફળ છે. મેં પુત્રને લાડ લડાવ્યો નથી, વેદનો અર્થ જણાવ્યો નથી અને તેનો વિવાહ પણ કર્યો નથી માટે મારો જન્મ નકામો છે, મારૂં તરત મરણ થાઓ. મને આયુષ્ય પ્રિય નથી. આવાં પ્યારા પતિનાં વચન સાંભળી ખેદાતુર મનવાળી સુંદરી દિલાસો દેઈ ધીરજ રાખી પ્રિય બોલવામાં કુશળ એવી પ્રેમથી વ્હાલેલી શાંત, પ્રિયપતિ પ્રત્યે શાંતિનું વચન બોલી. ગૌતમી—હે પ્રાણેશ્વર ! આવાં તુચ્છ વાક્ય ન કહો, તમારા જેવા ભગવાનના ભકત,

વદ્ધાનો મોહ પામતા નથી. હે સદાચરણવાળા સમર્થ ! તમે સત્યધર્મમાં તત્પર છો. તેથી તમે સ્વર્ગને જીત્યો છે તમને જ્ઞાનિને પુત્રોથી શું સુખ મલશે ? હે બ્રહ્મદેવ ! પૂર્વે ચિત્રકેતુ પુત્રના શોકથી સંતાપ પામ્યો હતો તેને નારદ ને અંગિરાઋષિએ આવી સંસારથી તાર્યો હતો. તેમ અંગરાજા ખરાબ પુત્ર વચનથી રાત્રિમાં વન પ્રત્યે ભાગી ગયો હતો. તે પ્રમાણે હે સ્વામિ ! તમને સંતતી દુઃખ દેનારી થશે. તો પણ હે તમરૂપિ ધનવાળા! જો તમને સારા પુત્રની ચાહના હોય તો આનંદથી સર્વ અર્થને સિદ્ધકર નારા, જગતના નાથ હરીની આરાધના કરો. જેની આરાધના કરવાથી કર્દમ સાંખ્યશાસ્ત્રના આચાર્યે એ સ્તુતી કરેલા, યોગીયોમાં શ્રેષ્ઠ દેવ કપિલ નામના પુત્રને પામ્યા હતા. આવું ધર્મપત્નીનું વચન સાંભળી બ્રાહ્મણો નો શિરોમણી એના કહેવા મુજબ નીશ્ચય કરી તેની સાથે તામ્રપર્ણી નદીકાંઠે ગયો ત્યાં ગયા પછી બન્ને ગુણથી રહીત જંગલમાં ન્હાઈને પાંચમે દીવસે સુકેલાં પાંદડા અને ફલ નો અહાર કરતાં મોટું તપ કરવા માંડ્યું હે બ્રાહ્મણ ! પ્રમાણે તપના ભંડાર રૂપ તે બ્રાહ્મણને, ચાર હજાર વર્ષો ગયાં. એના તપથી ત્રણ લોક કંપવા લાગ્યાં. અતી ઉગ્ર તેવું તપ જોઇ ભકતવત્સલ ભગવાન વેગથી ગરૂડ ઉપર બેસી પ્રગટ થયા. શ્રી નારાયણ બોલ્યા—તે જગતની રક્ષા માં સમર્થ એવા ચાર હાથરૂપિ દંડોથી જણાતા હર્ષ પામેલ મુખવાળા, સુર દૈત્યના શત્રુ વીષ્ણુને નીહાળી સુદેવશ માં આનંદથી આઠ અંગો સહીત નમન કરવા લાગ્યો. આ પ્રમાણે શ્રી બ્રહ્નારદીય પુરાણના પુરૂષોત્તમ માહાત્મ્યમાં શ્રી નારાયણને નારદના સંવાદ વીષે ચાદમો આધ્યાય પૂર્ણ થયો. ૧૪

અધ્યાય ૧૫ મો.

શ્રી નારાયણ બોલ્યા—ત્યાર પછી સુદેવ બે હાથ જોડી ગદગદ અક્ષરથી ભક્તવત્સલને, તે દેવ શ્રી કૃષ્ણની સ્તુતી કરવા લાગ્યો, હે દેવોના દેવ ! ત્રણુ લોકને અભય આપનાર ! સર્વના ઇશ્વર ! અને સમર્થ ઇશ ! આપને નમસ્કાર થાઓ બીજી વાર પણ આપને નમસ્કાર થાઓ પણ હું આપને શરણ આવ્યો છું. હે શરણે આવેલાની ઉ પર વત્સલતાવાળા પરમેશ્વર ! મારી રક્ષા કરો, હે જગત ને વંદવા લાયક ! શરણાગતના ભયને ભાંગનાર ! આપને નમસ્કાર હજો. હું ચય સ્વરૂપ જયને દેનાર જયના ની યંતા, જયના કારણરૂપ, જગતના આધાર રૂપ. જગતમાં ર હેનારા, જગતના કારણરૂપ, એક વીશ્વનો એક રક્ષા કરના રા પ્રકાશરૂપ, જગતને હણનારા જગતના પાંજરરૂપ, ફ ળના બીજરૂપ, ફળના આધારરૂપ ફળ, સુળના ફળને દેના ર તેજરૂપ, તેજને આપનાર, તેજસ્વિયોમાં શ્રેષ્ટ, દીનવત્સલ. વ્યાપક અને વસુદેવના પુત્ર એવા શ્રી કૃષ્ણને વંદન કરૂં છું હે જગતના પ્રભુ કૃષ્ણ ! આપને બ્રહ્મા વગેરે દેવો પણ સ્તુતી કરવા શક્તિમાન નથી, ત્યારે થોડી બુદ્ધિવાળો હું મુર્ખ મનુષ્ય કેમ સ્તુતી કરવા શક્તિમાન થાઉં ? હે પ્રભુ ! આપ અતી દુઃખી દીન અને આપના ભક્તની ૫ ણ ઉપેક્ષા કરો છો, માટે આપનું જગતમાં લોકમાં બંધુપ ણું કેમ વૃથા ગયું ? વાલ્મીકિ બોલ્યા—આ પ્રમાણે મ

એવા કૃષ્ણની સ્તુતી કરી બ્રાહ્મણ તેની પાસે ઉભો રહયો તે સાંભળી હરી ભગવાન મેઘના સરખા શબ્દથી વ ચન બોલ્યા. હે તપરૂપિ ધનવાળા મોટી બુદ્ધીવાળા વત્સ ! તે જે તપ કર્યું તે સારૂં કર્યું તું શું ઇચ્છેછે તે મને કહે, હું તા રા તપથી પ્રસન્ન થયો છું;

આવું મોટું કર્મ પુર્વે કોઇએ પણ કરેલું નથી. સુદેવે કહ્યું—હે પુરાતન પુરૂષોમાં ઉત્તમ ! ધ્યાનના ખજા

ના રૂપ અને દીનોના બંધુ એવા હે વ્યાપકનાથ ! જો પ્ર
સન્ન થયા છો તો મનમાનતો પુત્ર આપો. કેમ કે હે હ
રી ! પુત્ર વગરનું શુન્ય ગૃહસ્થપણું મને ગમતું નથી. આ
વું બ્રાહ્મણનું કહેવું સાંભળી સમર્થ હરી બોલ્યા—હે વત્સ
હે બ્રાહ્મણ ! તને પુત્ર વીના ન રેવાય એવું પણ આપીશ
કેમકે બ્રહ્માએ તને પુત્રનું સુખ નીર્માણ કરેલુંજ નથી. મેં
તારા કપાલની ચામડીમાં લખેલા સઘળા અક્ષરો જોયા છે
તેમાં સાત જન્મ લગી તને પુત્રનું સુખ નથી. આવું હરી
નું વજના ઘા સરખું કઠણ વચન સાંભળી તે પૃથ્વિની
પીઠ ઉપર, જેમ મુળ કપાવાથી ઝાડ પડે તેમ પડયો. પ
તીને પડેલો જોઈ બહુજ દુઃખ પામેલી સ્ત્રી સ્વામીને પુત્ર
ની ઈચ્છાથી શુન્ય જોતી રોવા લાગી. ધીરજ ધરી તે પડે
લા પતી પ્રત્યે બોલી—ગૌતમી બોલી—હે નાથ ! ઉભા
થાઓ, ઉભા થાઓ કેમ મારૂં વચન યાદ કરતા નથી! બ્ર
હ્માએ કપાલમાં જે લખેલ હોય તે સુખ દુઃખ મળે છે.
લક્ષ્મીના પતી શું કરે ! લોક પોતાનું કરેલું ભોગવે છે.
ભાગ્ય વગરનાએ કરેલો ઉદ્યમ મરવાને ઇચ્છનારાનાં ઓસ
ડના જેવો છે. જેનું ભાગ્ય અવળું હોય છે તેનું સઘળું
નકામું જાય છે. સઘળા વેદોમાં હરીનું સેવન યજ્ઞ, દાન,
તપ, સત્ય ને વૃતોથી શ્રેષ્ટછે, પણતેથી ભાગ્યનું અલશ્રેષ્ઠછે.

માટે હે પૃથ્વીના દેવ ! સર્વમાં વીશ્વાસ છોડી ભા
ગ્યનોજ આશ્રય કરી ઉભા થાઓ, આપણને વીષ્ણુથી શું
પ્રયોજન છે ! આવાં તે સ્ત્રીનાં તીવ્ર શોકવાળાં વચન સાં
ભળી ક્ષોભથી જેને ધ્રુજારો થયો છે એવો વીનતાનો પુત્ર
ગરૂડ, વીષ્ણુથી કહેવા લાગ્યો ગરૂડ બોલ્યો હે ગરીબોના
સગા ! દયાના: સાગર ! ભકતોને અભય કરનાર ! ભકતો
નાં દુખને નહી સહન કરનાર અને સમર્થ હરી ! બ્રાહ્મ
ણીને શોક રૂપિ સમુદ્રમાં ડુબેલી તથા બ્રાહ્મણને નેત્રોમાં
પડતાં આંસુઓના ભાગથી આ કુલ જોઇ આજ આપની

કયાં કયાં ગઈ ? અહો બ્રાહ્મણને વીષે દયાવાળા દેવ ! હે મણું આપને ધર્મ કયાં ગયો ? આપના ભક્તના હાથના તળામાં ચાર પ્રકારની મુક્તિયો રહી છે તો પણ આશ્ચર્ય છે કે તેઓ ઉત્તમ ભક્તિને છોડી દઇ તેને ઈચ્છતા નથી. કેમકે તેની આગળ આઠ સીદ્ધિયો દાસી રૂપ થઈ રહેલી છે. આ પ્રમાણે આપની સેવાની મહત્તા સઘળે ઠેકાણે પ્રસિદ્ધ છે, તો બ્રાહ્મણના પુત્રની મનેચ્છા પુર્ણ કરવામાં શું શ્રમ છે! હાથિને હેનારા પુરૂષને અંકુશ દેવામાં શું પરિશ્રમ હોય ? હવે પછી કોઈ પણ આપનાં ચરણ કમળને સેવશે નહિ. જે અકાર્ય પુરૂષના ભાગ્યમાં રહેલ હશે તેજ અવસ્ય થશે આવી જગતમાં પ્રસિદ્ધ થશે અને આપની ભક્તિ નાશ પામશે. હે નાથ ! કરવાને સઘળે ઠેકાણે આપનું સામર્થ્ય જે પ્રસિદ્ધ છે તે આજજ જો આને પુત્ર આપનાર નહિ થાઓ તો જતું રહેશે. માટે આપ સર્વ રીતે એક પુત્ર બ્રાહ્મણને આપો આપનું સેવન કરી સુદામા ઉત્તમ વૈભવ પામ્યો હતો અને સાંદીપની આપની કૃપાથી મરેલા પુત્રને પામ્યો હતો. આ કારણથી પુત્રની ઇચ્છાવાળાં શ્રી પુરૂષ આપને શરણ આવેલ છે. શ્રી નારાયણ બોલ્યા—આવું ગરૂડનું વચન સાંભળી વીષ્ણુએ આકાશમાં ગતી કરનારા ગરૂડને અમૃત સરખું વચન કહ્યું, હે વિનતાના પુત્ર ! હે પક્ષીઓમાં શ્રેષ્ટ ગરૂડ ! આને તરત મનમાં રહેલો એક પુત્ર દે. આવું પોતાને ફાવતું વીશણુનું વચન સાંભળી તરત અતી પ્રસન્ન મનવાળા ગરૂડે ઘણા ખેદ યુક્ત મનવાળા બ્રાહ્મણને લાયક સુંદર પુત્ર આપ્યો. આમ શ્રી બ્રુહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મ્યમાં દઢધન્વાના નાના આખ્યાના નારાયણને નારદના સંવાદવિષે સુદેવના વરદાનનો પન્નરમો અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૧૬ મો.

શ્રીનારાયણ બોલ્યા--હે મોટી બુદ્ધિવાળા નારદ ! વાલ્મીકિએ અતિ બહુ અચંબા ભર્યું જે ચરિત્ર દઢધન્વાને કહ્યુ તે હું તમને કહું છું માટે સાંભળો. વાલ્મીકિ બોલ્યા-હે મહારાજ દઢધન્વા ! મારું વચન સાંભળો. ગરૂડે વિશ્ણુના હુકમથી બ્રાહ્મણોના અધિપતિને આ પ્રમાણે કહ્યું. ગરૂડ બોલ્યો-હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ! સાત ભવમાં તમને પુત્રનું સુખ ન થાય એવું વિશ્ણુએ જે વચન કહ્યું તે તમને યાદ છે ? તો પણ હમણાં સ્વામિની આજ્ઞાથી કૃપાવડે તમને પુત્ર આપું છું. હે તપોધન ! તમને મારા અંશનો થયેલો પુત્ર થશે. જેથી તમે ગૌતમી સહિત સત્ય આશીર્વાદોને પામશો, પણ પછી તમોને તેથી થયેલું દુઃખ જરૂર થશે. હે દ્વિજોમાં શ્રેષ્ઠ ! તમારી વિશ્ણુમાં બુદ્ધિ થઇ માટે તમે પુન્યવાન છો. સકામ અથવા નિષ્કામ ભક્તિ હોય તો પણ વિશ્ણુની ભક્તિ વિશ્ણુને પ્યારી છે. પુરૂષોનું શરીર પાણીના પરપોટાની પેઠે જોતા જોતામાં નાશ પામે એવું છે. તેને પામી પુન્યવાન માણસ હૃદયમાં વિશ્ણુના ચરણનું ચિંતન કરે છે. બહુ દુખે તરાય એવા સંસારથી વિશ્ણુ વગર બીજો કોઇ તારનારો નથી, ને વિશ્ણુનીજ કૃપાના લેશથી મેં તમને પુત્ર આપ્યો, માટે મનમાં શ્રીહરિને ધારણ કરી સુખ થાય તેમ કરો અને ઉદાસપણે દ્રઢિ સંસારિક સુખને ભોગવો. વાલ્મીકિ બોલ્યા-આ પુરૂષના જોતાં તરત ઊત્તમ વરદાન ગરૂડ મારફત આપી વિશ્ણુ તાકીદે પોતાને સ્થાને ગયા. સુદેવ પણ પત્ની સહિત ઇચ્છિત વરદાન પામી પોતાને ઘેર આવી ગ્રહસ્થાશ્રમનું ઉત્તમ સુખ સેવવા લાગ્યો. કેટલીક વખત જતાં એ સ્ત્રીને ગર્ભ રહ્યો, ગર્ભ મર્યાદા પુરૂ થતાં પ્રસવ કાલ આવ્યો ત્યારે તેણે ઉત્તમ પુત્રને જન્મ આપ્યો. એથી સુદેવને પણ આનંદ ઉત્પન્ન થયો. સારી

રીતે ન્હાઈ તે શ્રેષ્ટ બ્રાહ્મણે શ્રેષ્ટ બ્રાહ્મણોને બોલાવી જાતક કર્મ કર્યું અને તેઓને મોટું દાન આપ્યું. બ્રાહ્મણે અને પોતાના જનોથી વિંટાએલા બુદ્ધિમાન બ્રાહ્મણોએ એનું નામ પણ પાડયું કે આ પુત્ર ગરૂડે સ્નેહ કૃપા કરી શરદ-ઋતુના ચંદ્રના જેવો ઉદય પામતાં તેજવાળો શુક્રદેવના સરખો આપ્યો માટે આ મારો વ્હાલો પુત્ર શુકદેવ એવાં નામે થાઓ. માતાનાં મનને આનંદ આપનારા તે પુત્ર જેમ શુકલપક્ષના ચંદ્રમાની પેઠે પિતાના મનોરથોની સાથે વધવા લાગ્યો. પિતાએ આનંદથી પુત્રને જનોઈ દઈ ગાયત્રી આપી, તે વૈદિક સંસ્કાર પામી બ્રહ્મચર્યના વ્રતમા રહ્યો, તેના તેજથી જાણે પ્રત્યક્ષ બીજો સુર્ય હોય તેમ શોભવા લાગ્યો. બુદ્ધિના સમુદ્રરૂપ કુમારે વેદનું અધ્યયન આરંભ્યું. જેને ગુરૂ વ્હાલા છે :એવો તે સારી બુદ્ધિથી પોતાના ગુરૂને આનંદ આપતો અને એકવાર કહેવાથીજ સઘળી વિદ્યા શીખી જનાર નીવડયો. વાલ્મીકિ બોલ્યા-- એક દિવસે કેડો સુર્યની સરખા કાંતિવાળા દેવઋષિ આવ્યા, તેને જોઈને સુદેવે આનંદથી દંડવત કર્યો, વિધિ પ્રમાણે મુનિનો સત્કાર કર્યો, અને દેવઋ ઋષીને સારૂ આસન આપ્યું અને તે આસન ઉપર દેવઋ ઋષી બિરાજ્યા કુમારને પગમાં પડેલો જોઈ દેવઋ રૂષી બોલ્યા-- હે સુદેવ ! તમને વિશ્ણુ પ્રસન્ન થયા અને અતિ દુર્લભ એવા પુત્રને પામ્યા. માટે ભાગ્યવાન છો. આવો ઉત્તમ વેદને ભણવાના સ્વભાવ વાળો પુત્ર કોઈનો પણ દીઠો નથી. હે પુત્ર ! આવ, આવ તારા હાથમાં આશ્ચર્ય શું દેખાય છે ? છત્ર બે ચામર સહિત કમળ, ત્રિવલી સોભીત મધ્ય ભાગ છે, આવું કહી સુદેવ પ્રત્યે બોલ્યા ! આ તમારો પુત્ર પુરો ભાગ્યનો ભંડાર છે, પરંતુ એક મોટો દોષ છે. એમ કહી માંથુ ધુણા-વતાં મુની બોલ્યા. હે સુદેવ ! આ તમારો પુત્ર બારમેજ

રશે જળમાં ડુબીને મરી જશે, માટે નાશવાન પદાર્થનો શોક કરીશ નહીં. અવશ્ય જે થવાનું હોય છે તે થાય છે જ. દૈવની ઇચ્છા આગળ કોઇનો ઉપાય નથી.

વાલ્મિકી બોલ્યા–આવું કહી દેવળ મુની બ્રહ્મ લોકમાં ગયા. સુદેવ મુનીનું વચન સંભારી પૃથ્વિ ઉપર પડયો ! અને વિલાપ કરવા લાગ્યો પછી ગૌતમી પુત્રને ખોળામાં લેઈ તેને મુખ ચુંબન કરવા લાગી. પછી પોતાના પતીને કહેવા લાગી કે–હે સ્વામી ! તમારે થનારે થનાર પદાર્થની બીક રાખવી ઘટતી નથી શું યુધિષ્ટર રાજા જેવા દુખ પામ્યા નથી ? શું દ્રુપતી જેવી સતી શું દુખને પામી નથી ? માટે જે વસ્તુ થવાની તેનો શોક કરવો નીરર્થક છે. માટે હે નાથ ! શોકને તજી શ્રી વીષ્ણુનું આરાધન કરો કે જેથી આત્માનુ કલ્યાણ થાય. આવો બ્રહ્માણ્ડીય પુરાણમાં શ્રી નારાયણ નારદ સંવાદ દ્રઢધન્વાના આખ્યાનનો સુદેવ પ્રત્યે નામનો પુરૂષોત્તમ મહાત્માનો સોળમો અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૧૭ મો.

નારદ બોલ્યા —હે કૃપાનીધી ! પછીથી શુદેવનું શું થયું તે સાંભળનારાઓના પાપને નાશ કરનારૂ ચરીત્ર મને સંભળાવો. શ્રી નારાયણ બોલ્યા–પુર્વે બનેલું તેનું ચરીત્ર સાંભળી સાંભળવામાં ઇચ્છા વાળા રાજાને વાલ્મિકી કહેવા લાગ્યા. વાલ્મિકી બોલ્યા—તેની સ્ત્રીના મુખની મધુર વાણી સાંભળી શુદેવે ધીરજ પકડી શ્રી હરીમાં ચીત લગાડયું અને જેમ થવાનું હશે તેમ થશે એવો નીશ્ચય કરી શ્રી હરીની ભકિત કરવા લાગ્યો. એમ કરતાં તેનાં કેટલોક કાળ ક્રમથી વીતી ગયો. કોઈ સમે શુદેવ લાકડા, દાળ અને ફળ લેવાને માટે શ્રી હરીનુ ધ્યાન ધરતો ધરતો વનમાં ગયો તેજ દીવસે દેસત દારો સહીત પુત્ર વાવ તરફ ગયો સરખી ઉમ્મરના છોકરાઓ સાથે પાણીની રમતો મારવા લા

ગ્યો. રમતાં રમતાં પોતાના ભાઇબંધોને છેતરવાના હેતુથી ઉંડા પાણીમાં ડુબકી મારી. અને તે આગાધ જળમાં સ્વાસ રૂંધાઇ જવાથી તે પુણ્ય મરણ પામ્યો. બધી મીત્રો ભયભીત થયા અને હાહાંકર કરી દોડી ગયા અતીશોકને યુક્ત થએલી ગૌતમીને કહેવા લાગ્યા. છોકરાઓની વીજળી તુટી પડવા જેવી વાણી સાંભળી પુત્રના ઉપર પ્યાર વાળી ગૌતમી પૃથ્વિ ઉપર એકદમ પડી. અને તેજ વખતે વનથી શુદેવ આવ્યો. અને પુત્રના મરણ વાત સાંભળતા તરતજ ભોંય ઢળી પડયો અને કેટલીક વારે ઉઠી સ્ત્રી પુરૂષ બન્ને જણ વાવ પાસે જઇ પુત્રને કઢાવી ખોળામાં લેઈ ચુબન કરવા લાગ્યાં. પોતાના ખોળામાં રહેલા સુતેલા બાળકને વીલાપ કરતો કહેવા લાગ્યો કે અરે માગ વ્હાલા પુત્ર ! જરા તારી મધુર વાણી બોલી મારા મનને સીતળ તો કર હે પુત્ર ? ઉઠ તું કેમ શુતો છે. આજે મારૂ ઘર તારા વીના શુન્ય જંગલ જેવુંજ છે, અરે ! મેં કોઇ ખોટા કર્મ કર્યા નથી, મે બ્રહ્મ હત્યાં પણ કરી નથી છતાં એ વીધાતા તે મારી આંખો એંચી લેઇશુંએટલુંબધુ મોટુ ફળમેળવ્યું ?

નીર્ધનનાં ધન અને અમે બે સ્ત્રી પુરૂષના આશરારૂપ પુત્રને કયાંગ પણ શરમ નહી આવી? બધે તમે દયાળુ છો, અને મારી ઉપર કેમ નીર્દયપણાને પામ્યાછો અહો મારા ભાગ્યનાંવશ પણાથી આવો બીજી તરેહનો ભાવ થયો છે ? કયાં? આજ પ્રકૃતીથી સુંદર પુત્રને શોધું. હે પુત્ર! કયાં તારૂં મનોહર મુખ સુંદર નેત્રવાળું જોશે ?મેઘ જળને વર્ષે છે. પૃથ્વિ ધાન્યને પેદા કરે છે, પર્વતો રત્નોના જથ્થાને અને દરીયો શ્રેષ્ઠ મોતીને પેદા કરે છે; પણ હું તે દેશ જોતો નથી કે જ્યાં મરેલો પુત્ર મળે કે જેના શરીરનું આલિંગ્ન કરી હૃદયમાં રહેલું દુખ દુર કરાય. હે પુત્ર ! તાકીદે દયા લાવ અને એક વાર પણ જરા બોલ, કેમકેતારી મા લાજ મુકી અતી વીલાપ કરે છે. તેને જોઇ હે પુત્ર ! કે

મ તને દયા પેદા થતી નથી ? તું માતા પીતાની રજા લીધા વગર કયારે પણ ગયો નથી, હે પુત્ર ! અમોને પુછયા વિના કેમ લાંબે રસ્તે ચાલ્યો ગયો ? હવે હું કોની ચેહનાં અધ્યયનની સારી વાણી સાંભળીશ ! હે પુત્ર ! તને અને પછી તારાં મનને હરનારા સુંદર વાકયને યાદ કરતાં આજ મારૂં હૃદય ફાટતું નથી, માટે જરૂર લોઢાનું છે. હું અવસ્ય કોશલપતી દશરથને અતી પુન્યવાન માનુંછું, કે જેણે રામવનમાં ગયા ત્યારે પુત્રના દુખથી બળતાં પ્રાણ ત જી દીધાં, પણ પુત્રનો નાશ થતાં નહી નાશ થવાથી મને ધીક્કાર છે. હે ગોવિંદ ! વીષ્ણુ ? યાદવોના નાથ ! શ્રી રૂક્મિણીના પ્રાણપતી ! મને પુત્રના અગ્નિ સરખા દુખ રૂપ તાપથી બચાવો. મારાથી બીજો કોઇ પણ મુર્ખ થશે નહી કે જેણે શ્રીકૃષ્ણનાં વાકયને ઓલંગી પુત્રની દુષ્ટ આશા કરી. ભાગ્ય વગરનો કોણ ભાગ્યથી નાશ પામેલી વસ્તુને મેળવે છે, આવો શ્રીબૃહન્નારદીય પુરાણનાં પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રી નારાયણને નારદના સંવાદ વીષે દઢધન્વાના ટુંક આખ્યાનનો સુદેવવીલાપ નામે સત્તરમો અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૧૮ મો.

નારદ બોલ્યો—હે તપોનીધી ! તે પછી સાક્ષાત ભગવાન વાલ્મીકીએ દઢધન્વારાજાને શું કહ્યું તે કહો શ્રી નારાયણ બોલ્યા—તે રાજઋષિ પોતાનું પુર્વનું વૃતાંત સાંભળી વાલ્મિકીને પુછવા લાગ્યા. દઢધન્વાએ પુછયું-હે મહારાજ ! તમારૂં સુંદર નવું નવું વચનામૃત પી પીને તૃપ્તિને પામતો નથી; માટે ફરીને તે પછીનું વૃતાંત કહો ! વાલ્મિકીએ કહ્યું-હે પૃથ્વિના પતી ! આમ તે બ્રાહ્મણ આક્રંદ કરતો હતો ત્યારે દશે દીશાઓને ગજાવતો વરસાદ

આવ્યો. મોટા ક્ષોભથી વીજળીના અવાજથી દીશાઓને પુરતો જાણે પર્વતોને ધ્રુજાવતો હોય તેમ વાયરો વાવા લાગ્યો. એ રીતે એક મહીના સુધી વરસાદ વરસ્યો પુત્રના શોકરૂપી તાપથી તપેલા એ બ્રાહ્મણે કશુંપણ જાણ્યું નહીં. હે પુત્ર ! હે પુત્ર ! એમ બોલતાં તેણે પાણી પીધું નહીં અનેભોજન પણ કર્યું નહીં. આમ તેના વીલાપ કરતાં જે મહીનો ગયો તે શ્રી કૃષ્ણનો વ્હાલો પુરૂષોત્તમનું સેવન થયું પુરૂષોત્તમના સેવનથી અતી પ્રસન્ન થતા, શ્યામ સુંદર વનમાળાથી શોભીત, પોતે વીષ્ણુ પ્રકટ થયા. વીષ્ણુના પ્રકટ થવાથી મેઘની પંક્તિઓ અદ્રશ્ય થઇ તેથી એ બ્રાહ્મણને પુરૂષોત્તમ શ્રી કૃષ્ણનાં દર્શન થતાં તરત ખોળામાં રહેલા પુત્રના દેહને ભોંય ઉપર રાખી સ્ત્રી સહીત તેણે આનંદથી શ્રી હરીને દંડવત કર્યા શ્રીકૃષ્ણજી મારા રક્ષણ કરનારા થાઓ, એમ વીચારતો બે હાથ જોડી ભગવાનના પાસે ઉભો રહ્યો ભગવાન પણ પુરૂષોત્તમના સેવનથી પ્રસન્ન થતા અમૃત વાણી બોલ્યા—અરે સુદેવ ! તમો હમણાં પુન્યવાન અને ભાગ્યવાન છો તમારૂં ભાગ્ય વર્ણવવાને ત્રણ લોકમાં કોણ સમર્થ છે ? હે તપરૂપિ ધનવાળા પુત્ર ! તારૂં જે ભવિષ્ય છે તે હું કહું છું માટે સાંભળ. હે વિપ્ર ! તને બાર હજાર વર્ષના આયુષવાળો પુત્ર થસે. હે દ્વિજોત્તમ ! હવે પછી તને પુત્રથી થયેલાં સુખની બાબતમાં સંકા નથી. મે પ્રસન્ન થવાથી આ પુત્ર તમને આપ્યો છે. સારી પ્રસન્નતાથી રૂદ્ર, ગંધર્વ, માનવો તારા પુત્રના સુખને જોઇ તારી ઉપર ચાહનાવાળા થશે: આ ઠેકાણે પૂર્વે માર્કંડેયમુનિયે રઘુરાજાયે કહેલો જુનો ઇતિહાસ તમને કહું છું. પૂર્વે કોઇ ધનુનામે મોટા મનવાળો, મુનિઓનો અધિપતિ પુત્રની પીડાથી બળેલા લોકોને જોઇ દીન મનવાળો થયો. પુત્રને અમર કરવાને ઇચ્છતાં તેણે અતિ ઉગ્ર તપ કર્યું જ્યારે હજાર વર્ષ વિતી ગયાં ત્યારે દેવ-

તાએચે તે મુનિને કહ્યું તારૂં કલ્યાણ થશે તારા મનમાં જે ધારેલ હોય તે વર માગ તારાં તીવ્ર તપથી અમે સર્વ પ્રસન્ન છીયે શ્રી નારાયણ બોલ્યા—આવું દેવતાઓનું વચન સાંભળી અતી તૃપ્તી પામેલા, તપોધને બુદ્ધિથી શોભિત અમર પુત્ર માગ્યો દેવોએ તેને કહ્યુ આવો પૃથ્વી ઉપર થયેલો નથી. ફરીને મુનિયે દેવતાઓને નિમિત્તથી આયુષ વાળો આપો એમ કહ્યુ દેવોએ કહ્યું શું નિમિત્ત તે કહે. તે મુનિએ કહ્યું જ્યાં સુધી આ મોટો પર્વત છે ત્યાં સુધી આયુષ કરો. દેવોએ કહ્યું તથાસ્તું આવું કહી ઇંદ્ર સહિત દેવો સ્વર્ગમાં ગયા. ધનુઃશર્મા બ્રાહ્મણ પણ થોડા વખતમાં તેવા પુત્રને પામ્યો. તે તેનો પુત્ર જે રીતે આકાશમાં શુકલ પક્ષનો ચન્દ્રમા વધે તે રીતે મોટો થયો. જ્યારે સોળમું વરસ બેઠું ત્યારે મુનિયોના અધિપતિ બ્રાહ્મણે પુત્રને કહ્યું. હે પુત્ર ! કયારે પણ સઘળા મુનિયોનું અપમાન કરવું નહિ, આવું શિખવતાં પણ નિમિત્ત આયુષવાળો બળથી છકી બ્રાહ્મણોનું અપમાન કરવા લાગ્યો. કોઈ વખત અતિ ક્રોધી મહિષ નામે મુનિ વિધિથી સુંદર, શાલિગ્રામનું પુજન કરતા હતા, તે સમયે તેણે ઉતાવળથી આવી તે મુર્તિને લઇ પોતાની ચપળતાથી હસિને પાણીથી ભરેલા કુવામાં નાંખી તેથી મહિષ મુનિએ ક્રોધ આવતા 'ધનુષનો પુત્ર આજજ મરો' એમ શાપ આપ્યો, છતાં પુત્રને નહિ મરેલો જાણી મનમાં વિચાર્યું કે દેવોએ આ ધનુષર્માના પુત્રને કારણસર આયુષવાળો કર્યો છે એમ વિચારમાં તત્પર થતાં તરત નિશાસો નાખ્યો. તેથી ક્રોડો પાડા પેદા થયા અને તેઓએ પર્વતનો ભુકો કરી નાખ્યો. તે વખતે અતિ છકેલો મુનિનો પુત્ર મરણ પામ્યો તેના મરણ દુઃખથી ધનુશર્મા બ્રાહ્મણ વારંવાર વિલાપ કરવા લાગ્યો. બહુ રીતે વિલાપ કરી પુત્રના શરીરને લઈ પુત્રના દુઃખથી અતિ પીડા પામતાં

ગ્હેમાં પેઠા, આમ જેઓ હઠથી પુત્ર મેળવનારા છે તેઓ ક્યાંય પણ સુખ પામતા નથી. માટે હે તપોધન ! વિનતાના પુત્ર ગરૂડ જે આ પુત્ર આપેલ છે તેથી તું જગતમાં વખાણવા યોગ્ય ને પુત્રવાન થઈશ. હે નિષ્પાપ ! પુરૂષોત્તમની મોટાઈ પ્રસન્ન થઈ મેં આ તારા પુત્રને ઘણો વખત રહેનાર કરયો છે. માટે તે સુખ આપનાર થશે. હે બ્રાહ્મણોમાં ઉત્તમ ! સદા કાળ પુત્રની સાથે અતુલ ગૃહસ્થપણાને ભોગવ્યા પછી બ્રહ્મ લોકમાં જઇ ત્યાં મોટું સુખ દેવતાનાં હજાર વર્ષ સુધી ભોગવી પૃથ્વિતલ ઉપર જઈશ ત્યાં ચક્રવર્તી રાજા થઈશ ! સમૃદ્ધિવાળી સૈન્યને વાહન વાળો દઢધન્વા એ નામથી વિખ્યાતિ પામેલો દશ હજાર વર્ષ સુધી અક્ષયબળ ને સામર્થ્ય વાળું, ઇંદ્રના પદથી શ્રેષ્ટ પૃથ્વિનું રાજ્ય ભોગવિશ, ત્યારે આ તારા અર્ધ અંગને હરનારી ગૌતમી પટરાણી નિત્ય પતિની સેવામાં પ્રીતિવાળી ગુણસુંદરી નામે થશે, ચાર પુત્રો રાજનીતિમાં કુશલ થશે, એક મહા ભાગ્યવાળી, સુશીલ, અતિ સુંદીર સુખ વાળી કન્યા થશે, હે મહાભાગ્ય ! સુર ને અસુરો અતિ દુઃખે મેળવી શકે એવાં સુખો ભોગવી હું પૃથ્વિની પીઠ ઉપર કૃતાર્થ છું. એવા અજ્ઞાનથી મોહ પામતાં અતિ દુઃખે તરાય એવા સંસારના વિષયોથી મન સેવાવાને લીધે જ્યારે સંસારરૂપ સમુદ્રથી તારનારા વિષ્ણુને ભુલિશ, ત્યારે હે વીપ્ર ! આ તારો પુત્ર પોપટ થઇ વનમાં વડનાં ઝાડનો આશરો લઈ વારંવાર વૈરાગ્યને ઉપજાવનારા શ્લોક ભણતાંજ તને આવો ઉપદેશ દેશે. પોપટે કહેલું વચન સાંભળી ઉદાસ મનથી તું ઘેર આવિશ. પછી વિષયથી થતાં સુખને છોડી ચિંતારૂપિ સમુદ્રમાં ડુબતાં હે બ્રાહ્મણ ! તને વાલ્મીકિ આવી બોધ દેશે. તેના વાકયથી સંદેહ જતાં તું શરીરને છોડી સ્ત્રી સહિત પુનર્જન્મથી રહિત વિષ્ણુંના સ્થાનને પામિશ. આવું વિષ્ણુ કહેતા હતા ત્યારે બ્રાહ્મણનો

પુત્ર ઊભો થયો. તેને જોઇ તે શ્રી પુરૂષ મોટા આનંદવાળાં થયાં અને સર્વ દેવોએ પણ પ્રસન્ન થતાં પુષ્પોની વૃષ્ટિ વર્ષાવી. શુકદેવ પણ શ્રીહરિને તથા બે માતા પિતાને પગે લાગ્યો. અને ગરૂડ પણ તે બ્રાહ્મણને પુત્ર સહિત જોઇ અતિ સંતોષ પામ્યો. તે વખતે બ્રાહ્મણ ચકિત થઇ શ્રી હરિને વંદી તથા બે હાથ જોડી જગતના ઇશ્વર વિશ્ણુ પ્રત્યે હૃદયમાં રહેલી શંકાને ટાળવા હર્ષથી ગદગદ વાણીવડે બોલ્યો. હે સંકટને હરનાર વિશ્ણુ ! મેં જ્યારે નિરંતર ચાર હજાર વર્ષ દુઃખેથી કરાય એવું તપ કર્યું ત્યારે તમે ત્યાં આવી જે મને આકરૂં વચન કહ્યું કે-હે વત્સ ! મેં આજ જોયું કે તને પુત્ર નથીજ. તે વચનને છોડી મારા મુવેલા પુત્રને જીવાડવાનુ કારણ કહો ? આવા શ્રી બ્રહન્નારદીય પુરાણનાં પુરૂષોત્તમ માહાત્મ્યના શ્રી નારાયણને નારદના સંવાદવિષે સુદેવ પુત્ર જીવનનામ અઢારમા અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૧૯ મો.

સુત બોલ્યા--હે ઋષિઓ ! આ પ્રમાણે બોલતા મુનીને ઉત્તમ વાણીથી જાણે પ્રસન્ન કરતા હોય તેમ નારદ પુછવા લાગ્યા. હે તપોનિધિ ! પ્રસન્ન થયેલા વિશ્ણુએ સુદેવને શું કહ્યું ? શ્રી નારાયણ બોલ્યા---આ રીતે મહાત્મા સુદેવે જણાવેલા ભક્તવત્સલ ભગવાન વિશ્ણુ વાણીથી પ્રસન્ન કરતાં ઉત્તર આપવા લાગ્યા. વિષ્ણુ બોલ્યા-દ્વિજરાજ ! તમે જે કર્યું તે બીજો નહિ કરે, જેથી હું ઘણો સંતોષ પામ્યો તે તમે અચિત જાણતા નથી. આ મારો વ્હાલો માસ જે પુરૂષોત્તમ ગયો તેની સેવા સ્ત્રી સહિત શોકમાં ડુબેલા તમોને થઇ એ પ્રમાણે હે તપોનિધિ દ્વિજોત્તમ જે માણસ આ મારા પુરૂશોત્તમ માસમાં અપવાસ કરે છે એ પણ અનંત પાપોને બાળી દેવનાં વિમાનમાં બેસી વૈકુંઠમાં જાય છે. તમે સમય વગર વર્ષા આવવાથી

આહારથી રહિત રહ્યા, ત્રણ કાળમાં તમને દિવસે દીવસે સ્નાન થયું હે તપોધન ! તમે આખા મહિના સુધી વરસાદમાં સ્નાન કર્યું અને ત્યાં સુધી તમને અખંડિત ઉપવાસ થયા. શોક રૂપિ સમુદ્રમાં ડુબતાં તમને અજાણતાં પણ પુરૂષોત્તમનું સેવન થયુ. અનાયાસ સાધનનું કોણ પ્રમાણ કરી શકશે ? બ્રહ્માએ દેવોની પાસે એક તરફ જે વેદમાં કહેલાં છે તે સઘળાં સાધનો લેઈ એક તરફ પુરૂષોત્તમને તોલ્યો બીજાં સાધનો હલકાં થયાં. અને પુરૂષોત્તમ ભારે થયો; માટે પૃથ્વિમાં રહેલા લોકો પુરૂષોત્તમને પુજે છે. માટે હે પુત્ર ! તમે હમણાં સર્વ રીતે ધન્ય છો કે જેથી આમાં તમે ઉગ્ર, અતિ દારૂણ તપ કહ્યુ. મનુષ્ય જન્મ ધરીને શ્રી પુરૂષોત્તમ મહિનામાં જેઓ ન્હાવાથી ને દાન દેવાથી રહિત છે તેઓ જન્મ જન્મમાં દરિદ્રી થાય છે. તે કારણથી મારો વ્હાલો પુરૂષોત્તમ સંપુર્ણ મનથી સેવવો. પુરૂષોત્તમને સેવનાર છે તે પુન્યવાન ને ભાગ્યવાન નર મારા પ્યારાપણાને પામે છે, શ્રી નારાયણ બોલ્યા—હે મુની ! આ હું કહી તરત જગદીશ્વર વીષ્ણુ ગરૂડ ઉપર બેસી વૈકુંઠમાં ગયા. સુદેવ પણ પુરૂષોતમની સેવાથી શુકને મરણથી ઉઠેલો જોઇ સ્ત્રી સહીત રાત્રિ દીવસ અતી આનંદ પામ્યો. અજાણતાં પણ મારી પુરૂષોત્તમની જે સેવા થઇ તેજ સફલ થઈ કે જેથી પુત્ર મરેલો જીવ્યો. અહો ! આવો માસ ક્યારે પણ જોયોજ નથી. આવો વીસ્મય પામવાથી તે માસને પુજ્યો. તે પુત્રની સાથે સ્ત્રી સહીત. અત્યંત સુખ પામ્યો અને શુકદેવ પણ સત્કારેથી પીતાને આનંદ દેવા લાગ્યો. કર્મના માર્ગની ચાહના છોડી ભક્તિના માર્ગની એક ઇચ્છાવાન થઇ તે માસને તથા વીષ્ણુને વખાણતાં આદર સહીત પુજવા લાગ્યો.

સઘળા દુખોને ટાળવાવાળા પુરૂષોત્તમ માસને અને તેમાં શ્રીહરીને જપ હોમ વગેરેથી સ્ત્રી સહીત સેવવા લા

... તે બ્રાહ્મણ નીરંતર હજાર વર્ષ પર્યંત તમામ સુખ
...ભ્યા પછી શ્રી સહીત યજ્ઞ કરનારાઓને તો કયાંથી મ
..., પણ યોગીયોને દુખે મળે એવા ઉત્તમ લોકમાં ગયો
... હરીની સમીપમાં જઈને વસનારા શોક પામતા નથી
... થયેલા સુખને પામી સ્ત્રી સહીત પૃથ્વિમાં આવ્યા,
... તમેં દ્રઢધન્વારાજા પ્રસિદ્ધ છો. પુરૂષોત્તમના સેવનથી
...ળ સમૃદ્ધિને સેવનાર છો. હે રાજા ! આ પટરાણી અગે
...વે પતીવ્રતા ગૌતમી હતી. હે પૃથ્વિને પાળનાર ! તમેં
મને જે પુછયું એ સઘળું તમને કહ્યું પોપટ તો પુર્વ જન્મ
માં તમારો જે પુત્ર શુકદેવ જે વીષ્ણુએ જીવાડેલો હજાર વર્ષ
આયુષ ભોગવી વૈકુંઠ ગયો હતો તેજ અરણ્યનાં તળાવમાં
વડલાના ઝાડનો આશરો કરનાર છે. તમને પુર્વ જન્મના
પીતાને આવેલા જોઈ પોપટે અત્યંત કૃપા આવવાથી વીચા
ર્યું કે મારા હીતોને કરનારા, પ્રત્યક્ષ દેવરૂપ, વીષયરૂપી સ
ર્પોથી દોષવાળા સંસારરૂપી સમુદ્રમાં ડુબેલા રાજાને ઉપદેશ
નહી કરૂં તો મને પણ બંધન થશે. વળી જે પુત્ર પું નામના
નર્કથી પીતાને તારે છે તે પુત્ર આવું મારૂ વેદના
અર્થનું જ્ઞાનપણું આજ અવશું થશે. માટે પુર્વે જન્મના પી
તાનું ભલું કરૂં આવું ધારી હે રાજા ! પોપટે તમને વચન
કહ્યું હે નીષ્પાપ ! આ પ્રમાણે તમેં પુછયું એ સઘળું કહ્યું,
હવે પછી હું પાપને ટાલવાથી સરયુ નદી તરફ જઈશ, શ્રી
નારાયણ બોલ્યા—આવા કીર્તીવાળા રાજાના આગલા જન્મના
ચરીત્રને આ રીતે કહીને જતા મુનીને સમજાવી નમતા, નહી
ગણી શકાય એવા પુન્યવાળા, રાજાઓના રાજાએ કંઇ પણ
કહ્યું આવો શ્રીબ્રહ્નન્નારદીય પુરાણના શ્રીપુરૂષોત્તમ મહાત્મ્યના
શ્રીનારાયણને નારદના સંવાદે વિષે વાલ્મીકીએ કહેલાં દ્રઢધ
ન્વાના ટુંક આખ્યાનમાં પુરૂષોત્તમની મોટાઈને કહેવાના ના
મવાળો ઓગણીશમો અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૨૦ મો.

સુત બોલ્યો—હે બ્રાહ્મણો ! નારાયણના મુખથી દ-ઢધન્વાનું પુર્વનું બનેલું ચરીત્ર સાંભળી નહીં ઘતી ત્રાસ પામેલ નારદ, મુનીને પુછવા લાગ્યા. નારદે પુછ્યું—હે ત-પરૂપી ધનવાળા ! નારાયણ મહારાજાએ મુનીયોમાં શ્રેષ્ટ એવા વાલ્મીકીને શું પુછ્યું ? તે મને અતી વીસ્તારવડે કહો શ્રીનારાયણે કહ્યું—હે નારદ ! દઢન્વાએ પુછ્યુ-હે મુની ! મોક્ષને ઇચ્છનારાઓએ એ પુરૂષોત્તમ માસ શી રીતે કરવો ? કયા દેવની, કેવી રીતે પુજા કરવી ? શું દાન અને કયો વીધી કરવો ? આ સઘળું લોકના હીત માટે મને કહો કેમકે આપ જેવાઓ સર્વ લોકના હીત માટે કરે છે, આ મહીનો પોતે પ્રત્યક્ષ ભગવાન પુરૂષોત્તમ રૂપ છે, તે કરવાથી એ તમારા મુખથી મોટું પુન્ય સાંભળ્યુંછે. પુર્વ જન્મમાં હું બ્રાહ્મણોમાં ઉત્તમ સુદેવ થઇને પુત્રને જીવતો થયેલો જોઈ વીધી વડે માસને કરતો હતો. હે બ્રહ્મન ! પુત્રના શોકથી અચેતન અને નીરંતર અહારને તજતાં અજાણતાં પણ મારો પુરૂષોત્તમ માસ ગયો. તેનું પણ એ ફળ થયું કે મારો મરેલો પુત્ર સુકદેવ જીવતો થયો, અને હરીના કહેવાથી મેં અનુભવ કરેલા એ માસને સેવ્યો. હે તપોધન ! આ જન્મમાં તે બધુ હું ભુલી ગયો; માટે ફરીને વીસ્તારથી એની પુજાઓ વીધી મને કહો વાલ્મીકીએ કહ્યું બ્રાહ્મ મુહુર્તમાં ઉઠી પરબ્રહ્મનું ધ્યાન કરવું, પછી મોટાં પાણીનાં વાસણ સહીત નૈરૃત્ય દીશામાં જવું. પુરૂષોત્તમના સેવકે ગામથી ઘણું દુર જવું. દીવસેને સંધ્યા વખતે કાન ઉપર જનોઇ રાખી ઉત્તરમાં મુખ કરી વસ્ત્રથી મસ્તકને વીટી ઘાસ પૃથ્વીને, ઢાંકી યત્નથી મ્હોંઢાને નીયમમાં રાખી થુંકવું નહી, અને શ્વાસ પણ લેવો નહી. જો રાત્રીમાં પેશાબ, દસ્ત કરવો હોય તો દક્ષીણ દીશામાં મુખ રાખી ગુહ્યેન્દ્રિય ગ્રહણ કરી કરવો, પછી

લ્હીને પવીત્ર માટી લઈ આળસ છોડી ગંધન. લેપને ક્ષય કરનારૂં સૌચ કરવું સૌચ કરી ને માટી અને પાણીથી પગને હાથ ધોઇ. નદી વગેરેમાં ગુદાધોવી નહી, પણ બહાર કહાડેલાં જળથી ધોવી. જળ નહી કહાડતાં તીર્થમાં ગુદા ધોવી હોચ તો બે હાથ જેટલામાં ચાલના જળને છોડી ન્હાના પ્ર વાહના જળવડે ધોવી, પછી તે તીર્થને શુદ્ધ કરવું, નહી તો તે અશુદ્ધ થાય છે. આ રીતે પુરૂષો-તમના સારા વ્રત વાળાએ સૌચ કરવું, તે પછી સોળ અથવા બાર કોગળા કરવા અને મુત્રનો ત્યાગ કરવામાં ગ્રૃહસ્થે આઠ કે ચાર કોગળા કરવા. પછી ત્યાંથી ઉઠી નેત્ર ધોઇ અને, હે વનસ્પતી ! આયુષ, બળ, કીર્તી, તેજ પ્રજા, પશુ ધન બ્રહ્મમાં બુદ્ધિ ધારણવાળી બુદ્ધિ તું અમને દેઆ મંત્ર બોલી બાર આંગળ જેવડું, ગાંઠા વગરનું ટચલી આંગળીના જેવું જાડું પર્વના અર્ધ ભાગમાં કુચો કરી અંધોલનું કે બોરડીનું દાતણ કરવું. રવીવારે દાતણની મનાઈ છે; માટે બાર કોગળાથી પવીત્ર થયા પછે પ્રાતકાળમાં સારી રીતે પ્રસન્ન થઈ આચમન લઇ સ્નાન કરવું સ્નાન કર્યા પછી પ્રથમ તીર્થના દેવતાઓનું તર્પણ કરવું. સમુદ્રમાં જનારી નદીનુ ઉત્તમ કહેલ છે. વિદ્વાનોએ વાવ કુવા તલાવોમાં ન્હાવું મધ્યમ કહ્યુ છે, અને ગ્રૃહસ્થને ઘેર ન્હાવું સામાન્ય કહ્યું છે. નાહ્યા પછી વીદ્વાન બ્રાહ્મણે ધોળાં ને પવીત્ર બે વસ્ત્ર ધારણ કરવું પવીત્ર ભાગમાં પુર્વ મુખ કે ઉત્તર મુખ વેસી, ચોટલી બાંધી, બે હાથને ટીંચણ માંહે કરવા. પવીત્રી સહીત હાથે આચમનની ક્રિયા કરવી, તે પવીત્રી અપવીત્ર હોવી જોઈએ, જમ્યાથી અપવીત્ર હોય તો તજી દેવી. આચમન લઇ ગોપીચંદનની માટીવડે સરખું, લાલ્હીને આકારે સુંદર ઉભું ટીલુ કરવું. ઉર્ધ્વપુંડ કે ત્રિપુંડ કરવું. તેની વચમાં છીદ્ર કલ્પવું. ઊભા ટીલામાં લક્ષ્મી ને સાથે વીષ્ણ પોતે વસે છે આડા ટીલામાં સદા પર્વતીરી સાથે

શંકર સાક્ષાત રહે છે, પણ છીદ્ર વીનાનું તે ટીલું શ્વાન ના પગ સરખું ગણાય છે. ધોળુ ગોપીચંદન મનુશ્યોના જ્ઞાનને કરનાર, રાતું વશ કરનાર અને પીળું સર્વ સમૃદ્ધી ને દેનાર કહ્યુ છે; માટે બીજાનો ત્યાગ કરવો. સર્વ પાપો ના ક્ષયનેકરનારને પુજાનું અંગ કહેલ છે માટેશંખ ચક્ર વગેરે ગોપીચદનની માટી વડે ધારણ કરતાં જેના દેહમાં શંખ ચક્ર વગેરે ચિન્હો દેખાય છે તે મનુશ્યને મનુશ્ય નહિ જાણવો, પરંતુ તે નિરંતર ભગવાનના શરીરરૂપ છે. જે નિત્ય શંખ ચક્ર વગેરેનાં ચિન્હો ધારે છે તે દેહધારીનુ પાપ પુન્યરૂપ થાય છે. જેનો દેહ નારાયણનાં અયુધોથી નિત્ય ચિન્હવાળો છે તે કોડ પાપોથી યુક્ત માણસને યમ પણ શું કરિ શકે છે ? માટે તે કર્યા પછી પ્રાણાયામ કરી સંધ્યાવંદન કરવું. પુર્વ કાળની નક્ષત્ર સહિત સંધ્યા વિ- ધિ કરવી જ્યાં સુધી સુર્ય દેખાય ત્યાં સુધી ગાયત્રી ભણવી બે હસ્ત જોડી તથા પોતાના પગને પૃથ્વિ ઉપર ધારણ કરી પાપને હરનારા, ગાયત્રીના મંત્રોથી સ્તુતિ કરી સંધ્યા વખતે નમન કરવું. [यस्य स्मृत्वा च नमोक्त्या] આશ્લોક રુપ મંત્રથી જે અધુરૂ હોય તે પુરૂ કરવું. જે બ્રાહ્મણ શ્રદ્ધાથી વિધિ સહિત સંધ્યા સેવે છે તેણે ત્રણ લોકમાં કશુ પણ દુઃખે મેળવાય એવું ની મતલબમાં સર્વ વસ્તુ તેના આધીન રહે છે આ દિવસના પ્રથમ ભાગમાં કરવાનું કહ્યુ. આ પ્રમાણે નિત્યનું કર્મ કરી વિશ્ણુંની પુજા લિપેલા પવિત્ર ભાગમાં પ્રયત્નથી વાણીને નીયમમા રાખી પવીત્ર થઇ કરવી. ગાયના છાણથી ગોળ કે ચોખંડું પોતનું કરી વ્રતની સીદ્ધી સારૂ ચોખાથી અષ્ટદલ કરવું. મંડળની પો- તનાની ઉપર શુદ્ધ, ખાડા ખડબાથી રહીત કલશ ને તેમાં સારા તીર્થથી આણેલું સારૂ પાણી ભરી રાખવું. કલશના મુખના ભાગમાં વીશ્ણુ, ને કંઠના ભાગમાં રૂદ્ર, આશ્રય કરે છે તેના મુળભાગમાં બ્રહ્મા તથા મધ્ય ભાગમાં માતા-

એના સમુદ્ર રહેનારા કહ્યા છે. કુખના ભાગમાં સર્વ સમુદ્ર, સાત દ્વીપવાળી પૃથ્વી અને અંગો સહીત ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ અને અથર્વ આ સર્વ વેદ કલશમાં આશ્રય કરે છે, આથી કશની સ્થાપના કરી તેમાં તીર્થોની કલ્પના કરવી. આમાં મારી શાંતીને સારૂ પાપોને ક્ષય કરવાને કારણે ગંગા ગોદાવરી, કાવેરી, અને સરસ્વતી આવો. આવું કહ્યા પછી મંત્ર સહિત ઉપચારો, ચંદન ચોખા નૈવેદ અને તે કાળમાં ખીલનારાં ફુલોથી કલશની પુજા કરવી પછી તેની ઉપર પીળા વસ્ત્રથી વિંટેલું તાંબાનું ઠામ (ત્રભાણું) રાખવું. તેની ઉપર રાધાની સાથે સોનાના વિષ્ણુ રાખવા. રાધાજી સહિત સોનાના પુરૂષોત્તમ કરવા, અને ભક્તિમાં તત્પર થઈ વિધીથી તેની પુજા કરવી પુરૂષોત્તમ માસના દેવતા પુરૂષોત્તમ ભગવાન છે માટે પુરૂષોત્તમ માસ આવે ત્યારે પુરૂષોત્તમની પુજા કરવી. મરણના ધર્મવાળો કયો માણસ જરૂર સંસાર સમુદ્રમાં બુડલાને તારે છે તેને જગતમાં નહિ સેવે ? ગામ ધન, પુત્ર ઘર, તે સારૂ નઠારૂ કર્મ ફરી ફરી પ્રાપ્ત થાય છે પણ શરીર ફરી ફરી પ્રાપ્ત થતું નથી માટે તેની ધર્મ કાજે રક્ષા કરવી. જ્ઞાન સારૂ સાચવવાં અને જ્ઞાનથી મોક્ષ સુખે મળેછે માટે ધર્મ કરવો. દેહરૂપિ ઝાડ ફળ જુનો ધર્મ છે; માટે ધર્મથી હીન જે દેહ તે ફળ વગરના ઝાડના જેવો નિષ્ફળ છે સહાયને તારૂ માતા, સ્ત્રી, પુત્ર સગા ભાઇયો અને ધન વગેરે એકે રહેતું નથી, પણ એક ધર્મ રહેછે. દીપડીના જેવી વૃદ્ધાવસ્થા ભય દેનારી છે, રોગો શત્રુઓના જેવા છે અને દિવસે ભાગેલા વાસણમાંથી પાણી ચાલ્યું જાય તેમ આંયુષ ચાલ્યું જાય છે. લક્ષ્મી સમુદ્રના મોજાના જેવી ચંચલ, યૌવન પુષ્પના જેવું ગ્લાન થનારૂ અને સઘળા વિષયો સ્વપ્નના વિષય જેવા નિરર્થક છે. ધન જતું રહે એવું ચિત્ત ચંચળ, અને

સંસારનું સુખ ચલાયમાન છે આવુ જાણી વૈરાગ્યવાન, થઈ ધર્મના અભ્યાસમાં તત્પર થવું. જેમ સર્પે અર્ધગ ળેલો દેડકો માખીને ખાવા ચાહે તેમ કાળે ગળેલો જીવ પારકાને પીડા દઇને ધન મેળવવા ચાહે છે. અહો ! મૃત્યુએ ગળેલ આયુષ્યવાળા પુરૂષને શું સુખ હ ર્ષ પમાડે છે? શુળી ચડાવા લઈ જતા નરના સુખની પે ઠે નીરર્થક છે. જ્યારે ચીત્ત ધર્મને અર્થે હોય ત્યારે ધન સુખેમળતુંનથી જ્યારેધનહોયત્યારેચીત્તધર્મમાંતત્પરહોતુંનથી. જ્યારે ચીત્ત ને ધન હોય ત્યારે સારૂં પાત્ર મળતું નથી, જે વખતે આ ત્રણેનો સંબંધ હોય ત્યારે કઈ પણ વીચાર ન કરતાં ધર્મ કરે છે તે બુદ્ધિમાન છે, ઘણા ધનથી બ ને એવાં ધર્મો હજારો છે પણ પુરૂષોત્તમમાં અતી થોડા ધનથી મને અવો મોટોધર્મ થાયછે,શ્રાનદાનઅનેથામાંવિષ્ણુથી સ્મરણ આ પ્રમાણે થયેલો પણ ધર્મ મોટા ભયથી રક્ષા કરે છે કેમકે જેમ ગંગાએજ તીર્થ, કામદેવ એજ ધનર્ધા રી, વિદ્યા એજ ધન અને ગુણો એજ રૂપ છે. તેમ સર્વ માસોમાં આ ઉત્તમ માસજ પુરૂષોત્તમ (વીષ્ણુ) રૂપ છે કેમકે આ પુર્વે સઘળાં યજ્ઞાદી કર્મોમાં અતી નીંદવા યો ગ્ય માસ હતો; તો પણ સાક્ષાત ભગવાનની કૃપાથી તેમ ના નામ સરખા નામથી પૃથ્વીમાં પ્રસીદ્ધ થયો. જેમ હા થીના પગલામાં સર્વ પ્રાણીનું પગલું સમાઈ ગયેલું બની શકે, તેમ સઘળા ધર્મ તથા કાળ પુરૂષોત્તમમાં સમાયેલા છે જેમ દેવ નદી ગંગાની સમાન સર્વ નદીઓ નથી, ક લ્પવૃક્ષની બરોબર સર્વ ઝાડ નથી, પૃથ્વીમાં ચિંતામણી ની બરોબર બીજા રત્નો નથી, કામધેનુની સમાન બીજી ગાયો નથી, સજ્જનીસમાનપુરૂષો નથી, વેદોનીસમાન શાસ્ત્રો નથી, તેમ સર્વ પુણ્યોના કાળ અને માસ કયારે પણ પુ રૂષોત્તમ માસની સમાન નથી. પુરૂષોત્તમ મહીનાના દેવતા

પુરૂષોત્તમ છે. માટે ભક્તિ ને શ્રદ્ધાથી પુરૂષોત્તમને પુજવા. શાસ્ત્રને જાણનાર, પવીત્ર સત્ય બોલનાર, વૈષ્ણવ, બ્રાહ્મણ આચાર્યને બોલાવી તેની મારફત પુજા કરવી. આ ભરતખંડમાં જેની અંદર રહેલા, મોહ ને કામ વગેરે મોટા માછલાઓનો જથ્થો છે, એવા અતી ઉંડા સંસારરૂપી સમુદ્રને તરીપાર જવા જે ચાહે છે તેણું આદી દેવ પુરૂષોતમને પુજવા આવો શ્રીબ્રહન્નારદીયપુરાણનાં પુરૂષોત્તમ માહાત્મ્યના શ્રી નારાયણને નારદના સંવાદવીષે દઢધન્વાના ટુંકા આખ્યાનનો આન્હિકકથન નામેં વીશમો અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૨૧ મો.

વાલ્મીકી બોલ્યા—ધાતુમય મુર્તીનો અગ્નિ સંસ્કાર કર્યો પછી પ્રાણપ્રતીષ્ઠા કરવી. ન કરે તો ધાતુજ ગણાય તે. જમણા હાથે કરી પ્રતીમાના બે ગાલનો સ્પર્શ કરી તે મુર્તિમાં દેવપણાની સિદ્ધિ સારૂ વિષ્ણુ દેવના વાયુની પ્રતીષ્ઠા કરવી. મુર્તિઓમાં પ્રાણોની પ્રતીષ્ઠા કર્યા વીના પ્રથમ જે ધાતુ હતી તેવીજ રહેછે પણ તેમાં દેવાતન પ્રાપ્તથતું નથી. હે રાજા બીજા! દેવોની પ્રતીમાઓમાં પણ તેઓના દેવપણાની સીદ્ધિ સારૂ પ્રાણ પ્રતીષ્ઠા કરવી. (તાદ્વિષ્ણો). ઈત્યાદી મંત્રના પુરૂષોત્તમના બીજથી મંત્રને જાણનારે મુર્તિની પેઠેહૃદય અંગુઠોરાખીઆ(આગળકેહેલા)મંત્રોથી હૃદય પણ પ્રતીષ્ઠા કરવી (अस्यै प्राणाः प्रतिष्ठन्तु अस्यै प्राणाः क्षरंतु च अस्यै दवत्वसंख्यायै स्वाहा.) આ યજુર્વેદનો મંત્ર બોલી આ રીતે વેદના મુલ મંત્રને અંગના મંતરોથી સર્વે પ્રતીમાઓમાં પ્રાણો (વાયુઓ) ની પ્રતીષ્ઠા કરવી. અથવા ચોથી વિભક્તિ જેના અંતમાં છે અને સ્વાહા જેના અંતમાં છે એવા નામના મંત્રોથી પ્રયત્નવડે તે તે દેવોને સંભારતાં પ્રતીષ્ઠા કરવી. આમ પ્રાણોની પ્રતીષ્ઠા કરી શ્રી પુરૂષોત્ત

અનું ધ્યાન કરવું જેની છાતિમાં શ્રીવત્સ ચિન્હ છે, એવા શાંત, નીલકમલની પાખડીના સરખી કાંતિવાળા ત્રણ વાંકા ભાગોથી સુંદર રાધા સહિત પુરૂષોત્તમનું નિરંતર ધ્યાન કરવું. દેશ તથા કાળને ધારી જાણીને નિયમમાં રાખી પવિત્ર તથા નિયમવાળા એ સોળ ઉપચારોથી પુરૂષોત્તમને પુજવા હે દેવોના દેવ ! હે ઇશ્વર ! પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ! આહું રાધા સહિત તમેં મારૂં પુજન ગ્રહણ કરો. શ્રી રાધા સહિત પુરૂષોત્તમને નમું છું. આવાહન અર્પું છું. આમ કહી આવાહન કરવું. હે દેવોના દેવ ! ઈશ્વર ! પુરૂષોત્તમ આપ જુદાજુદા રત્નોવાળુ, સોનાથીશોભિત આસન ગ્રહન કરો. શ્રી રાધાસહિત પુરૂષોત્તમને આસન આપું છું, એમ કહી આસન દેવું. ગંગા વગેરે સર્વ તીર્થોથી મેં પ્રાર્થના કરી સુખકારી સ્પર્શવાળું જલ આણ્યું છે, એ પગ ધોવા ગ્રહણ કરો, એમ કહી પાદ્ય આપવું. હે હાર ! રાધા સહિત જે ગોપિયોના આનંદ માટે નંદરાય ઘેર જન્મ્યા છો તે આપ મેં આપેલું અર્ઘનું જલ અંગી કાર કરો આમ બોલી અર્ઘજલ દેવું, હે ઇંદ્રિયોના નિય તા ! જુના પુરૂષોમાં આપ સોનાના કલશમાં રહેલું, મેં આણેલું, ગંગાના જલનું આચમન કરો. આમ કહી આચ મનને દેવું. હે હરિ ! આપ બનાવનારની મેં આણેલાં પંચામૃતથી પુજા કરવાવડે મારૂં કામ સિદ્ધિ પામ્યો. આમ કહી હે રાધાને આનંદ દેનારા ! દુધ દહિ ઘી દ્રવ્ય મધ, અને સાકર આ દ્રવ્યો ગ્રહણ કરો, આમ બોલી પંચામૃ તથી સ્નાન કરાવવું. હે નાથ ! હે યોગના ઇશ્વર ! હે ગાયોના પાલક દેવ આપને નમું છું આપને નમું છું. હે નંદના પુત્ર કૃષ્ણ ! મેં ગંગાનાં જલના જેવું ઠંડું. નદી રૂપ, તીર્થમાં રહેલું ન્હાવા જલ આપ્યું છે તે ગ્રહણ કરો. આમ કહી ફરીને સ્નાન કરાવવું હે સુરોમાં શ્રેષ્ઠ

દેવ ! મેં ભક્તિથી સર્વ કામનાઓના અર્થની સિદ્ધિ સારૂ એ પીળાં વસ્ત્ર નિવેદન કર્યાં છે તે લ્યો. એમ કહી વસ્ત્રને આચમન દેવું હે દામોદર ! આંપને નમસ્કાર હો. મને સંસારરૂપી સમુદ્રની તારો. હે પુરૂષોત્તમ ! ઉતરીય વસ્ત્ર સહીત જનોઈ લ્યો. આવું કહી જનોઈ આચમન દેવું! હે સુરોમાં શ્રેષ્ઠ ! સુગધવાળું, અતી મનોહર, શોભીત, સુખડનું ચંદન લેપન સારૂ પ્રીતી માટે લ્યો. આમ કહી ચંદન દેવું, હે પુરૂષોત્તમ ! મેં ભક્તિથી, અતી શોભીત કુમકુમવાળા, અક્ષત નીવેદન કર્યા છે, માટે હે સુરોમાં શ્રેષ્ઠ ! તે લ્યો. આમ કહી અક્ષત દેવા. હે પ્રભુ! મેં પુજા સારૂ માલતી વગેરે ને માલ્ય વગેરે સુગધ પુષ્પો આણ્યાં છે તે અંગીકાર કરો. આમ કહિ પુષ્પો આપવાં પછી અગોની પુજા કરવી. નંદ યશોદાના પુત્ર, કેશી દૈત્યને મારનાર, પૃથ્વીના ભારને ઉતારનાર, અનંત, વીષ્ણુના રૂપને ધરનાર, પ્રદુમ્ન, અનીરૂદ્ધ. શ્રીકંઠ, સકલ અસ્ત્રધારી, વાચસ્પતી, કેશવ અને સર્વાત્મા આવી નામોં થી વીભક્તી જેનાં અંતમાં છે એવા જગતના પતીને એ પગ. ઘુટી, ગોઠણ જાંઘ, કેડ, ગુહ્યેદ્રીય, નાભી છાતી, કંઠ ભુજા. મુખ નેત્ર અને મસ્તક આ સર્વ અંગો પ્રત્યે, ક્રમથી પુષ્પો લઇ પુજા કરવી એક એક અંગની પુજા, ચોથી વીભક્તી જેના અંતમાં છે એવા કેશત્ર વગેરે અને ચોવીશ મંત્રોથી બીજી વારી પુષ્પ લઈ એક એક પ્રત્યે પુરૂષોત્તમને પુજવા. વનસ્પતીના રસરૂપ, શોભીત ગંધરૂપ સર્વ દેવોએ સુંઘવા યોગ્ય, ઉત્તમ આં ધુપ, ગ્રહણ કરો એમ બોલી ધુપ દેવો. તમેં સર્વ દેવોના જ્યોતીરૂપ, તે એમાં ઉત્તમ તેજરૂપ, આત્માના તેજરૂપ અને ઉત્તમ તેજરૂપ છો, માટે આ દીવો ગ્રહણ કરો, આમ

કહી દીવો કરવો. હે દેવ! નૈવેધ લ્યો. મને અચળ ભક્તિ આપો. મને ઈચ્છેલું વરદાન અને પરલોકમાં સારી ગતિ આપો. આમ કહી નૈવેધ ધરવું. મધ્યમાં પાણી આપવું પછી અપોશન દેવું. હે ત્રણલોકના તાપને નાશ પમાડનાર ! હે ઈંદ્રિયોના નિયંતા ! મેં આણેલું સોનાના કલશમાં રહેલું ગંગાજલ છે તેનું આચમન કરો. આમ કહી આચમન દેવું. હે દેવ ! મે આ ફળ આપની પાસે મુખ્યું છે તેથી મારી જન્મ જન્મમાં સફળ પ્રાપ્તિ થઓ આમ કહી શ્રીફળ દેવું. હે દેવ ! હે ! પરમેશ્વર ! ગંધયુકત કપુરવાળું કસ્તુરી વગેરેથી સુગંધી હાથનેચાફ કરવાનુ ચુર્ણ અંગીકાર કરો આમ બોલિ કરોદ્વર્તન દેવું. હેદેવ ! મેં ભક્તિથી આપેલું, સોપારી સહિત મનોહર તાંબુળ ગ્રહણ કરો, આમ કહી તાંબુળ દેવું. હે બ્રહ્માના ગર્ભમાં રહેલ, સુર્યકે અગ્નિ બીજરૂપ અને અનંત પુણ્યોના ફળને દેનારછો, માટે મને શાંતિ ધો. ! આમ કહી દક્ષિણા દેવી, હું શરદરૂતુના નીલ કમળના જેવા, શ્યાંમ, ત્રિભંગથી સુંદર આકારતાળા, દેવો ના પતિ, અને રાધાસહિત એવા વિષ્ણુને આર્તિ કરૂં છું આમ કહી આર્તિ કરવી હે જગતના નાથ ! રક્ષા કરો. હે ત્રણલોકના નાથ ! રક્ષા કરો. આપ ભકતોની ઉપર કૃપા કરનારછો, માટે પ્રદક્ષિણા ગ્રહણ કરો. આમ કહી પ્રદક્ષિણા દેવી. હે યજ્ઞોના પ્રતિ ! યજ્ઞથી થયેલ યજ્ઞના નિયંતા ! હે ગાયોના પતિ ! આપને વારંવાર વંદન કરૂં છું. આમ બોલી મંત્રથી પુષ્પ અર્પવાં. વિશ્વના ઇશ્વર ! હે વિશ્વમાં થયેલ વિશ્વના પ્રત ! હે ગોવિંદ ! આપને વારંવાર નમું છું. આમ કહી નમસ્કાર કરવા. (મંત્રહીન.) ઈત્યાદિ શ્લોકરૂપ મંત્રથી પુરૂષોતમની ક્ષમા માગી સ્વાહા જેના અંતમાં એવા મંત્રોથી દિવસે દિવસે તલનો હોમ કરવો. પુરા માસ સુધી પુરૂષોત્તમની પ્રીતે માટે અને સર્વ કામોના ફળની

સિદ્ધિ સાફ થીએ અખંડ દીવા કરવો. (વસ્ત્ર ૨૯ ના) ધંઆદિ મંત્રથી વિષ્ણુને પગે લાગી જે ઓછું હોય તે પુરૂં કરી સુખે ફરવું આ રીતે જે પુષ્પિતસમાં લય પામી પુરૂષોત્તમ આવે ત્યારે આનંદથી ભક્તિ વડે નવીન મેઘના સરખા શ્યામ, રાફા સહિત, એવા શ્રી પુરૂષોત્તમને દિવસે પ્રતિદિન વૈશ્ણવને ગુરૂ કરી પુજે છે તે અહિંના યથળાં અતુલ સુખને ભોગવી પછી ઉત્તમ પદને પામે છે. આવો શ્રી બૃહન્નારદીય પુરાણના પુરૂષોત્તમના માહાત્મ્યના શ્રીનારાયણને નારદના સંવાદ વિષે દધન્વાનાંટુંક આખ્યાનનો પુરૂષોત્તમ પુજાનવિધિ નામનો અકવિશમા અધ્યાય પુર્ણ થયો. ।। ૨૧ ।।

અધ્યાય ૨૨ મો.

રાજાએ પુછ્યું—હે પુરૂષોત્તમના વતવાળાએ શું ખાવું શું ન ખાવું? શું તજવું? અને શું ન તજવું? આ વગેરે નિયમોને વિસ્તારથી કહો. શ્રી નારાયણેકહ્યું—આ પ્રમાણે રાજાએ પુછેલા તેસમર્થ વાલ્મીકિ મુનિએ તેને બહુ માન આપતાં પુરૂષોના કલ્યાણ માટે કહ્યું. વાલ્મીકિ બોલ્યા—હે રાજા! પુરૂષોત્તમ મહિનામાં જે નિયમો કરવાના છે તે મારાથી ટુંકાણમાં સાંભળો. પુરૂષોત્તમમાં પ્રયત્નથી હવિસ્યાન્ન જમવું એટલે કે ઘઉ, સર્વ જાતના ચોખા, સાકર, મગ, જવ,તલ, કલાયક, કાંગ, નીવાર, ચીલ, હિલમો ચિકા, આદુ, તે કાળનું શાક, મુલા, રતાળુ વગેરે કંદ, કાકડી, કેળાંસિંધાલુણ, સમુદ્રનું લવણ, ગાયનું દહિં ઘી, દુધ માખણ, કહાડીલી ધા વગરની છાશ પનસ, કેરીઓ, હરડે, પીપર, જીરૂ, સુંઠ, આંબલી, સોપારી, લવલી આંબળાં, ગોળ વગર શેરડીથી બનેલી વસ્તુઓ અને તેલ વગેરેથી નહી પકવેલ હોય તેને મુનિયો હવિષ્ય કહે છે, મનુષ્યોએ હવિષ્ય જમવું તથા તે ઉપવાસ જેવું મનાય છે. સર્વ જાતનાં માંસો, મધ, મગ વગેરેનું સોવીર અડદ વગેરે કઠોળ રાઇ, તિશા કર-

નારા પદાર્થ, કાળ, તલનું તેને, અને લોહથી, ભાવથી, ક્રિયાથી તથા અવાજથી દોષવાળું અન્ન હોય તે તજવું. પારકાનું અન્ન, બીજાનો દ્રોહ, પર સ્ત્રીનો સમાગમ, અને તીર્થ વગર પરદેશમાં જવું એ પણ તજવું. પુરૂષોત્તમમાં દેવતા, વેદ, બ્રાહ્મણો, ગુરૂ, ગાય, વ્રતવાળા, સ્ત્રીઓ, રાજા, અને મોટાઓની નિંદા છોડી દેવી. ચુર્ણોમાં પ્રાણિનું અંગ માંસ છે, ફળમાં લિંબુ માંસરૂપ છે, ધાન્યમાં મસુર અને ટાઢું અન્ને માંસરૂપ છે. બકરી ગાય ને ભેંસના દુધ વગેરે માંસરૂપ છે સઘળા બ્રાહ્મણે વેચેલા રસો અને પ્રથ્વિમાં બને લુણ માંસરૂપ છે. તાંબાનાં વાસણમાં રહેલું ગાયનું દુધ, ચામડાની મશકમાં રહેલું પાણી ને પોતાને માટે રાંધેલું અનાજ એ પંડિતોએ માંસરૂપ માનેલ છે. પુરષોતમમાં બ્રહ્મચર્ય, ભોંય સુવું, પત્રાલીમાં જમવું અને ચોથે પહોરે ભોજન કરવું. પુરૂષોત્તમમાં રજસ્વલા વગર મ્લેચ્છ, પતીત, નીચ, બ્રાહ્મણોના દ્વેષી અને દેવતાને નહી માનનારાઓ સાથે બોલવું નહી. પુરષોત્તમમાં એઓયે અને કાગડાઓયે જોયેલું, સુતકનું અન્ન, રાંધેલાને ફરી રાંધેલું અને જે બળેલું અન્ન હોય તે નજ ખાવું. પુરૂષોત્તમમાં ડુંગલી, લસણ, મોથ, સાવની ભાજી, ગાજર, અડવીનાં પાદડાં, મુલા અને શીંગનો ત્યાગ કરવો. વ્રતવાળાએ આમા અને સર્વ વરતોમાં પણ આ પદાર્થો તજવા, અને વિષ્ણુને પ્રસન્ન કરવા. પોતાની શક્તિવડે કૃચ્છ વગેરે પણ કરવું. કોજું, ધોળાં વંતાક, ફળ, શાક, બીલાં, કાલિંગડાં, આમળાં, નાળીયેર, તુંબડા, પટોલાં, બોર, વંતાક વેલાનાં શાક, અને જલમાં થયેલા, શાક કમથી પડવા વગેરે પંદરે તિથિયો તજવાં તેમ ગ્રહસ્થે રવીવારે સદા આંબલાના ફળને તજવાં. પુરૂષોત્તમની પ્રીતી માટે જે કંઇ પણ તજવું તે ફરી બ્રાહ્મણને આપીને જમવું. હે રાજા વ્રતવાળાંએ કાર્તિક ને

માઘ માસમાં પણ આ નિયમો કરવા; કેમકે નિયમ વગર વરતવાળો ફળ પામતો નથી. જો શકિત હોય તો ઉપવાસથી પુરૂષોત્તમ પુરો કરવો અથવા યાચનાથી રહિત, ઘીનું પાન કે દુધનું પાન કરવું, અથવા વૃતની ઈચ્છા વાળાએ શક્તિ પ્રમાણે ફળાહાર વગેરે કરવું અને વરતનો ભંગ ન થાય તેમ સમજુલોકોએ કરવું, પુણ્યકારી દિવસે સવારમાં ઉઠી દીવસના પ્રથમ ભાગની ક્રિયાઓ કરી ભક્તિથી હૃદયમાં શ્રીકૃષ્ણને સંભારતાં નિયમ લેવો, હે ભૂમી પતી ! ઉપવાસના ને રાત્રિના એક ભુક્તનો એક નિશ્ચય કરી આ વ્રત કરવું પુરષોત્તમમાં ભક્તિવડે શ્રીમદભાગવત સાંભળવું; કેમકે બ્રહ્મા પણ વચનથી તેનું પુણ્ય કહેવા સમર્થ નથી. શ્રી પુરષોતમ માસમાં શાલિંગ્રામનું લાખ તુલસી પત્રથી પુજન કરવું, કેમકે તેનું અનંત પુન્ય થાય છે. શ્રીપુરૂષોતમ માસમાં કહ્યા પ્રમાણે વ્રત કરનારને જોઈ યમના દુતો જેમ સિંહને જોઇ હાથિયો નાસે તેમ નાસી જાય છે. હે રાજા ! આ માસનું વૃત સો યજ્ઞોથી પણ શ્રેરઠ છે- યજ્ઞ કરવાથી સ્વર્ગમાં જવાય છે; પણ પુરૂષોતમનું વરત કરવાથી ગોલોક મેળવાય છે. જે પુરૂષોતમનું વરત કરે છે તેના દેહમાં પ્રથ્વિમાં જે તીર્થો, ક્ષેત્રો ને સર્વ દેવ છે તેઓ રહે છે શ્રીપુરશોતમ માસનું વરત કરવાથી માઠાં સ્વપ્નાં, દરીદ્રપણું અને ત્રણ ત્રણ પ્રકારનાં તાપ તે સર્વ નાશ પામેછે ઇંદ્ર વગેરે દેવો પુરૂષોતમની પ્રીતી થવા માટે પુરૂષોતમની સેવામાં નિશ્ચલ, વિષ્ણુના સેવકને વિઘ્નથી બચાવે છે. જ્યાં જ્યાં પુમતવાળા રહેછે તેની આગળ ભૂત, પ્રેત, પિશાચ વગેરે રથી. હે રાજા ! જે આ પ્રમાણે વિધિથી પુરૂષોત્તમ માસનું છે તેનું ફળ કહેવા હજાર મુખવાળો શેષ પણ સમર્થ નથી. શ્રીનારાયણે કહ્યું જે પુરૂષોમાં ઉત્તમ ઘણાં આદરથી એક મનવડે આ પ્યારા પુરૂષોત્તમ માસને શેવેછે તે પુરૂષ પુરૂ-

પોત્તમને ઘણો વ્હાલો થઈ રસિક જનોના અધિપતિ પુરૂષો ત્તમની સાથે રમેછે. આવો શ્રીબ્રહ્મનારદીયપુરાણનાં પુરૂષોત્ત મ માહાત્મ્યના શ્રીનારાયને નારદના સંવાદમાં દઢધેન્વાના ટુંક આખ્યાનને પુરૂષોત્તમવ્રત નિયમ કથન નામે બાવિશમો અધ્યાય પૂર્ણ થયો. ૨૨

અધ્યાય ૨૩ મો.

રાજા પૂછવા લાગ્યો—હે દીનવત્સલ ! શ્રીપુરૂષોત્તમમાસ માં દીવો દેવાનુ શું ફળ છે ? તે કૃપા કરી મને કહો. શ્રી નારાયણ બોલ્યા વાલ્મીકી હર્ષ વધવાથી વિનયવાળા રાજાને હસતા હોય તેમ બોલ્યા વાલ્મીકિયેં કહ્યું—હે રાજાઓમાં શ્રેષ્ટ ! પાપને નાશ કરનારી કથા સાંભળો કે જેને સાંભળ્યા થી પાંચ જાનનું મોટું પાપને નાશ પામેછે. સૌભાગ્ય ના મના નગરમાં ચિત્રબાહુ નામથી પ્રસિદ્ધ સત્યપ્રતિજ્ઞાવાળો મોટી બુદ્ધિવાળો, અતિ શુર, ઉત્તમ, સહન શીયળ, સર્વ ધર્મને જાણુતાર સદાચર રૂપ, દયાવાળો, બ્રહ્મને માનનાર ભગવાનનો બક્ત, કથા સાંભળવામાં તત્પર, સદા પોતાની સ્રીમાં પ્રીતિવાળો. પશુ, પુત્રોવાળો, ચતુરંગી સેનાની યુક્ત અને સમૃદ્ધિથી કુબેરભંડારીની ઉપમા અપાય એવો રાજા હતો. તેની ચંદ્રકળા નામે ચોસઠ કળાઃવાળી, મહાભાગ્યાન ભગવાનની ભક્તિવાળી પતિવ્રતા સ્રી હતી. તેની સાથે જુ વાન રાજા પૃથ્વિીને ભોગવના હતો, ને શ્રીકૃષ્ણ દેવતા વિના બીજા દેવને જાણુતો નહોતો. એક દિવસે ભૂપાળ ચિત્રબાહુ રાજાયે વેગળેથી આવતા મુનિયોમાં શ્રેષ્ટ અગસ્ત્યને જોઈ દં ડની પેઠે પૃથ્વિ ઉપર પ્રણામ કરી વિધિથી તેની પુજા કરી એને ભક્તિ વડે આસનમાં શ્રેષ્ટ મુનિની પાસે ઉભો રહ્યા વિ નયથી નમણાશવંન થઈ મુનિયોમાં શ્રેષ્ટ અગસ્ત્યને કહેવા લાગ્યો. રાજા બોલ્યો—આજ તમે શ્રીકૃષ્ણના સેવક મારે ઘેર આવ્યા તેથી આજ મારો જન્મ સફળ થયો, અને આ

જ મારૂં ઘર શફળ થયું. તમે મારાં સામુ જોયું વથી હુ પાપોના સમૂહથી છુટયો. મેં હાથી ઘોડા ને રથોવાળું રાજ્ય તમને સોંપ્યું છે. હે મુનિ શ્રેષ્ટ તમે વિષ્ણુના ભક્ત છો માટે મેં તમને કશું ન અપાય એવું છેજ નથી, કેમકે અ હુ થોડું વૈષ્ણવને આપેલું મેરની બરાબર થાયછે. દિવસમાં જે કોઈ જેટલું પણ વ્યંજન કે ઉત્તમ અન્ન વૈષ્ણવ બ્રાહ્મણને નથી દેતો તેનો તે દિવસ વેદના ચારને પામેલાઓયે નિશ્ફળ કહ્યોછે; કેમકે જે કોઇ વૈશ્ણવ બ્રાહ્મણો હોય તે સર્વે પૂજવા લાયક છે. વળી તેઓની સંભાળ વાણી, મન શરીર ને કર્મોથી કરવી. આવું ગર્ગે ગૈતમે તથા સુમતુએ મને કહ્યું છે. જ્યાં સૂધી સૂર્ય ઉગતો નથી ત્યાં સૂધી તારાઓની કાંતિ જણાય છે. તેમ જ્યાં સુધી વૈશ્ણવ નથી આવતો ત્યા સૂધી બીજા બ્રાહ્મણો જણાયછે. અગસ્ત્ય બોલ્યા-હે માહાભાગ ચિત્ર બાહુરાજા ! તુમે હમણાં પુન્યવાન છો, અને આ સઘળી પ્રજા પણ પુન્યવાન્ છે. જે તમે વૈશ્ણવ રક્ષણ કરો છો. જે દેશનો રાજા વૈશ્ણવ ન હોય તે દેશમાં વસવું નહિ. શુન્ય વનમાં શ્રેષ્ટ છે પણ વૈશ્ણવ વગરના દેશમાં રહેવું ઠીક નથી. જેમ નેત્રથી રહિત દેહ, પતિનાવગર સ્રી, અને અભણ બ્રાહ્મણ વ્યર્થ ગણા ગણાય છે તેમ વૈશ્ણવની રહિતદેશ છે, જેમ દાંત વિનાનો હાથી, પાંખ વિનાનું પક્ષી અને દશમથી વેધવાળી અગીઆરશ, તેવો વૈશ્ણવથી હીન દેશ છે. જેવી કેશસહિત વિધવા સ્રી, ક્ષાવથી રહિત વ્રત, અને બ્રાહ્મણી સાથે ચાલનારો શુદ્ર તેવો વૈષ્ણવ વગરનો દેશ છે. સારા પુરૂષો જે શ્રીકૃશ્ણના ચરણનો આશ્રય કરનાર છે તેને રાજા કહે છે, તેનો દેશ નિત્ય વૃદ્ધિ પામે છે અને તેની પ્રજા સુખી થાય છે હે રાજન જેથી મેં તમને જોયા તેથી મારી દૃષ્ટિ સફળ થઇ વળી આજ અમારી સાથે હું બોલું છું તેથી

મારી વાણી સફળ થઈ હે રાજા ! મેં રાજ્યની ઉપર પ્રતિષ્ટા કરેલા આપે મારી ઐાજ્ઞાથી આ રાજ્ય કરવું હવે કરવું હવે હું જઈશ અને આપનુ કલ્યાણુ થાઓ. શ્રીનારાયણ બોલ્યા—આવું બોલી જવાની ઈચ્છાવાળા મુને તે શ્રેસ્ડ અગસ્ત્યને તે પતિવ્રંતા પ રાણી પરમ ભક્તિથી પગે લાગી. હે કલ્યાણુવાળી ! સદા તમારૂં અખંડ સૌભાગ્ય રહો ભક્તિથી તમે પતિને ભજો, અને સદા તમારી દૃઢભક્તિ શ્રી ગોપીજનના પ્યારા કૃયારા કૃશ્ણુમાં થાઓ આમ આશીષ દેતાં તે ફરી બે હાથ જોડી વિનયથી ડેક નમાવતો રાજા કહેવા લાગ્યો. ચિત્રબાહુ બોલ્યો, મેં શું પુણ્ય કરેલાં છે કે જેથી મને ઘણી વક્ષ્મી, શત્રુઓથી રહિત રાજ્ય અને પવિતા સ્રી મલ્યાં છે ? તે હે બ્રાહ્મણોના અધિપતિ ! હે મુનિશ્વર ! તમે સઘળુ હાથમાં રહેલા અમભાના ફળની પેઠે જાણો છો ને હું તમારે શરણુ આવ્યો છું માટે મને તે કહોં.

શ્રીનારાયણુ બોલ્યા—આ પ્રમાણે જણાવેલા મુનિયોમાં શ્રેષ્ટ અગસ્ત્ય સમાધિ યુક્ત મનવાળા થઈ શ્રેષ્ટરાજા પ્રત્યે બોલ્યા. અગસ્ત્ય બોલ્યા—મેં પૂર્વે બનેલું સઘળું તમારૂ ચરિત્ર જાયું તે ઈતિહાસ સહિત આજે કહું છું. રમણીય ચમત્કાર નામના નગરમાં મણિગ્રીવ નામવાળા, શુદ્ર જાતિમા જન્મેલા, જીવહિંસામાં તૈયાર, નાસ્તિક, દુષ્ટ બુદ્ધિવાળા, પરસ્રીને પરાંભવ પમાડનાર, કરેલા ઉપકારને હણુનાર, અવિનયી અને વિદ્વાનોના આચારથી રરિત હતા. જે આ તમારી સ્ત્રીછે તે પૂર્વજન્મમાં સુંદરી કર્મ મન ને વાણીથી પતિની સેવામાં તત્પર મહોભગ્યવાળી, મનસ્વિની અને પતિવ્રતા હતી. પાપના કરવાથી તમારો જ્ઞાતિ અને સગાઓાયે ત્યાગ કરયો. રાજાએ ક્રોધથી તમારૂ સઘળું ધન હરી લીધું, તેમ તેથી જે કંઈ બાકી રહ્યું તે નાતે લીધું. તેં

વખતે દ્રવ્ય જવાથી તમને ઘણી ધનની ઈચ્છા થઈ. ધન નાશ થવાથી પવિત્ર સ્ત્રીએ ઉદાસ પામતાં તમને તજ્યા નહિ. આમ સર્વએ તિરસ્કાર કર્યાથી તમે નિર્જન વનમાં ગયા. અનેક જીવોને મારી પોતાનુ પોષણુ કરવા લાગ્યા. હે ભુભુપાલ ! આ રીતે સ્ત્રી સાથે વર્તતો હતો. એક દિવસે મણીગ્રીવ મૃગનું માંસ લેવાની ઇચ્છાથી ઘણા સર્પ ને મૃગોથી ભરેલા વનમાં ગયો. તે નિર્જન વગડમાં માર્ગની વચે ઉગ્રદેવ એવા નામથી પ્રસિદ્ધ મોટો મુનિ મધ્યાન્હે સૂર્ય હોવાથી અત્યન્ત તર્ષથી પીડા પામતો દિગમુઢને વિહ્‌વલ થયો, અને હે રાજા ! ત્યાંજ પડયો યે તે વખતે મરવું ચાહવા લાગ્યો. તે વિપ્રને દિશામાં ભમતો ને દુઃખ વાળો જોઇ તમને દયા આવી અને તે મુનિને ઉઠાડી લઇને આ શ્રમમાં ગયા. ત્યાં તહ બન્ને સ્ત્રી પુરૂષે દુઃખિત બ્રાહ્મણની સેવા કરી. તે સમયે બે ઘડી પછી મહાયોગી ઉગ્રદેવ ચેતના પામી ત્યાં વિસ્મય પામ્યો કે હું ત્યાં રહ્યો હતો છતાં કોણ મને અહિં બીજા વનમાં લાવ્યું. શ્રીનારાયણ બોલ્યા મણિગ્રીવ બ્રાહ્મણને કહેવા લાગ્યો. હે મહામુનિ ! આ રમણીય સરોવર છે. અહિં શીતળ કમલિનીનાં પુષ્પોના સુગંધવાળું પાણી છે. તે થંડા પાણીમાં ન્હાઇ દિવસના પ્રથમ ભાગનાં કર્મો કરી ફળાહાર કરો અને અતિ શીતાળ પાણી પીયો. હે મુનિ શ્રેષ્ઠ ! મેં હાલ તમારી રક્ષા કરેલ છે માટે સુખથી વિશ્રાંતિ કરો. આપ ઉઠા અમારી ઉપર કૃપા લાયક છો. અગસ્ત્ય બોલ્યા—તે વખતે સંજ્ઞા પામેલો ઉગ્રદેવ શ્રમ જવાથી મણિગ્રીવનું વચન સાંભળી તર્ષાતુર હોવાને લીધે ઉઠયો અને મણિગ્રીવનો હાથ ઝાલી તળાવને તીરે ગયો હે ચિત્રબાહુ ! વડથી શોભતા તેના કીનારે બેઠો. વડની છાયાનો આશ્રય કરતાં તે ક્ષણમાં સુખ પામી ન્હાઇ નિત્યકર્મ કરી કૃષ્ણને પૂજ્યા, દેવને પિ

तृषोआतुं तर्पण करी अति ताढुं पाणी पीधुं. पछी तरत उग्रदेव वडनां मूळ भागनी पासे आव्यो. स्त्री सहित मणि ग्रीव श्रेष्ठमुनिने नम्यो अने परोणागत करवा उत्साह युक्त मनथी विनयवडे वाणी बोल्यो—हे ब्राह्मन् ! आज तमे अमने तारवा मारा आश्रममां आव्या. तमारा दर्शनथीज मारुं पाप नाश पाम्युं. आवुं तेने कही मणिग्रीव प्रीया प्रते बोल्यो. अरे सुंदरि ! तमे जे पाकेलां न स्वादनाळां आंबानां फळो होय ते जलदी लावो. वधारे वखत करो मां. वळी हे सुंदर मुखवाळां ! बीजुं जे कंई पण कंद वगेरे होय पण लावो पोताना पतिनुं कहेवुं सांभळी सुंदरीये ते कंद वगेरे लावी हर्षथी ब्राह्मननी पासे मुकयां. मणिग्री वे फरी वार श्रेष्ट मुनि प्रत्ये वचन कह्युं. हे ब्राह्मन ! फळो छे अंगीकार करो अने अमो स्त्री पुरुषने कृतार्थ करो. उ ग्रदेव बोल्यो—अरे ! आप कोण छो ? ए मने कहो; के-मके हुं तमने जाणतो नथी. विशेष जाणनारा ब्राह्मण अ जाण्यानुं खावुं नहि. मणिग्रीव बोल्यो—हे द्विजनर ! पो ताना जनो जाती वर्ग अने भयातोए तजेलो हुं मणिग्री व नामे सुद्र छुं. आवुं शुद्रनुं वचन सांभळी उग्रदेवे प्रस न मनथी फळाहार वराये अने ते पछी पाणी पीधुं. पछी सुखे बेठेला ब्राह्मणने मणिग्रीवे वचन कह्युं. पोताना खोळा मां रहेवां तेनां बे चरण कमळने वारंवार दबावतां मणि-ग्रीव बोल्यो—हे मुनी श्रेष्ट ! तमारे कयां जवुं छे अने तमें आ जनोथी रहित दुष्ट, प्राणी विनाना अने घातानी - बीयोथी भरेला वनमां कयाथी आव्या छो ? उग्रदेव बो-ल्या—हुं ब्राह्मण छुं. हमणां मैं जाण्या मार्गथी भयंकर व नमां आव्यो, त्यां थाकेलो तर्पथी पीडतां क्षण वारमां म-रवानी इच्छावाळो थयो, तेवामां तमे मने जीवित आप्युं माटे बोलो हुं तमने देउं ? हे मणिग्रीव ! तमे स्त्री पु

રૂપે કયા દુઃખથી જંગલનો આશરો લીધો ? તે દુઃખ હું મટાડીશ થાટે કહો ?

અગસ્ત્ય બોલ્યા—અવું સુંદર ઉગ્રદેવનું બોલવું સાંભળી સ્ત્રીથી ક્રુર તે મુનિ ઈશ્વરને પ્રસન્ન કરી દરિદ્રપણા રૂપ સમુદ્રને તારવા ચાહતો એ મણી ગ્રીવ પોતાના કર્મના ફળરૂપ પોતાનું વૃતાંત બોલ્યો. આવો શ્રી બ્રહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રીનારાયણને નારદના સંવાદમાં દ્રઢધન્વાનાં ટુંક આખ્યાનનોત્રેવિશમો અધ્યાય પૂર્ણથયો

અધ્યાય ૨૪ મો.

મણિગ્રીવ બોલ્યા—હે બ્રાહ્મણ ! દ્વિજજનોથી ભરેલા રમણીય તે ચમત્કાર પુરમાં થારો વિવાહિત સ્ત્રીની સાથે નિવાસ હતો. ધનાઢય પવિત્ર ને પરોપકારથી શોભિગે છતાં મારી ભાગ્યયોગે નઠારી બુધ્ધી થઈ. દુષ્ટ બુદ્ધિથી પોતાના ધર્થને તજી દઈ નિત્ય પરસ્ત્રી સેવન અને નહિ પીવાની વસ્તુ પીવા લાગ્યો.

હું ચોરી ને હિંસામાં તત્પર થયે. તેથી પોતાના સગાઓયે મારો ત્યાગ કર્યો. તે વખતે બહુલ નામના રાજાએ મારૂં ઘર લુંટયું. જે કશું બાકી હતું તે ધન પોતાના જનોયે લીધું, આમ સસૌએ તિરસ્કાર કરવાથી મેં વનવાસ પકડ્યો. નિત્ય જીવોનો વધ કરી હું સ્રીની સાથે જીવું છું, હે બ્રહ્મન્ ! આ ભયંકર વનમાં હમણાં પાપ યુક્ત દુષ્ટ મનથી વસનાર છું, તેની ઉપર કૃપા કરો તમે પૂર્વના પુણ્યોના સમુદાયથી મળ્યા છો. હે મહામુની ! હું સ્રી સહીત તમારે શરણ આવ્યો છું, માટે ઉપદેશ રૂપ પ્રસાદથી મુને કૃતાર્થ કરો, કે જેથી તત્કાલ મારૂં તીવ્ર દરીદ્રપણું નાશ પામે ને અતુલ્ય વૈભવ પામવાથી સુખ થાય તેમ કરૂં ઉગ્રદેવ બોલ્યા-હે મહાભાગ ! મારી જે મમાનગતી કરી તેથી કૃતાર્થ છો, અને એથી હમણાં સ્રી

સહિત તારૂં કલ્યાણ થશે

જે રીતે વ્રતો તીર્થો દાનો અને સદાચાર તમારૂં દરિદ્રપણું નાશ પામે તે રીતે મેં ધાર્યું છે. હવે પછી ત્રીજો પુરૂષોત્તમ માસ છે તેમાં તમે બે સ્ત્રી પુરૂષે પ્રયત્ન થી પ્રીતી માટે દીપદાન કરવું, તેથી તમારૂં ભારે દરિદ્રપણું મૂળ સહિત નાશ પામે છે. તલનાં તેલથી કે વૈભવ હોય તો ઘીથી દીવો કરવો. હમણાં વનમાં વસતાં તે બેઉમાં રહેલું કંઈ તમારી પાસે ન હોયતો હે નિષ્પાય મણિગ્રીવ! તમારે સ્ત્રીની સાથે માસ પૂરો થાય ત્યાં સુધી નીયમ સહિત ઇંગોલીયાંનાં તેલથી દીવો કરવો નિરંતર આ સરોવરમાં સ્ત્રીની સાથે ન્હાઈ એજ પ્રમાણે તમારે વનમાં મહીના સૂધી કરવું. તમારી કરેલી પરોણાગતથી પ્રસન્ન થતાં મેં શાસ્ત્રમાં નિશ્ચય કરેલાછે કે આજ ઉપદેશ સ્ત્રી સહિત તમને કરવો. બીજી રીતે પણ દીવાનું દાન લક્ષ્મી નો વધારો કરનારૂં છે; પણ જો પુરૂષોત્તમમાં વિધીથી કરેલ હોય તો લક્ષ્મીની વૃદ્ધિ કરે એમાં શું પછી કહેવું ? વેદમાં કહેલાં જુદાં જુદાં કર્મો અને દાનો પુરૂષોત્તમ માસના દીવાની સોળમી કળાને યોગ્ય નથી. યોગજ્ઞાન, સાંખ્યશાસ્ત્ર અને શાસ્ત્રોપણ પુરૂષોત્તમના દીવાની સોળમી કળાને યોગ્ય નની. કૃચ્છચાદ્રાયણ વગેરે સફળ વ્રતો પણ પુરૂષોત્તમના દીવાની સોળમી કળાને યોગ્ય નથી, વેદનો અભ્યાસ ગયામાં શ્રાદ્ધ અને ગૌતમી નદીના તીરનું સેવન પુરૂષોત્તમ ના દીવાની સોળમી કળાની બરોબરી કરી શકનાર નથી. હજારો ગ્રહણ અને સેંકડો વ્યતીપાત પરશોત્તમના દીવાની સોળમી કળાને યોગ્ય નથી. કુરૂ વગેરે ઉત્તમ ક્ષેત્રો અને દંડક વગેરે વનો પુરૂશોતમના દીવાની સોળમી કળાને યોગ્ય નથી. હે પુત્ર ! આ અતી છાનું દીપદાન છે તે કોઇ ને કહેવું નહીં; કેમકે ધન ધાન્ય પશુ સમૂહ પુત્ર પૌત્ર

અને કીર્તિને કરનારૂં, વાંઝણીના નાઝીઆપણાને મટાડનારૂં સ્ત્રીયોને વિધવાપણાને નહી આપનારૂં, રાજ્યથી ભ્રષ્ટથયેલાને રાજ્ય આપનારૂં ને મનુષ્યોના વિચારેલાં કામને સફળ કરનારૂં છે. આથી કન્યા ગુણી અને જીવનારાપતીને પામે છે, સ્ત્રીની ઈચ્છાવાળો સારા સ્વભાવવાળી પ્રતિવૃતા સ્ત્રીને પામે છે, વિદ્યાને ઇચ્છનારો વિદ્યા પામે છે. સિદ્ધિને ચાહનારો સિદ્ધિ પામે છે, ખજાનાની ઇચ્છાવાળો ખજાનો પામે છે અને મોક્ષની ઇચ્છાવાળો મોક્ષ પામે છે, જે કોઈ ઠેકાણે પણ પુરશોત્તમ માસમાં જે વિધિ વીના તથા શાસ્ત્ર વિના પણ દીવો કરે છે તે સર્વ ઇચ્છાને પામે છે, ત્યારે હે પુત્ર ! જે વિધીવડે પ્રયત્નથી દીવો કરે તે સર્વ સુખને પામે એમા શું કહેવું ? માટેથી પુરતષોતમમાં દીવો કરે તે સર્વ સુખને પામે એમા શું કહેવું ? માટેશ્રી પુરૂષોત્તમમાં દીવો કરવો. આ આજ તમારા આકરા દરિદ્રપણાને ટાળનારૂં કહ્યું. તમારૂં કલ્યાણ થશે, હવે તમારી સેવાથી પ્રસન્ન થયેલો હું જઈશ અગસ્ત્ય બોલ્યા—આ પ્રમાણે કહી મનથી બે ભુજાવાળા, મુરલીધર જે શ્રી હરિને સંભારતો જે ઉત્તમ બ્રાહ્મણ હતો તે પ્રયાગ ગયો. પોતાંના આશ્રમથી કેટલેક સુધી તે ઉગ્રદેવને વળાવી નમી સ્ત્રી પુરૂષ પાછાં વળ્યાં. પોતાના આશ્રમમાં આવી પુરૂષોત્તમમાં મનવાળાં બ્રાહ્મણની ભક્તિમાં તત્પર તે બન્ને જણાએ ભક્તિની બે માસ કહાડયા બે માસ વીતી ગયા ત્યારે પુરૂષોતમ માસ આવ્યો, તેમાં વૈભવકાજે આળસ છોડી ગુરૂની ભક્તિમાં તત્પર થઈ ઈંગોરીયાનાં તેલથી દીવો કર્યો. એમ કરતાં પુરૂષોતમ માસ ગયો. ઉગ્રદેવની કૃપાથી મનના મેલ મટવાથી તે બે કાળને વશ પામતાં ઇંદ્રની નગરીપ્રત્યે ગયાં. ત્યાંના સુખને ભોગવી ઉગ્રદેવની પ્રશન્નતાથી પૃથ્વિના ભરતખંડમાં ઉ મ જન્મ પામ્યા, તેઓમાં પૂર્વ જન્મમાં જે મૃગો-

ની 'હંસામાં તત્પર મણિગ્રીવ હતો તે વીરબાહુના પુત્ર ચિત્રબાહુ એ નામથી તમે પ્રસિદ્ધ છો. અને હમણા તમારી ચંદ્રકળા પટરાણી છે તે તમારી સુંદી એ નામે સ્ત્રી હતી પતિવૃતપણારૂપ ધર્મથી આજે તમારી અર્ધાંગના સ્ત્રી છે; કેમકે જે પતિવ્રતા સ્ત્રી છે તે પતિના અર્થ પુણ્યમાં ભાગ વાળી છે. શ્રીપુરૂષોતમ માસમાં ઇંગોરીયાનાં તેલથી કરેલા દીવા વડે આ તમારૂ શતરૂઓથી રહિત રાજ્ય થયું છે. ત્યારે શ્રીપુરૂષોતમ માસમાં જે ઘીથી કે તલનાં તેલથી અખંડદીવો કરે છે તે શતરૂહિત રાજ્ય પામે એમાં શું કહેવું ? પુરૂષોતમના દીવાનું આ ફળ છે અમાં સંશય નથી, ત્યારે ઉપવાસો વગેરેથી પુરૂષોતમનું વ્રત કરનારને ફળ થાય એમાં તો વળી કહેવુંજ શું ? વાલ્મીકિ બોલ્ય—જુના ચિત્રબાહુના ચરિત્રને કહી ધરાથી જન્મેલા મુનિ અગસ્ત્ય તેણે કરેલા સત્કાને પામી અક્ષય આશીર્વાદ આપી ચાલતા થયા. આતો શ્રીબ્રહ્નાંદી યપુરાણના પુરૂષોતમમાહાત્મયનાશ્રી નારાયણને નારદ સંવાદ વિષે દ્રઢધન્વાના ટુંકા આખ્યાનનો રીપ મહાત્મયકથન નામનો ચોવિશમો અધ્યાય પૂર્ણ થયો.

અધ્યાય ૨૫ મો.

દ્રઢધન્વા પૂછવા લાગ્યો—હે મુનિ ! હવે પુરૂષોતમ માસના વ્રતવાળા મનુષ્યોનો ઉદ્યાપનનો વિધિ કૃપાવડે કહો. વાલ્મીકિ બોલ્યા—શ્રીપુરૂષોતમ માસનો ઉદ્યાપનનો વિધિ વ્રત પૂરૂં થવાના કારણ માટે સારી રીતે ટુંકાણથી કહું છું. પુરૂષોતમનાં કૃષ્ણપક્ષમાં ચૌદશ, નોમ, કે આઠમને દિવસે ઉદ્યાપન કરવું કહેલું છે. પુણ્યરૂપ શ્રીપુરૂષોતમના માસમા સવારે ઉઠી યથા યોગ્ય મેળવેલા સામાનથી દિવસના પ્રથમ ભાગની ક્રિયા કરી મનને સાવધાન રાખી વિષ્ણુની ભક્તિમાં તત્પર સ્ત્રી સહિત એ । ત્રિસ બ્રાહ્મણોને અથવા શક્તિ પ્રમાણે ધનને અનુસરતા સાત કે ઇાંચ બ્રહ્મણો નોતરવા પ

છી હે ભુમીપાલ ! મધ્યાન્હ વખતે એક હજારને ચોવીસ રૂપિયાભાર જેટલાં, અગર તેથી અર્ધ, પોતાની શક્તિને અનુસરી પાંચ ધાન્યથી ઉત્તમ મંડળ કરવું મંડળની ઉપર ચાર દિશામાં કૃષ્ણ વગેરે ચતુર્વ્યુહને પ્રસન્ન કરવા. શ્રીફળો વાળો, વસ્ત્રનાવિંટણ સહિત, નાગરવેલના પાનથી યુક્ત શુદ્ધ ગાંઠા વગરના સોનાના, રૂપના, ત્રાંબાના કે અટીના ચાર સુંદર કળશ રાખવા. ચાર કળશો ઉપર વસુદેવના પુત્ર કૃષ્ણને બળદેવને, ઉત્તમ દેવ પ્રદ્યુમ્નને તથા અનિરૂદ્ધને સ્થાપવા પુરૂષોતમનાં વૃતના આરંભમાં કળશ સહિત, સ્થાપેલા દેવોના દેવના ઈશ્વિર રાધા સહિત પુરૂષોતમને ત્યાંથી લાવી મંડળની ઉપર તેના મધ્યમાં રાખવા. આમાં જપની ઈચ્છાવાળાએ વેદ ને વેદોનાં અંગોના પારને પામનારા વૈષ્ણવને આચાર્ય કરી ચારજ બ્રાહ્મણો ને વરણી આપવી, અને એ દરેકને બેબે વસ્ત્રો તથા સોનાની પવિત્રી આપવી. આચાર્ય વસ્ત્ર આભૂષણો વગેરેથી શણગારી પછી દેહ શુંદ્ધિ માટે પ્રાયશ્ચિત કરવું. તે પછી પ્રથમ કહેલા વીધિથી સ્ત્રીની સાથે પૂજા કરવા રૂર્ણના બ્રાહ્મણોદ્વારા ચાર પ્રકારનો ચતૂર્વ્યૂહનો જપ કરાવવો. ચાફ દિશામાં ચાર ઉંચા દીવા કરવા. ત્યાર પછી ક્રમથી નાળીયેર વગેરે વડે અર્ઘદાન કરાવવું. સ્ત્રીસહિત શ્રદ્ધા ને ભક્તિવાળાએ હર્ષથી શ્રીવીષ્ણુંને સંભારતાં ગોઠણોને ભોંય ઉપર રાખી પંચરત્નો સહિત, પોતાના હસ્તસંપુટમાં રહેલા યોગ્ય રીતે મેળવેલાં સારાં ફળોથી અર્ઘ દેવો. અર્ગ દેવાનો મંત્ર હે દેવોના દેવ ! જુના પુરૂષોમાં ઉત્તમ ! હે હરી ! તમને નમસ્કારછે. રાધિકા સહિત આઇ મેં આપેલ અર્ઘ ગ્રહણ કરો. બે ભુજાવાળા મુરલીને ધરનારા, પીળાં વસ્ત્રોને ધરનારા, રાધા સહિત પુરૂષોત્તમને હું વંદન કરૂંછું. આમ રાધા સહિત પુરૂષોતમ વિષ્ણુને ભક્તિસી નમી જેના અંતમાં ચતુ

થી વિભક્તિછે એવા નામના મંત્રોથી તવનો હોમ કરાવો. તે પછી અંતમાં તે મંત્રોથી તર્પણને માર્જન કરવાં. પછી રાધિકા સહિત પુરૂષોતમ દેવની આર્તિ કરવી. આર્તિનો મંત્ર દેવોના અધિપતિ ! નીલ કમળાના સરખી કાંતિવાળા ! કેડો કામદેવોના સરખા સુંદર ! રાધિકાના પતિને પ્રેમ થી હું આર્તિ કરૂંછું. પછી ધ્યન કરવું. જેમાં તેજ છે, અ નંત રત્નોથી રચેલા સિંહાસન ઉપર બેઠેલા, જેણે વાંસળી ના અવાજથી વ્રજની સ્ત્રીઓને મોહીત કરેલછે, વૃદાવનમા સુંદર કૌસ્તુભ મણી સહિત શોભાયમાન્ છાતિવાળા, શોભિ ત રત્નમય કુંટળ મુકુટને ધરનારા અને નવાપીળાં વસ્ત્રવા ળા કૃષ્ણનું રાધા સહિત ધ્યાન કરવું. તે પછી રાધીકા સહિત વિષ્ણુને પુષ્પાંજલી આપી સ્ત્રી સહિત પુરૂષે સાષ્ટાં નમસ્કાર કરવો. નવા વાદળા જેવા શ્યામ, પીળાવસ્ત્રવાળા, શ્રીવત્સથી શોભિત છાતીવાળા, અને અવિનાશિ એવા રાધિ કાસહિત શ્રીહરીને હું નમુંછું. આમ નમસ્કાર કર્યા પછી બ્રાહ્મણને સોના સહિત પૂર્ણપાત્ર દેવું. ત્યાર પછી આનંદ થી આચાર્યને પુષ્કળ દક્ષણા દેવી. સ્ત્રીસહિત આચાર્યને ભક્તિ વડે વસ્ત્રો તથા આભૂષણોથી પણ પ્રસન્ન કરવો. તે પછી વરણી કરાવેલાઓને ઉત્તમ દક્ષણા દેવી. એક સારા સ્વાભાવવાળી, દુધ દેનારી, વસ્ત્રસહિત વાછડા સહિત, ઘં-ટાને આભૂષણોથી શોભિત, તાંબાના પાત્રયુક્ત સોનામાં શિ ગડાંવાળી, રૂપાની શરીયોથી શોભિત ગાય દેવી. તે પછી ઘીનુ ભર્યું વાસણ તથા તલનું દાન દેવું. સ્ત્રી પુરૂષને વ-સ્ત્રો સહિત ઉમા મહેશ્વરની મૂર્તિઓ દેવી. આઠ પ્રકારનાં પદ તથા બે પગરખાનું દાન દેવું. શક્તિ હોય તો વૈષ્ણવ બ્રાહ્મણને શ્રીમદ ભાગવત દેવું. પણ આયુષ્ય ચળછે એમ વિચારતાં વાર ન લગાડવી. જે પ્રત્યક્ષ ભગવાનરૂપ આશ્ર યંકારી શ્રીમદભાગવત પંડિત વૈષ્ણવ બ્રાહ્મણને દેછે તે

કોડ કુળનો ઉદ્ધાર કરી અપ્સરાઓની પંક્તિયે સેવેલા વિમાનમાં બેસી ચોગિલે દુઃખે પમાય એવા ગોલોકને પામે છે. હજારો કન્યાઓનાં દાનો, સેંકડો વાજપેય યજ્ઞો, ધાન્ય વાળા ખેતરોનાં દાનો, તુલાદનો, એ આઠ મોટા દાનો છે, તેઓ અને વેદનાં દાનો છે તેઓ શ્રી ભાગવતની સોળમી કળાને યોગ્ય નથી. માટે યત્નોથી સોનાના સિંહાસન સહિત તે વસ્ત્ર ને ઘરેણાંઓથી શોભાવાલા વૈષ્ણવ બ્રહ્મણને દેવું. મધ્ય ભાગમાં ત્રીશ ત્રીશ પુડલાઓથી ભરેલા ત્રીશ કાંસાના વાટકાઓ જરૂર દેવા. હે ભૂમી પતી ? પુડલાઓમાં જેટલા કાણાં હોય છે તેટલા હજાર વર્ષો શુધી માણસ વૈકુંઠમાં વસે છે, ત્યાંથી જુના. યોગિને દુઃખે પમાય એવા નિર્ગુણ ગોલોકમાં જાય છે, કે જ્યાં જવાથી આવાગમન નથી. કાંસાનો સંપુટ અઢીશેરના કહેલ છે; પણ નિર્ધને વ્રત પૂર્ણ કરવા શક્તિ પ્રમાણે કરવો, અથવા પુરૂષોત્તમની પ્રીતિ માટે ઉત્તમ ફળ સહિત સામગ્રી તેમાં ફાખી બ્રાહ્મણને આપવા. હે નરોના આધપતિ ! પુરૂતમની પાસે નિમંત્રણ કરેલા સ્રીવાળા બ્રાહ્મણોનો સંકલ્પ કરવો. પ્રાર્થના કરવી કે હે જગતના આધાર ! જગતના આનંદને આપનાર શ્રીકૃષ્ણ ! મારા અંહિના તથા પરલોકના સઘળા મનોરથ તરત પૂર્ણ કરો. આમ શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી પુરૂષોતમને સાંભળતાં આનંદથી સદાચારિ સ્રીવાળા બ્રહ્મણોને જમાડવા. બ્રાહ્મણ રૂપ વિષ્ણુને સંભાળતાં તથા શ્રીરૂપ રાધાને સંભાળતાં વિધિથી પૂજા કરી તેઓને ઘી દુધપાકથી જમાડવા. વ્રત વાળાએ વિધિથી જમાડવાનો સંકલ્પ કરવો દ્રાખ, કેળાં જુદાં જુદાં ઘીથી પકવેલાં અન્નો સારા અડદ, વટાણા, સાકર, ઘતપૂર, ફળિત, ખંડમંડક; ટેટી, કાકડીનાં, શાંકો, લિંબુ, આદું, બીજાં પણ નોખાં નોખાં શાકો, પાકેલી કેરી, જુદાં જુદાં છ રસોની સાથે

મળેલાં ચાર પ્રકારનાં ભોજનો અને ઝગંધાવાળા દુધ વગેરે ગોરસોને ત્યાં કોમળ રીતે કહેવું હે સમર્થ બ્રહ્મણુ! આસ્વાવાળું મારે અર્થે મેં જે રાંધેલું છે તે આનંદથી તમને ને રૂચે તે જસોને જાઇએ તે માંગી લ્યો. હું પુણ્યવાન્ છું તમે મારી ઉપર કૃપા કરી એથી મારો જન્મ આજે સફળ થયો. આમ કહી આનંદથી બ્રાહ્મણોને જમાડી તાંબુળ ને દક્ષિણા દેવી. એલચી, લવિંગ, બરાસ, જાવંત્રી, જાયફળ. કસ્તુરી, સુરમાંસી અને સુંદર ખેરનો સાર આમેળવેલા પદાર્થો સાથે તાંબૂળ ભગવાનને પ્યારૂં છે માટે માટે આ પ્રમાણે બનાવી આદરથી આપવું. આ પ્રમાણે કરી ઉત્તમ બ્રાહ્મણને તાંબુળ દેછે તે અંહિ સારાં ભાગ્યવા અને પરલોકમાં મોક્ષને ભોગવનારો થાયછે. બ્રાહ્મણોને સીમાડા સૂધી વળાવી તેઓને રજા દેવી. (મંત્રહીનં) આ શ્લોકથી પુરષોત્તમની ક્ષમા માગી. (યસ્ય સ્મૃત્યાચ નાતયા) એ શ્લોકરૂપ મંત્રથી વિષ્ણુને નમી જે ઓછું હોય તે પૂરૂં કરી સુખે ફરવું મહાભૂતોને ભાગ પ્રમાણે અન્ન વેંચી છેને નહિં નિંદતા ખોટ વાદને તજી પોતાના જનોની સાથે જમવું. અણાસનો દિવસ આવે ત્યારે રાતે જાગરણ કરવું. ને રાધાજી સહિત સોનાની પુરૂષોતમ મૂર્તિને પૂજવી. પૂજાની પૂર્ણાહુતીમાં શ્રીસહિત આનંદવાન્ વ્રતવાળાએ રાધા સહિત પુરૂષોતમનું વિસર્જન કરવું. તે પછી આચાર્યને મૂર્તિ સહિત દાન દેવું, તથા યથાયોગ્ય ઇચ્છાને અનુસરી અન્નનું દાનદેવું. હરકોઇ પણ ઉપાયથી ઉતમ ભાવથી આ વ્રત કરવું ને યથાશક્તિ દાન કરવું. સ્ત્રી અથવા પુરૂષ પણ જે આ વ્રત કરેછે તે ભવોબવ દુઃખ દરિદ્રતા અને દુર્ભાગ્યપણાને પામતો નથી. જે જુદા જુદા પુરા મનોરથો[illegible] જનો જગતમાં આ કરેછે તેઓ બિમાન બેસી ઉતમ [illegible]ઠમાં જાયછે. શ્રીનારાયણ બોલ્યા—આ રીતે

જે વિધિનો આશ્રય કરી શ્રી કૃષ્ણના બહુ વ્હાલા માસને આદરથી સેવેછે તે પાપ રહિત થઈ સુખને અનુભવી પુરવજો સહિત ગોલોકમાં જાય છે, આવા શ્રીબૃહન્નારદીયપુરાણના પુરૂષોતમ મહાત્મ્યના શ્રીનારાયણને નારદના સંવાદ વિષે દ્રઢધન્વાના નાના આખ્યાનનો વ્રતોદ્યાપન વિધિકથન નામે પચિમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૨૫ ॥

અધ્યાય ૨૬ મો.

(હવે ઉદ્યાપન પછી વ્રતનો નિયમ તજવા બાબત કહેવાયછે.)

વાલમીકિ બોલ્યા-સઘળાં પાપોનો નાશ થવા માટે તથા જેની ધ્વજો ઉપર ગરૂડ છે એવા વિષ્ણુની પ્રીતે સારૂ વિધિપૂર્વક ગ્રહણ કરેલા નિયમોનો ત્યાગ કહેવાય છે. હે રાજન્! એક મહીના લગી જેણે નકત ભોજન કર્યું હોય તેણે છેવટ બ્રાહ્મણોને જમાડવા. આયાચિતવ્રત કર્યું હોય તો સોનાનું દાન કરવું. જે મહીનો ઉપોષણ કરી અમાસને દિ જમનારો હોય તેણે દક્ષિણા સહિત ગાય દેવી. આંબળાના ઝાડ નીચે એક મહી નાગી સ્નાન કરનારે દહિ કે દુધ દેવું. હે રાજા! ફળોના નિયમમાં ફળનું દાન કરવું. તેલને ઠેકાણે ઘીને ઠેકાણે દુધ દેવું. હે રાજા! ધાન્યોના નિયમમાં ઘઉ ને સાળના ચોખા દેવા હે રાજા! પૃથ્વી ઉપર સુનારાં અંતર્યામિ જેને પ્રિય છે એવા જને સામાન સહિત સારી સય્યા દેવી. જે પાંદડામાં જમનારો માણસ હોય તેણે ભોજમનાં ઘી સાકર દેવાં. મૌન વ્રતમાં સોના સહિત ઘંટા ને તલ તથા સ્રી પુરૂષને સ્નેહ સહિત અતિ સારૂ ભોજન જમાડવું. હે રાજા! નખ તથા કેશને ધારણ કરનાર સમજુ માણસે આરીસો દેવો. જોડાના ત્યાગ કરનારે પગરખાનું દાન કરવું. લુણનો ત્યાગ કર્યો હોય તો જુદી જુદી જાતના રસો દેવા. દીવાનું દાન કરતો હોય તે નરે પાત્રસહિત દીવા દેવા. અધિક મા

સમાં વ્રત પૂર્ણ કરવાનાં કારણથી જેણે ભક્તિથી પળ જેટલું, સોનાની બતી સહિત તાંબાનું કોડીયું ને ઘીવો દીધેલ હોય તે સદા વૈકુંઠમાં વસે. એયાંતર ઉપવાસવાળાએ આઠ માટીના કે સોનાના ઘડા વસ્ત્ર ને સોના સહિત દેવા, માસની સમાપ્તિમાં છત્ર ને પગરખાં સહિત ત્રીશ લાડુ દેવા. વળી ભાર ધારણ કરવામાં સમર્થ ઉત્તમ બળદ દેવો. ઉપર કહ્યા પ્રમાણે જો ન થઈ શકે તેમ હોય તો હે રાજા ! બ્રાહ્મણનું કહેલું વચન સંપૂર્ણ વ્રતની સિદ્ધિ દેનારૂ કહેલ છે જે લોક એક અન્નગી મળમાસને સેવેછે તે નર ચાર ભુજાવાળો થઇ ઉતમ ગતિ પામે છે, એક મુકતીથી બીજું કશું પણ અહિં પવિત્ર નથી. એક વખત જમવાથી સિદ્ધિ મુનિયો ઉતમ મોક્ષ પામ્યા છે. જે અધિક માસમાં રાતે જમે છે તે રાજા થાય છે. અને મન કામનાઓને પામે છે એનાં સંદેહ નથી. દિવસના પૂર્વ ભાગમાં દેવતાઓ, મધ્યાન્હમાં મુનિયો અને દિવસના બંજા ભગમાં પિતૃગણો જમે છે અને પોતાના આત્મા માટે ચોથો કાળ છે, પણ હે નરોના અધિપતિ ! સઘળા વખતને છોડી જે જમે છે તેનાં બ્રહ્મહત્યા વગેરે પાપો નાશ પામે છે. હે રાજા ! રાત્રિમાં જમનારો સઘળા પુષ્યવાળાઓથી અધિક થાય છે. મનુશ્ય દિવસે દિવસે અશ્વમેધ યજ્ઞનાં ફળને પામે છે, તે વિશ્ણુના વ્હાલા અધિક માંસમાં અડદનો ત્યાગ કરવો. અડદને તજનારો સર્વ પાપથી મુકત થાય છે અને વિશ્ણુના લોકમાં જાયછે. બ્રાહ્મણ છતાં પણ જે ઘાણી કરે છે તે, હે રાજા ! તલોની સંખ્યા પ્રમાણે રૈરવ નરકમાં રહે છે, પછી ચંડાળની જાતિને પામે છે, નેં રકત કોઢના દુઃખથી પીડાય છે. પછી અજુઆળીઆને અંધારીઆ પક્ષમાં જે માણસ ભક્તિથી એકાદશીનો ઉપવાસ કરે છે તે ચાર ભુજાવાળો થઇ ગરૂડ ઉપર બેસી દેવોએ મનાતો તથા અપ્સરાઓ

ના ટોળાંએથે સેવાતો જાય છે. દેવોના દેવ વિશ્ણુની પ્રીતી સારૂ દશમીને દ્વાદશીને દીવસે એક ભુક્ત કરે છે તે નર સ્વર્ગને પામે છે. હે રાજા ! હમેશાં સારી ભક્તિથી દર્ભનો કૂચો પાસે રાખવો. જે દર્ભથી વિષ્ટા મૂત્ર, લીટ, બડખા કે લોહીને સાફ કરે તે વિષ્ટામાં જીવડો થાય છે. દર્ભ અતી પવિત્ર છે, દર્ભ વગર ક્રીયાઓ વ્યર્થ છે. દર્ભનાં મૂલમાં બ્રહ્મા ને મધ્યમાં દેવ વિશ્ણુ વસે છે. દર્ભના આગલ્યા ભાગમાં મહાદેવ વસે છે, માટે દર્ભોથી લાળવું નહી શૂદ્રે દર્ભ ઉખેડવો નહી ને કપીલા ગાયનું દુધ પીવું નહીં. હે પતિ ! ખાખરાના વચલ્યા પાનમાં જમવું નહી, પ્રણવમંત્ર ઉચ્ચારવો નહી, અને પુરોડાશનું ભોજન કરવું નહી, વીધી વગર આસન લેવું નહી, જનોઈ ધરવી નહિ, અને વેદની ક્રિયા કરવી નહી. વિધી વીના આચરણ કરનાર પિતૃઓની સાથે બુડે છે. જ્યાં સુધી ચાદ ઇંદ્રો છે ત્યાં સુધી ઘોર નરકમાં પડે છે, કુતરાની જાતી સુવરની કે વાંદરાની જાતીને પામે છે, આ કારણથી શૂદ્રે ઓંકારને સદા તજવો. હે પૃથ્વી પતિ ! બ્રાહ્મણોને નમવાથી શૂદ્ર પાપથી છુટે છે હે મહારાજ ! આ કહેલું વ્રત પૂરૂં કરવું. ને દક્ષિણા દીધા વીના પણ નરકને પામે છે. વ્રતના વિપરીતપણાને પામ્યાથી અંધ ને કોઢિયો થાય છે. હે પૃથ્વીપાલ ! પૃથ્વીના દેવ બ્રાહ્મણોના વચનોથી ઉત્તમ લોકો દેવતાઓના સ્થાનને પામે છે; માટે કલ્યાણની ઇચ્છાવાળો જે મનુષ્ય તેઓના વચનોને ઓલંઘતો નથી તે વિદ્વાન્ છે. આ મેં ઉત્તમ ધર્મનું રહસ્ય કલ્યાણને કરનારૂં, પાપને દૂર કરનારૂં, ફળને આપનારૂં નીત્ય મનને સારૂં લાગે તેવું ને લક્ષ્મીના પતી પ્રસન્ન કરવાના કારણથી કહ્યું હે રાજા ! તેને સદા જે નર સાંભળે છે કે વાંચે છે તે યાગીયોના [illegible]ર વીષ્ણુ લોકને પામે છે, આવો શ્રી બૃહન્નાર[illegible] [illegible]રૂષોત્તમ માહાત્મ્યમાં

કીધેલા નીયમોનો ત્યાગ આ નામે છવીશમો અધ્યાય પૂર્ણ થયો.

અધ્યાય ૨૭ મો.

શ્રી નારાયણ બોલ્યા—આમ કહી ચુપ રહેલા મુનીને રાજા નમ્યો પછી આનંદ યુકત સ્ત્રીસહીત ભકતીથી પૂજવા લાગ્યો. તેની પૂજા અંગીકાર કરી, હું સાયંકાલ થયો માટે પાપને નાશ પમાડનારી ત્રીવેણી ભણી જઇશ. આમ બોલી તમારૂં કલ્યાણ થાઓ એવો આશીર્વાદ કહેતાં મુનિ શ્રેષ્ટ વાલ્મીકિ તુરત ચાલી નીકળ્યા. રાજા પણ તેને પીમાડા સૂધી વળાવી ઘેર આવ્યો, અને વ્હાલી ગુણસુંદરીને કહેવા લાગ્યો. દ્રઢધન્વા બોલ્યો—હે સુંદરી ! પ્રીતિ દ્વેષ વગેરે છ શત્રુઓવાળા ગંધર્વના નગરની ઉપમા અપાય એવા અસાર સંસારમાં મનુસ્યોને શું સુખ છે ? વાયુ, પિત ને કફના વધારાવાળા, મલ, મૂત્ર, ને લોહિથી ભરેલા, છેવટ જીવડા વિષ્ઠા કે ભસ્મરૂપ જણાતા શરીરનું મારે પ્રયોજન નથી. માટે હે ઉતમ સ્ત્રિ, અસ્થિર શરીરથી સ્થિર વસ્તુને મેળવવા વિષ્ણુને સંભાળતો વનમાં જઈશ. તે સાંભળી ગુણસુ વિનયથી નમ્ર થઈ બે હાથ જોડી શોકથી વ્હાલા પતિને કહેવા લાગી. ગુણસુંદરી બોલી—હે પૃથ્વીપાલક ! હું પણ તમારી સાથેજ આવીશ; કેમકે પતિવ્રતા સ્ત્રીઓનો પતિજ દેવછે પતિના ગયા પછી જે સ્ત્રી ઘરમાં રહેછે તે વનમાં કેમકે દીકરાની વહુને આધીન જે સ્ત્રી છે તે પર ઘરની ફરનાર્તી કુતરીના જેવી છે પિતા માપમાં આવે એટલું, ભાઇ પણ માપાય એટલું અને પુત્ર માપી શકાય એવુ દે છે; પણ નહિ મપાય એવી વસ્તુને દેનારા સ્વામિની પાજળ કઈ સ્ત્રી ન જાય ? પ્રિયાનું કહેવું અંગીકાર કરી પુત્રને રાજ્ય ઉપર અભિષેક કરી સ્ત્રીસાથે તત્ત અરણ્યમાં ગયો. જ્યારે હિમાચળની પાસે ગંગાને તીરે પુરૂષોત્તમમાસ આવ્યો ત્યારે સ્ત્રી

પુરૂષ ત્રણેકાળ સ્નાન કરવા લાગ્યાં હે નારદ પુરૂષોતમને પાળી ત્યાં શ્રીસદ્ધિત પુરૂષોતમને સંભારતો તે તપ કરવા લાગ્યો. આશ્રય વગર ઉંચા હાથ કરી પગના અંગુઠાથી ઉભેલો આકાશ તરફ જઇ અહાર તજી તે શ્રી કૃષ્ણને ભજવા લાગ્યો. આ રીતે વ્રત કરવામાં તે રહેનો હતો, ત્યારે હે તપોનીધી ! તે ની સેવા કરવા તે પતિવ્રતા પટરાણી આવતી હતી. આ પ્રમાણે કરતાં તેનો પુરૂષોત્તમમાસ પુરો થયો ત્યારે ત્યાં તત્કાળ ઘુરી ગ્રાની ૫ક્તિથી શોભીત, પુન્યશીલ ને સુશીલ નામના બે દુતોયે સેવેલ વિમાન આવ્યું, તે જોઇ વિસ્મય પામેલો આસદ્ધીત રાજા વિમાન બેઠેલા પુન્યશીલ તથા સુશીલને નમ્યો. ત્યારે બેયે આ સહીત તે રાજાને વીમાનમાં આરૂઢ્યો વીમાનમાં બેઠા પછી શ્રીસદ્ધીત રાજા તરત સુંદર નવા શરીર ધરી ગોલોકમાં ગયો. આ પ્રમાણે શ્રીપુરૂષોત્તમ માસમાં રાજા તપ કરી નીર્ભય લોકને પામી વીષ્ણુની સમીપમાં સુખ પામ્યો. તેની જે પતીવ્રતા સ્ત્રી હતી તે પણ પુરૂષોત્તમમાં તપ કરતા પોતાના પતીને સેવી તે લોકને પામી. શ્રીનારાયણ બોલ્યા હે નારદ ! મને એક જીભ છે તેથી હું આજ શું વર્ણવી શકું ? પૃથ્વી ઉપર પુરૂષોત્તમની સમાન કશું પણ નથી. પુરૂષોયે પુરૂષોત્તમની સેવાથી જે ફળ થાય છે તે હજાર જન્મ સુધી કરેલાં તપોથી પણ પમાતું નથી, કોઇ પણ કપટ મિષથી પણ જો તે શ્રીપુરૂષોત્તમ માસમાં ઉપવાસ, દાન સ્નાન, જપ વગેરે કરવામાં આવે તો કરોડો જન્મમાં કરેલ અનેક પાપોનો સમુહ જે રીતે શ્રીપુરૂષોત્તમમાસના ન્હાવાણ એવા પણ દુષ્ટ વાંદરન પુરે બનેલા કુકર્મોનો વધારો ફળ નહી નાનના . નાહ્યાથી નાશ પામ્યે. વળી તે દેવ જેના શરીરને ધરી વિમાનમાં બેસી ગોલોકમાં ગયે. માટે સર્વથી પુરૂષોત્તમ માસ આ

તી શ્રેષ્ઠ છે, નારદ પુછવા લાગ્યા—દેહમાં મનુષ્યનો અવતા
ર સર્વ અર્થોને સાધનાર કહેવાય છે. પણ સાક્ષાત જે વાં
દર હતો તે ભીલવડે સેવ્યાથી મોક્ષ પામ્યો, તે કથા સર્વ
લોકના હીતમાટે મને કહો. હે તપોનીધી ! એણે ત્રણ રા
ત ક્યાં સ્નાન કરયું, એ વાંદર કોણ ? શું ખાનારો ? ક્યાં
જન્મેલો ? ક્યાં વસતો અને શ્રી પુરૂષોત્તમમાં ક્યાં ભીષ
થી તેને શું પુણ્ય થયું ? તે વિસ્તારથી મને કહો. શ્રીના
રાયણ બોલ્યા—પુર્વે કોઇ કેરલદેશમાં જન્મેલો. અતીલોભી,
મધમાખીની પેઠે ધનથી સંચય કરનાર, અને તેને લાધેજ
જગતમાં કદર્ય એવા નામથી જાહેર થયેલો એક બ્રાહ્મણ
હતો, પહેલાં ચીત્રશર્મા એવું નામ પીતાએ ઠરાવેલું હતું
તેણે ખરાબ બુદ્ધીથી સારૂં અન્ન કે સારૂં વસ્ત્ર ભોગવ્યું ન
હોતું, તેમ તેણે સ્વાહા કે સ્વધા પણ ઉચ્ચાર કર્યો નહો
યશને માટે કશું કર્યું નહોતું પિતૃ કરવા પૈસો લોકો
નું પોષણ કર્યું નહોતું અન્યાયથી મેળવેલું સઘળું ધન
પૃથ્વિમાં દાટયું હતું. તેણે ક્યારે પણ માસમાં તલનું દા
ન કાર્તિકમાં દીવાનું દાન અને બ્રાહ્મણોને ભોજન દીધું ન
હોતું વૈશાખમાં ધાન્યોનું દાન, વ્યતી પાતમાં સોનાનું
દાન વૈધ્રતમાં રૂપાનું દાન અને સુર્યની સંક્રાંતીમાં ક્યારે
પણ આ સર્વ દાનો દીધાં નહેતાં. કદી પણ ચંદ્ર સુર્યનાં
ગ્રહણને દીવસે જપ કર્યો નહોતો. વૃદ્ધી, વાયુ અને લકવા
થી ક્લેશ પામેલ, દુર્બળ ને શ્યામ શરીરવાળો આ કદર્ય
સઘળે ઠેકાણે દીન વાણી બોલતો હતો. કોઈ પણ જે હો
ય તે કંઈ પણ મને પામરને આપો. આમ વારંવાર કહેતો
મૂઢ બુદ્ધીવાળો તે સદા ધનના લોભથી પૃથ્વી ઉપર ભટક
તો હતો. ગાય દોવા જેટલી વાર પણ કદી ઉભો રહેતો
શક્તીમાન ધીક્કારથી બળેલો, ઉદ્વેગ પામેલ મનવાળો તે
ભમ્યા કરતો હતો. તેનો મીત્ર કોઇપણ વાણીનો ધણી વન

માં ફરનારો હતો, તેણે વારંવાર રોતાં પોતાનું દુખ તેને જણાવ્યું. નીરંતર શેહેરમાં વસનારાઓના તીરસ્કાર ક છે, આથી શેહેરમાં રહી શકાય એમ નથી, આમ કહેનારા તે કર્દયની અતી ગરીબ વાણી સાંભળી કૃપાથી ભરેલા. મા ળીએ તેને ગરીબ જાણી દયા કરી. હે કર્દમ ! તમે હમ ણાં આવાડીમાંજ વસો આવુ કહ્યુ આવું કહેલું સાંભળી સ ર્વ નગરના લોકોએ તરછોડેલ ને કર્થય આનંદવાન થઇ તે વાડીમાં રહ્યો નીત્ય તેની પાસે રહી વેના હુકમ માન તો તેથી વાડીના રખવાળે તેમાં દઢવીશ્વાસ કરયો તેમાં અ તી વીશ્વાસઘણું ચીત્ત ણવાથી તે વાડીના રખવાળે તે ઘા ઘણને પોતાના જેવો વાડીનો રક્ષક કર્યો, પછી સર્વ અંત કરણના ભાવતી આ થારો છે એવા નીશ્ચયથી વાનીની ચી તા છોડી તે રાજાના ચહેલને સેવવા લાગ્યો, રાજદ્વારામાં હમેશ તેનું ઘણું કામ થતું તેથી પરાધીનપણાને વીષે એ વાડીયે જતો નહોતો અને કર્દય ઘણા આનંદથી તેનાં ફળ ખાતો તથા બાકી રહેલાં ફળોને અતી લોભવડે વેચતો હ હા. વળી તેથી ઉપજેલું સઘળું ધન પોતે શંકા પોતે શંકા રહીત થઈ લેતો જ્યારે વનનો રક્ષક પુછે ત્યારે તેની આ ગળ ઘણું જુઠું બોલતો કે હું શેહેરમાં ભટકીને ભિક્ષા માગીને જમીને દીવસ રાત તમારા બાગની ચોકી કરૂંછું પણ આનાં ફળો ઉપર બેસી બેસીને પક્ષીયો જાયછે, જુ વો હમણાં કેટલા પક્ષીયોને મે મારેલાં છે. તેઓનાં માંસને પીછાઓ અહિં સઘળે પડેલાં છે, તે જોઈ અતી વીશ્વાસપા મી વાડીનો રક્ષક ચાલ્યો જતો. આમ દુષ્ટ બુદ્ધિથી વર્ત તાં વૃદ્ધપણાથી ખખળેલા શરીરવાળા કર્દયનાં સત્યાશી વર્ષો ગયાં, ત્યાં મુઢ બુદ્ધિવાળો તે મરણ પામ્યો, વેદને જાણનારાઓએ કહેલું છે કે નહિ ભોગવેલું પાપ ક્ષય પામતું નથી, એથી અગ્નિ તથા લાકડાંઓને પણ પામ્યો

નહી. ત્યાંથી હાહાકાર કરતો મુદગળના ઘાથી પીડાતો પ્રથમ કરેલાં કર્મને સંભારતો દુષ્ટ બુદ્ધિવાળો તે કદર્ય તે હું છું તેનું અજ્ઞાન જુઓકે દૈવેચે પણ દુઃખે પમાય એવા આ પુણ્યરૂપ, કાલી ચાર મૃગવાળા ભરતખંડમાં મનુષ્યના દેહને પામીને મેં ધનના લોભથી વ્યર્થ જન્મ કહાડયો અને મેં જે ઘણાકાળે મેળવેલું પરાધીન ધન હતું તે પણ વ્યર્થપણાને પમાડયું. આમ પરપોટાની પેઠે દુઃખથી અતિશયંકર મોટા માર્ગમાં ચાલ્યો હવે કાળરૂપિ પાશથી વિંટાએલ પરાધીન હું શું કરૂં ? મનુષ્યનાં જન્મને પામી મેં કશું પણ સારૂ કર્યું નહી. મેં દાન દીધું નહિ, હિમાલયની ગુફામાં તપ કર્યું નહિ. પુરૂષોંત્તમમાં વખતે ત્રણ ઉપવાસ સરખા પણ કર્યા નહી. તેવખતે પણ મેં પુરૂષોર્થને દેનારો, મનુષ્યનો દેહ પોષ્યો નહી અહો મારૂં ભેગું કરેલું દ્રવ્ય પૃથ્વીમાં વ્યર્થ રહ્યું ? મેં દુષ્ટ બુદ્ધિથી જીવને જીવતાં કલેશ પમાડયો. કદી પણ પેટના અગ્નિને અન્નોથી તૃપ્ત કર્યો નહિ. મેં જ્ઞાતીયો, બાંધવો, સ્વજનો ભાણેજો, જમાત્ર, પુત્રી, પિતા માતા, ન્હાના ભાઇઓ, પતીવ્રતા સ્ત્રી ને બ્રાહ્મણોને પણ સંતોષ્યા નહી. આમ વિલાપ કરતાં તેને યમની પાસે લઇ ગયા. તેને જોઈ ચિત્રગુપ્ત એનાં સારાં નઠારાં કર્મને જોઇ રાજા ધર્મને કહેવા લાગ્યો કે આ બ્રાહ્મણોમાં અધર્મ છે. ધનલોભી, એણે દુષ્ટબુદ્ધિના લીધે કશું પણ પુણ્ય નથી કર્યું, આણે વાડામાં રહી ઘણું પાપ કર્યું છે. પ્રત્યક્ષમાં વાડીના રક્ષકના વિશ્વાસ થતાં પા છળથી આણે ફળ ચોર્યા છે પાકેલાં હતાં તે પોતે ખાતો અને ધનના લોભથી બાકી રહેલાં વેચતો. આથી એક ફળની ચોરીવડે કરેલું અને બીજા વિશ્વાસ ઘાતથી થયેલું પાપ આ બે પાપ આનામાં અતી આકરાં છે હે પ્રભુ ! બીજા પણ અનેક પ્રકારનાં પાપો આમાં છે. નારાયણ બોલ્યા-હે નારદ ! આવું ચિત્ર ગુપ્તનું વચન સાંભળી

ઘણા ક્રોધથી ભરેલ ધર્મરાજા બોલ્યા કે આ પોતાનાં કૃત્ય પ્રમાણે વાંદરનો જન્મ પામે, અને વિશ્વાસઘાતના કૃત્યથી થયેલું ફળ પછી થશે. આવો શ્રીબ્રહ્મનારદીયપુરાણના શ્રીપુરૂષોત્તમ માહાત્મ્યના કદર્યોપાખ્યાનનો સત્યાવિશમો અધ્યાય પુરો થયો.

અધ્યાય ૨૮ મો.

શ્રીનારાયણ બોલ્યા—તે સાંભળી ચિત્રગુપ્ત પોતાના યોદ્ધાઓને કહેવા લાગ્યો. પ્રથમ આ લોકથી પરાભવ પામ્યો હતો, પછી આણે ચોરી કરી હતી. માટે પ્રથમ પ્રેતપણાને પામી પાછળથી વાંદર થશે ત્યાર પછી હું ઘણાં નરકનાં દુખો દઈશ. આમ ચીત્રગુપ્તે ફરમાવેલા ભયંકર યોદ્ધાઓએ તે બ્રહ્મણને તમાચા લગાડયો. પ્રથમ ફળથી રહીત અને નીર્જલ વનમાં પ્રેતપણાને પમાડયો તે બ્રાહ્મણ બહુ કાળસુધી પ્રેતની જાતીને પામી ભુખ તર્ષથી વ્યાકુલ થતા નિત્ય ઘાઢા વનમાં ભટકતો પ્રેતના જન્મમાં રહેલાદુખનો અનુભવ કરીને પછી ફળની ચોરીથી વાંદરનો અવતાર જંબુખંડના મનોહર અતી ટાઢા પાણીને છાયાવાળા ફળને પુષ્પોવાળા, શોભીત કલંજર નામના પ્રસિદ્ધ પર્વત ઉપર દેવોના રાજાએ બનાવેલો સરોવરના સરખા પુન્યરૂપ સારાઓને સેવવા યોગ્ય, પાપને ટાળનારો દેવોને પણ દુર્લભ મૃતતીર્થ એવા નામે પ્રસીદ્ધ ઉત્તમ કુંડ હતો કે જેમાં કરેલાં શ્રાદ્ધથી પીત્રઓ સદગતી પામે છે ત્યાં દઈત્યોના ત્રાસથી દેવો મૃગરૂપ બની નીરંતર ભય વિના ફરતાં હતા એથી એ મૃગતીર્થ કહેવાય છે. ત્યાં એ બ્રાહ્મણ મનુષ્યના દેહમાં ફળની ચોરી કરેલા પાપથી પ્રથમ વાંદરનો જન્મ પામ્યો. નારદ બોલ્યા—ત્રણેલોકને પવીત્ર કરનારા રમણીય મૃગતીર્થમાં કરોડો પાપવાળા, દુષ્ટ વાંદરે કેમ નીવાસ કર્યો ? હે ઋષિ ! હે નાથ ! મારા મનમાં રહેલા સંદેહને દુર કરો; સુત બોલ્યો—હે બ્રહ્મણો આ પ્રમાણે ના

રહે' પુછેલા અતી પ્રસન્ન થયેલા તપના ભંડારરૂપ નારાયણ નારદમુનીને સત્કાર કરતા બોલ્યા—શ્રી નારાયણ બોલ્યા— કોઈ ચીત્રકુંડલ નામથી પ્રસિદ્ધ મોટો વૈશ્ય હતો, તેની સ્ત્રી પતીવૃતા તારક નામની હતી. તે બન્નેએ ભક્તિથી પુન્ય કારી શ્રી પુરૂષોત્તમમાસ કરયો હતો, ને તે શ્રીપુરૂષોત્તમ માસ પુરો થયો જ્યારે છેલો દીવસ આવ્યો ત્યારે સ્ત્રીસહીત, હર્ષવાળા ચીત્રકુંડલે ઉદ્યાપન કરયું. વેદ ને વેદના અંગોના પારને પામનારા, સ્ત્રીઓસહીત. ગુણવાળા બ્રાહ્મણોને ઉદ્યાપનનો વીધિ કરવા બોલાવ્યા. હે નારદ ! ધનના લોભથી કદર્ય પણ ત્યાં ગયો. જ્યારે ઉદ્યાનનો વીધી પુરો થયો ત્યારે ચીત્રકુંડલે અતી ઉદ્દારતાથી સ્ત્રીઓસહીત બ્રાહ્મણોને સંતોશ્યા. સંતોષ પામેલા સઘળાઓને ઘણી દક્ષીણા આપી. દક્ષીણાથી સંતોષ પામેલા બ્રાહ્મણો ઘેર ગયા. પણ અતી લોભી કદર્ય શેતો શેતો તેની અગાડી ઊભો રહયો અને વીનયથી ગદગદ બોલ્યો–હે ચિત્રકુંડલ વૈશ્ય ! તમેં વીધીથી પુરૂષોત્તમનું વ્રત સારી રીતે જેવું કર્યું તેવું કોઇ ઠેકાણે આગળ કોઇ પણ કર્યું નથી. તમેં આજ કૃતાર્થ છો અને ભાગ્યવાનનો; કેમકે તમેં ઊત્તમ ભક્તિથી પુરૂષોત્તમને પ્રસન્ન કર્યા છે. તમારા પીતાને અને માતાને ધન્ય છે કે જેઓયે તમારા જેવો વૈસ્નવ પ્યારા પુત્રને પેદા કર્યો. આ શ્રીપુરૂષોત્તમ માસ ધન્યથી પણ અતી ધન્ય છે કે જેની સેવાથી આ લોક ને પરલોકનું ફળ મળે છે. હે વૈશ્યોના પાળનાર ! તમારી પુજા જોઇ હૂં ચકિત થયો કહો ! તમે આ મોટું કર્મ કરેલું છે એમા સંદેહ નથી. હે બહુ દાન દેનારા ! બ્રાહ્મણોને આનંદથી મોટું ઉત્તમ ધન આપ્યું; પણ ભાગ્યહીણ હોવાથી મને કેમ નથી આપતા ? આમ તેણે જણાવ્યાથી એણે તેને ધન આપ્યું, તે લઇ બ્રાહ્મણે આનંદથી ધનને પૃથ્વીમાં દાટયું ત્યાં એ ણે શ્રીપુરૂષોત્તમની મોટી પુજા જોઈ અને ધનના લોભથી

પુરૂષોત્તમ માસની સ્તુતી કરી ધનના લોભથી કરેલ એવી પણ પુજાનાં દર્શનની મોટાઈથી અને પુરૂષોત્તમની સેવાથી મૃગતીર્થમાં આવ્યો. સુત બોલ્યા– જ્યારે ધનના લોભથી સ્તુતી કરેલ છતાં પણ દર્શન થતા સ્તુતીથી દુષ્ટ વાંદરને પણ સારાં તીર્થની સેવા થઈ, ત્યારે હે દ્વિજો ! પુરૂષોતમ દેવની આદર સહિત શ્રદ્ધાવડે દર્શન તથા સ્તુતી કરનાર સ્ત્રીવાળા પુરૂષને સારાં તીર્થની સેવા થાય એમાં તો કહેવુંજ શું ? નારદ બોલ્યા–હે બ્રાહ્મણ ? અતી શીતળ જળવાળા, સુંદર છાયાવાળા, મનને ખેંચનારા, સારાં ઝાડથી શોભતાં અરણ્યમાં તેની સ્થીતી થવાનું કારણ કહો ? શ્રીનારાયણ બોલ્યા–હે નારદ ! અહિં જે સાંભળવાથી પાપને નાશ કરનારૂં કારણ છે તે કહુ છું, માટે સાંભળો. જ્યારે સર્વ કામના ફળને આપનારા, દશરથના પુત્ર રામે સમુદ્રમાં પુલ બાંધી દુષ્ટ રાવણને માર્યો ત્યારે ભગવાને વિભીષણના સીવાય રાક્ષસો બાકી રાખ્યા નહોતા, અને અગ્નિથી સુદ્ધ થયેલાં સીતાને સ્વીકાર્યો હતાં, એ સમયે દશમુખવાળા રાવણના વધથી પ્રસન્ન થયેલા બ્રહ્મા, મહાદેવ, ઈંદ્ર વગેરે દેવોએ હે રામ ? તમેં વરદાન માગો ! એમ કહ્યું ત્યારે ભક્તોને અભય કરનારા રામ બોલ્યા–હે દેવો ! હમણાં તમારે જો વરદાન દેવું હોય તો મારૂં વચન સાંભળો, અહીં રાક્ષસોએ જે સુરા વાંદરોને હણ્યાછે તેઓને તુર્ત મારી આજ્ઞાથી અમૃત વૃષ્ટિવડે જીવતા કરો. આવી શ્રીરામની આજ્ઞાથી બ્રહ્મા મહાદેવ ઈંદ્રવગેરે દેવોએ અમૃતની વૃષ્ટિથી વાંદરોને જીવડયા. તે વખતે જીવતા રાખેલા જીતથી શોભનારા સઘળા વાંદરો ઘણી વાર સુઈને ઉઠેલા હોય તેમ રામને ભેટયા. પછી પુષ્પક વિમાનમાં બેસી શ્રીસહિત,પ્રસન્ન મુખકમળવાળા રામે સર્વ બાજુમાં બેઠેલો વાંદરોને કહ્યું. શ્રીરામ બોલ્યા–હે સુગ્રીવ ને હનુમાન ! હે તારાના પુત્ર ! હે

જાંબુવાન ? તમે વાંદરાઓની સાથે સઘળું મિત્રનું કામ કરયું હવે તમે તે સઘળા વાંદરોને અહિંથી રજા આપો અને તમારી આજ્ઞા આપવા પછી સઘળાંઓ ઇચ્છા પ્રમાણે જાઓ. જ્યાં જ્યાં વનમાં આ મારા ઘણો કાળ જીવનારા વાંદરો વસશે ત્યાં ફુલને ફળવાળાં વૃક્ષો, મીઠાં પાણીવાળી નદીઓ અથવા શીતળ સુંદર સરોવર થશે, અને વાંદરનો પરાભવ થશે નહિ. માટે સઘળા મારી આજ્ઞાથી જાઓ. આથી રામનાં સામર્થ્યને લીધે જ્યાં વાંદરોની જાત હોય છે ત્યાં વનમાં મીઠાં પાણીવાળી નદીઓ તથા સુંદર તળાવ હોય છે. વળી શોભિત ફળવાળાં, પુષ્પ પત્રવાળાં મોટાં ઝાડ હોય છે પણ સુખ દુઃખો પાછળનાં કર્મોથી થાય છે. અને નહિ ભોગવેલું કર્મ નાશ થતું વથી, આમ વેદની આજ્ઞા છે.

શ્રી નારાયણ બોલ્યા–પછી તે ઘણી ભુખ વર્ષવાળો, અતિ લોભી એ વાંદર મોટો થયો તથા ફરવા લાગ્યો. જન્મથી તેનાં મુખ ઉપર ગરમીથી થયેલી પીડા હતી. અતિ વેદના પામવાથી એ વાંદર કદી પણ ખાવા શક્તિમાન થતો નહી પણ તે વાદરપણાની ચપલતાથી વૃક્ષોથી સારાં ફળ તોડી મુખની પાસે લઈ વારંવાર તજી દેતો અને એ વાંદર કદીએ પીડાથી એક ઠેકાણે બેસી શકતો નહિ. એક ઝાડથી બીજા ઝાડ ઉપર જતો, કોઇ વખતે અતિ દુઃખ પામતો વિલાપ કરવા લાગ્યો પાણીથી જુદા પડેલા માછલાના સરખો ભુખને તર્ષથી જોડાયલો ગળતા મુખવાળો શરીરની પીડાથી રોવા લાગ્યો. આવું પુર્વ જન્મમાં કરેલાં પાપથી દુઃખ પામ્યો. આમ નિરંતર ખાધા વિના તે વર્તતો ત્યારે ભાગ્યને લીધે શ્રી પુરૂષોત્તમ માસ આવ્યો. તેમાં પણ તેમજ ઠંડ ને વાયું વગેરેથી પીડા પામેલો કોઇ વખતે અંધારીઆ પક્ષમાં ચાડા વનમાં ફરતો તૃષા પામેલો કુંડની પાસે પાણી પી શકયો નહિ અને તર્ષથી

કુંડ ભરેલો છતાં પણ ચપળતાથી ત્યાં ઉંચાં ઝાડ ઉપર ચડયો. એક ઝાડથી બીજા ઝાડ ઉપર જતો કુંડની વચમાં પડયો, તે બહુકાળ સુધી ખાધા વિના વિથિલ ઇંદ્રિયોથી બુઢો થયેલો બળવીતાનો ને શિથિલ પ્રાણ વાળા હોવાથી કુંડની પડખાના ભાગમાં રહ્યો. એ રીતે દશમના દિવસથી શ્રી પુરૂષોત્તમ માસમાં કુંડ વિષે લોટનાં વાંદરના ચાર દિવસો ગયા પાંચમો દીવસ આવ્યો ત્યારે મધ્યાન્હને વખતે પ્રાણ થી રહીત થતાં તે તીર્થમાં પડયો અને પાણીથી ભિજાએલ શરવાળો તે વાંદર અંકરણની મલિનતા મડવાથી તે દેહ ને તજી તરત દેવતાઇ આભુષણોથી શોભિત, કરોડો કામ દેવના જેવાં સુંદર રત્ન મય મુગટથી શોભિત અતિ સુંદર કુંડળોથી યુકત, પીળાં વસ્ત્રવાળાં, પુષ્પરૂપ સારા રત્નોવાળી કટિમેખલા વાળાં બાજુબંધને કડાથી શોભિત, અને અતિ સુંદર કેશોથી વિંટાએલ સુંદર મુખવાળા શરીરને પામ્યો તે વખતે વઇષ્ણવોએ આશ્રય કરેલું નોબત, મૃદંગ. ઢોલ વેણુ ને વીણાના મોટા અજવાળુ નાચતી દેવોની સ્ત્રીઓવાળુ શોભિત માતા ગાધર્વને કિનેરવાળુ વિમાન આવ્યું. તે જોઇ શોભિત શરીરને ધરનાર. વાંદર ઘણો વિસ્મય પામ્યો કે મોટાં પાપો થવાથી મને આ અતિ પુણ્યવાળાને યોગ્ય એવું વિમાનનું સુખ કયાંથી ? એ પછી કોઇ સ્ત્રીએ ચંદ્ર ના જેવી કાંતિવાળું છત્ર તેની ઉપર ધાર્યું કોઇ બે અપ્સ રાઓએ આનંદથી તેની ઉપર ચામર ઢોળ્યાં. કોઇ તાંબુલ હાથમા લઇ અપ્સરાઓ તેની પાસે નાચ કરવા લાગી, વાવાને વગાડવામાં તત્પર એવી કોઇ હાથમાં ગંગા નદીના પાણીથી ભરેલી સોનાની ઝારીને તેની પાસે ઉભી. આવો વઇભવ જોઇ ચીત્રમાં આલખેલ હોય એવો બન્યો. પુન્યથી રહિત ને દુષ્ટ બુદ્ધી છતાં મને આ શું અને કયા પુન્યથી થયું ? મેં કશું પણ સારૂ કર્યું નથી કે જેથી વિષ્ણુના પદને પામુ.

શ્રી નારાયણ બોલ્યા—આમ પાસે દેવતાઈ વિમાનને જોઈ મોટા સુખના ખજાનાનો તર્ક કરતા વિસ્મય પામેલ ચિત્તવાળા એ વાંદરના ઉત્તમ અભિપ્રાયને જાણી વિષ્ણુના યોદ્ધાઓ વાદરના જન્મને તજી પાસે રહેલા તે પ્રત્યે એને પગે લાગી હાથ જોડી વિનય સહિત તે સુંદર વચન બોલ્યા. આવો શ્રી બૃહન્નારદીય શ્રી નારાયણને નારદના સંવાદમાં કદર્યનાં દુઃખ આખ્યાનનો વાંદરની જાતિમાં વિમાન આવ્યાનો અઠયાવિશમો અધ્યાય પુર્ણ થયો.

અધ્યાય ૨૯ મો.

પુન્ય શીળને સુશીળ બોલ્યા—હે પ્રભુ ! તમે ગોલોકમાં જાઓ. અહિ કેમ વિલંબ કરોછો ? તમે મોટાઈથી પુરૂષોત્તમનું સમીપપણું મેળવેળ ને. કદર્ય બોલ્યો—મારે ઘણીવાર ભોગવવાનાં ઘણા કર્મો છે. કયા કર્મથી મને પાપની નિવૃત્તિ થઇ કે જેથી હું ગોલોકમાં જાઉં. જેટલી વરસાદની ધારા છે, જેટલા ઘાસ, જેટલા રજકણો અને આકાશમાં જેટલા તારાઓ છે તેટલાં મારાં પાપો છે, એમ છતાં મનોહર દેવતાઇ શરીર મેં કેમ મેળવ્યું ? વિષ્ણુના વ્હાલા દુતો ? એ અતિ મોટું કારણ મને કહો. શ્રી નારાયણ બોલ્યા—આવી વાણી સાંભળ વીષ્ણુના બે દુતોએ કહ્યું—અહો દેવ ! કેમ તમે આવું મોટું સાધન જાણ્યું હે પ્રભુ ! શાથી તમે સર્વ ઉત્તમ પદાર્થોમાં ઉત્તમ, મહા પુન્યવાન વ્હાલા નામથી પુરૂષોત્તમ એ રીતે પ્રસિદ્ધ માસને નથી જાણતા ? તે માસમાં તમે દેવોએ પણ જે નહિ લઇ શકે તેવું તપ કર્યું પણ હે મહારાજ ! વનમાં વાંદરના દેહથી જાણ્યું નહિ સુખના રોગથી અજાણતાં તમને નહો આવાનું વ્રત થયું, તમે વાંદર જાતીની ચપળતાથી ઝુમખાથી તોડી ફળો પૃથ્વી ઉપર ફેક્યાં હતાં, તેઓથી બીજા જનો તૃપ્ત થયા હતા. તમે ઘણીવાર અંતરનાં દુખથી પાણી પણ પીધું નહોતું તેથી હે પાપરહીત ! તમને પરોપકાર

થયો. વનમાં ફરતાં તમે ભયંકર ટાઢ, વાયું ને તડકા સ
હન કર્યા. રમણીય ઉત્તમ મોટાં તીર્થમાં પાંચ દીવસ સ્ના
ન કર્યું તેથી તમને શ્રી પુરૂષોતમ માસમાં સ્નાનથી થતું
પુણ્ય થયું આમ રોગ હોવાથી તમને અજાણુત ઉત્તમ તપ
થયું તે આ સફળ થયું કે હમણાં તમે જે અનુભવ્યું, માટે
શ્રદ્ધાથી આ શ્રી પુરૂષોત્તમ માસમાં ઉત્તમ માહાત્મ્યને જાણી
કર્મ કરનારને સફળતા થાય એમાં શું નવાઇ ! જે માસમાં એક
ઉપવાસથી પાપોના સમુહોથી છુટાય છે તેમાં તમે જે
પોતાનું કામ સાધ્યું છે, તેવું કરવા કોણ શક્તિવંત છે ?
આની બરોબર કશું પણ પુરૂષોત્તમની પ્રસન્નતાને આપ-
નારૂં નથી, માટે જેઓ તેનું વ્રત કરે છે તેઓ પુણ્યવાન છે
પૃથ્વીના ભાગમાં ભારતખંડરૂપી આંગણામાં મનુષ્યનો જ-
ન્મ મળવો મુશ્કેલ છે, તેવા જન્મને મેળવી જેઓ પુરૂષો-
ત્તમને સેવે છે તેઓ સદા સારાં ભાગ્યવાળાં, અને પુન્ય-
વાળા છે વળી જેઓને સ્નાનુ દાન ને જપથી સર્વોત્તમ
માસ ગયો છે તેઓનો જન્મ સફળ છે. પુરૂષોત્તમ માસ
આવે ત્યારે જુદા જુદા પ્રકારના દાનો, પિતૃનાં કાર્યો તથા
તપ છે તેઓ કરોડ ઘણાં થાય છે. માટે પુરૂષોત્તમ મા-
સને પામી જે સ્નાન ને દાનથી રહિત છે તે નાસ્તિક,
પાપી, શઠ ધર્મધ્વજ અને ખલ માણસને ધિક્કાર છે. શ્રી
નારાયણ બોલ્યા—પુણ્યશીળને સુશીળે પોતાનું નહિ જોયેલું
જે કર્મ વર્ણવ્યું તેને સાંભળી વિસ્મય હર્ષ પામેલો, ઉભાં
રૂવાડાંઓથી ચિન્હ યુક્ત શરીરવાળો તે તીર્થના દેવોને
પગે લાગી પછી કાલંજર પર્વતને અને વનના અધિપતિયો
લતા, ગુલ્મ તથા વૃક્ષોને નમ્યો. તે પછી વિમાનને પ્રદ-
ક્ષિણા કરી વિનયવાળો, મેઘના જેવો શ્યામ, શોભિત પિ-
ળાં વસ્ત્રોથી વિંટાએલો તે સઘળાંવોના દેખતાં કિંનરો
વગેરેએ વારંવાર વાજીંત્રો વગાડતાં ગંધર્વો વગેરેએ
સ્તુતિ કરેલો વિમાનમાં બેઠો. આનંદ યુક્ત વીરે ધીરે
ફુલો વરસાવતા ઇંદ્ર વગેરે તેવોએ અદર સહિત પુજા

કરી. ત્યાર પછી આનંદ સહિત, યોગયોએ દુઃખે પમાય એવા, ગોપ, ગોપી, ગાયોએ સેવવા લાયક, અને રાસ મંડળથી શોભત ગોલોકમાં ગયો અને બે ભુજાવાળા, મુરલીધર શ્રીપુરૂષોત્તમને જોઇ ખતી વિસ્મય પામેલા સઘળા દેવો પુરૂષોત્તમને વખાણતા પોત પોતાના સ્વર્ગમાં ગયા.

નારદ બોલ્યા—હે તપોધન ! તમે દિવસના પ્રથમ ભાગમાં કરવાનું આન્હિક કહ્યુ તે દિવસનો બીજો ભાગ થતા કેમ કરવુ તે કૃપા કરી મને કહો. શ્રી નારાયણ બોલ્યા—પ્રાતઃકાળમાં કરવા કહેલું કર્મ વિધિ પ્રમાણે પુરૂં કરી તે પછી મધ્યાન્હની સંધ્યા કરી ને પછી મધ્યાન્હની સંધ્યા કરી તલથી તર્પણ કરવું. દેવતાઓ, મનુષ્યો, પશુઓ, પક્ષિયો, સિધ્ધો, યક્ષ, નાગ, દૈત્યના સમુહ, પ્રેતો, પિશાચો અને સર્પો આ સર્વો જેઓ અહિં મેં આપેલાં અન્નને ચાહતા હોય તે અંગીકાર કરો એમ કહેવું. પછી પાંચ મહાયજ્ઞો કરવા ને પછી ભુતબળી કાગડાનો બળી આપી. પછીથી ઉપર પ્રમાણે કહેતાં ફરી જુદાં જુદાં સર્વ પ્રાણીને બળીદાન દેવું. તે પછી શ્રદ્ધાવડે વિધિ પ્રમાણે આચમન લઇ પ્રસન્ન મનથી અતિથિને લેવા ચારૂ બારણાં તરફ ગાય ગોવાય તેટલી વાર નજર કરવી. જો ભાગ્યથી અતીથી મળે તો પ્રથમ વચનથી સત્કાર કરી સારી બુદ્ધિથી દેવની પેઠે તેની પુજા કરવી, અને શક્તિ પ્રમાણે ઉત્તમ ભાવથી અન્નપાનથી પ્રસન્ન કરવો. બ્રહ્મચારી ભિક્ષુકને સઘળા અથાણાંઓ સહિત બનાવેલાં અન્નમાંથ લઇ વિધિ પ્રમાણે ભીક્ષા દેવી. યતિ નેં બ્રહ્મચારી એ બે રાંધેલાં અન્નના સ્વામિ છે માટે તે એને અન્ન આપ્યા વગર જમવાથી ચાંદ્રાયણ કરવું જોઇયે. યતિના હાથમાં પ્રથમ પાણી દેવું, પછી ભીક્ષા દઇ ફરી પાણી દેવું, કેમને તે ભીક્ષા મેરૂની બરાબર અને તે પાણી સમુદ્રની સમાન થાય છે. જે લોક સત્કાર કરી ભીક્ષુને ભીક્ષા દે છે તેને ગાયના દાનની બરાબર પુણ્ય થાય છે, આવું ભ-

ગવાન યમે કહેલ છે. તે પછી પુર્વમાં મુખ કરી ચુપ રહી ભોજન કરવું. ઉત્તમ પવિત્ર વાસણમાં અન્નને નહિં નીંદતાં જમવું. પોતે આસન ઉપર બેસી સ્વસ્થચિ-તથી ને પ્રસન્ન બુદ્ધિથી જમવું. જે એકલોજ પોતાનાં કાંસાના વાસણમાં જમે છે તેનાં આયુશ, બુદ્ધિ યશ ને બળ આ ચારવાનાં વધે છે. સત્યંત્ત્વર્તે એ મંત્રથી હાથમાં પાણી લઇ છાંટી ધીવાળું ને મિઠા હાથવાળું જમવું અન્નમાંથી જરાક ઉત્તમ અન્ન લઇ પ્રથમ એવું કહેવું કે ભુપતીને નમુછું ભુવનપતી ને નમુછું ભુતોના પતીને નમુછું એમ કહી પછી ત્રણ બળી આપવા. આપ્યા પછી ધર્મને બળી દઇચીત્રગુપ્તને બળી દઇ ભુતોને બળી દેવું જે કોઇ ઠેકાણે રહેલા ભુખને તર્ષ થી દુખી મનવાળા પ્રાણીની ત્રપ્તિ સારૂ આ જન્મ સુખ થાય તે રીતે ખુટે નહી એવું થાઓ, પ્રથમ ઓંકારનો ઉ ચ્ચાર કરી છેવટ સ્વાહા કહી પ્રાણવાયુને, અપાન નામના વાયુને તે પછી વ્યાન વાયુને પછી ઉદાન વાયુને અને ત્યા ર પછી સમાન વાયુને બળી ઘીવાળું અન્ન જીભને નહી જડતાં પાંચ વાર ગળવું તે પછી તેમાં મન રાખનાર બ ની પ્રથમ મધુર જમવું, મધ્યમાં ખારા ખાટા રસ જમવા તે પછી તીખા કડવાં રસ ખાવા પુરૂષે પ્રથગ કોમળને મ ધ્યમાં કઠીણ ભોજન જમવું છેવટ પાછુ દ્રવરૂપ કોમલ ખા તા રહેવું આથી બળને આયોગ્યને મનુષ્ય છોડતો નથી. મુનીયે આઠ કોળીયા ખાવા, વનમાં વસનારે સોળ અને ગૃહસ્થે બત્રિશ કોળીયા ખાવા. બ્રહ્મચારીયે યથસ્થિત ખા વું બ્રાહ્મણે શાંસ્ત્રથી વીરૂદ્ધ ભક્ષને ભોજ્ય ખાવું નહી, સુ કું ને થંડુ ભોજન નહી ખાવા યોગ્ય કહેલ છે. ઘી ને દુધપાક શીવાય સગળું શેષભાગ સહીત અને બાકી રહેલ હોય તે જમી રહ્યા પછી આંગળીના અગ્રભાગોમાં રાખી અંજળીને પાણીથી ભરેલ કરી તેનું અર્ધ પીને આંગળી ચોના અગ્રભાગમાં અન્નને પૃથ્વી ઉપર નાખી વીદ્વાને આ મંત્ર ભણવો કે મેં આપેલું જલ રૌખ પુય નીલય અને

પશ્ચાળુદ આ નરકોમાં વસનારા, મારાં પાણીને ચાહનારા ઓને ખુટે નહી તેવુંથઇ પોહોચો પછી શેષ રહેલ જલ તે અન્ન ઉપર છાંટવું આમ નહી કરે તો બ્રાહ્મણ પાપને ભો ગવનાર થાય છે અને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ બને

આ ઉપર કહેલ મંત્રથી પાણી છાંટી રહ્યા પછી દાં તની શુદ્ધિ કરવી પછી આચમન લઇ જરા ભીના હાથથી વાસણને દુર કરી તે પછી ઉઠી બહાર બેસી સાવધાન થ ઈ માટીને શુદ્ધ પાણીથી મુખને હાથ ધોવાં સોળકો ગળા કરી શુદ્ધ થઇ સુખે બેશી આગળ કહેવાના મંત્રના અર્થ કહેતાં પેટ ઉપર હાથ ફેરવવો. આહાર પચવા માટે અગસ્ત્ય કુંભકર્ણ શની વડવાગ્નિ અને પાંચમા ભીમસેનને સંભારવો. જેણે આતાપીને મારયો વાતાપીને નાશ પમા ડયો અને જેણે સમુદ્રને શોષી લીધો તે અગસ્ત્ય મને પ્ર સન્ન થાઓ આમ કહી પેટ ઉપર હાથ ફેરવ્યા પછી આનં દથી શ્રીકૃષ્ણદેવનું સ્મરણ કરવું. ફરી આચમય લઈ તે પ છી પાન બીડું ખાવું જમીને બેઠેલાએ મારા માર્ગનો વી રોધ નહી કરનારા સારાં શાસ્ત્ર વગેરેના વાનોદ સાથે પર બ્રહ્મરૂપ શ્રીકૃષ્ણનો વીચાર કરવો તે થાય પછી સવં રીતે આજીવિકા રહીત હોય તો પણ બે ઘડી વાર સારી બુદ્ધિ વાળાએ સ્વસ્થ મનથી વેદાંતનું શ્રવણ કરવું તે સાભળવા થી ધર્મને જાણે છે, પાપને તજે છે, મોહ મટે છે અને જ્ઞાનરૂપ અમૃતને મેળવ છે. નીચ પણ શ્રવણથી તાકીદે સેષ્ટપણાને પામેછે. શ્રવણથી રહીત શેષ્ટ પણ નીચપણાને પામે છે. માટે શ્રવણ થવા પછી બહાર જઇ સુખ થાય તે તે વ્યવહાર કરવો અને મનથી સર્વ કામની સિદ્ધિને દેના રા શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું સાંજે નદી ઉપર જઇ અથવા ઘેર પગ ધોઈ પવીત્રી રહીત સાનંકાળની સંધ્યા કરવી. જે બ્રાહ્મણોમાં અધમ માણુસ સાયંકાળની સંધ્યા કરતો ન થી તે આયના વધને પામે છે. તથા મરણ પછી રોરવ ન રકને પામેછે. કદી કાળ જતો રહે, સંકટ હોય કે માર્ગ માં રહેલ હોય તો પણ ઉત્તમ બ્રાહ્મણે અર્ધ રાત્રિ સુધી

માં સાયંકાળની સંધ્યા કરવી જે શ્રદ્ધાવાળો બ્રાહ્મણ ત્રિકાળ સંધ્યાની ઉપાસના કરે છે તેનુ તેજ સદા જેમ ઘીથી અગ્નિ વધે તેમ વધે છે. અર્ધ આથમેલો સુર્ય હોય ત્યારે સાયંકાળની સંધ્યા પ્રાણાયામ કરી જળ દેવતાવાળા આપો હીષ્ઠા મંત્રથી પ્રોક્ષણ કરી કરવી. સાયંકાળમાં અગ્નીશ્ચમાં એ મંત્રથી ને પ્રાતકાળમાં સુર્યશ્ચમા એ મંત્રથી આચમન કરવું, વાણીને નીયમમાં રાખી અતી સાવધાન થઈ પુર્વ તરફ મુખ રાખી બેસવું તે પછી ઓંકાર ને વ્યાહુતી સહીત ગાયત્રીનો રૂદ્રાક્ષની માળા લઈ સારી રીતે તારાઓના ઉદય થયા સુધી જપ કરવો જળ દેવતાની ઋચાઓથી સુર્યની સ્તુતી કરી પ્રદક્ષીણા કરી દીશાઓને નમન કરતા જુદા જુદા દીશાઓને નમસ્કાર કરવા સાયંકાળની સંધ્યાને સેવી અગ્નિને હોમી પછીથી નોકરોથી મળી અતી ત્રપ્તિ ન થતાં સાધારણ જમવું જમીને સુખથી શયન કરવું નહી જમવું હોય તો પણ પ્રાતકાળ ને સાયંકાળમાં હમેશાં વૈશ્વદેવને બળીદેવાનું કર્મ કરવું. નહી તો પાપભોગી થવા ચછે. તે કારણથી પગ વગેરેની પવિત્રતા કરી ગૃહસ્થે સાયંકાળે ભોજન કરી તે પછી કોમળ ઓશીકાંવાળી સચ્યા ઉપર સુવું પોતાને ઘેર પુર્વ તરફ મસ્તક રાખા. સાસરાને ઘેર દક્ષીણ દીશા તરફ મસ્તક રાખી પરદેશમાં પાશ્ચિમ તરફ મસ્તક રાખી સુવું, પણ કદીએ ઉત્તરમાં મસ્તક રાખી સુવું નહી રાતે અગસ્તત્ય, માધવ, મહાબલ. સુચુકુન્દ, કપીલ અને આસ્તીક મુની આ પાંચ સુખથી સુનારા દેવો છે તેં સુખેં સુનારાં દેવોને સંભારી રાત્રિસુક્તને બોલી અવીનાશી વીષ્ણુને નમી સાવધાનપણામાં રહી સુવું પ્રથમ મંગલ રૂપ પાણીથી ભરેલ લોટાને મસ્તકને ઠેકાણે રાખી વેદના ગરૂડ મંત્રોથી રક્ષા કરી પછીથી સુવું. સદા પોતાની સ્રીમાં પ્રીતિમાન થતાં ઋતુને વખતે તેની પાસે જવું. વળી વ્રતવાળાએ ઇચ્છાથી પર્વણી વિના એ પાસે જવું. પ્રદોષ ને પાછલો પોહોર એ બે વેદના અભ્યાસથી ગાળવા, બે

પોહોર સુનાર માણસ બ્રહ્મપણાને પામનાર થાય છે. આ સઘળું દિવસે દિવસે ગૃહસ્થોયેં સારી રીતે ગૃહસ્થાશ્રમનાં લક્ષણવાળું ધુર્ણ કર્મ સંપૂર્ણથી કરવું. હિંસા ન કરવી, સાચું બોલવું, સર્વ પ્રાણિયોની દયા, શાંતિ, શક્તિ પ્રમાણે દાન, આ ગૃહસ્થનો ધર્મ કહેવાય છે, પારકી સ્ત્રીને સ્પર્શ ન કરવો. ધર્મથી કરેલી સ્ત્રીનું રક્ષણ, નહિ દીધેલ વસ્તુનો ત્યાગ, અને મદ્ય તથા માંસનો ત્યાગ આ પાંચ પ્રકારનો ઘણી શાંખાવાળો સુખને ઉપજાવનારો દેહથી થતો ધર્મ દેહને મુખ્ય માનનારા પ્રાણિયોએ પણ કરવો. શ્રી નારાયણ બોલ્યા–હે મુનિ! આ સઘળાં વેદમાં કહેલ સારાં ચરિત્રવાળું, ગૃહસ્થાશ્રમનું લક્ષણ તમને સારી રીતે લોકના હિત માટે ટુંકાણમાં કહ્યું. આવો શ્રી બૃહન્નારદીય પુરાણનાં પુરૂષોત્તમ માહાત્મ્યના શ્રી નારાયણ ને નારદના સંવાદમાં આન્હિકકથન નામે ઓગણત્રિશમો અધ્યાય પૂર્ણ થયો. ૨૯

અધ્યાય ૩૦ મો.

નારદ બોલ્યા—હે તપના ખજાનારૂપ! પ્રથમ તમે પતિવ્રતા સ્ત્રીની સ્તુતિ કરી. હવે સઘળાં તેનાં લક્ષણો મને ટુંકાણથી કહો. સુત બોલ્યો—હે પૃથ્વીના દેવો! આ પ્રમાણે નારદે પ્રેરણા કરેલા જુના મુનિ નારાયણ પોતે પતિવ્રતાનાં સર્વ લક્ષણો કહેવા લાગ્યા. શ્રી નારાયણ બોલ્યા–હે નારદ! સતી સ્ત્રીઓનું ઉત્તમ વ્રત કહું છું તે સાંભળો. સારી સ્ત્રીએ પતિ ખરાબ, કુરૂપવાળો, દુરાચારી, ખરાબ સ્વભાવવાળો, રોગી, પિશાચ જેવો, ક્રોધી, દારૂ પીનારો, વૃદ્ધ, બેવકુફ, મુંગો, આંધળો, બેરો, ભયંકર, દરિદ્ર, કદર્ય, નિંદિત, બીકણ, કપટી કે સ્ત્રીમાં લંપટ હોય તો પણ સદા વાણી શરીર ને કર્મથી દેવની પેઠે પૂજવો. કદી કોઇ રીતે પણ સ્ત્રીએ સ્વામીનું અવરૂં કરવું નહિ. બાલક જુવાન અને વૃદ્ધ સ્ત્રીએ પણ ઘરે મ સ્વતંત્રતાથી કશું કામ કરવું નહિ. સદા ગરવ તજીને કશી કામ કેમને

તેઓ પતીનાં મનનું રંજન કરવું. પણ બીજાનું મન રંજન કરવું નહા. બીજાએ ધનોથી લોભ પમાડેલી છતાં જે સ્ત્રી મન વાણી શરીરને કર્મથી બીજા પુરૂષને સેવતી નથી તે સ્ત્રી સતી પ્રતીવૃતા જાણવી. સારી સ્ત્રી દુતપણાથી માગવી કરેલ છતાં, બળથી ધારણ કરેલ છતાં અને વસ્ત્રો વગેરેથી યુક્ત કરેલ છતાં પણ બીજાને સેવતી નથી. સારી સ્ત્રીઓને બીજો દેવ, મનુષ્ય કે ગંધર્વ હોય પણ સ્ત્રીયે પતી શીવાય બીજો કોઇ પ્યારો નથી; માટે કદી પણ સ્ત્રીયે પતીનું અપ્રીય આચરણ કરવું નહી; જે પતી જમેં ત્યારે જમે છે. જે પતી દુઃખ પામે છે; પતી આનંદ પામે ત્યારે સ્ત્રી આનંદ પામે છે, પતી પરદેશ જાય ત્યારે મેલાં વસ્ત્ર પેહેરે છે, ને પતી સુવે ત્યારે સુવે, પ્રથમ જાગે છે, જે પતી મરણ પામે ત્યારે અગ્નીમાં પ્રવેશ કરે છે અને જે મનમાં બીજાને ચાહતી નથી તે પતીવ્રતા જાણવી. તેણે સાસુ સસરાની અને પતીની સેવા કરવી. નીરંતર મુખ પ્રસન્ન રાખવું. સમય પ્રમાણે જમાડવા અને કદી પણ જમતા પતી પ્રત્યે અપ્રીય બોલવું નહા. દાનને અર્થે આપેલા ધનમાંથી કશું પણ રાખવું નહા. પતાની રજા વીના પોતાના સગાઓને પણ ધન દેવું નહિ. બીજાની સાથે બહુ બોલવું, અસંતોષ, બીજાના વ્યાપારની વાતો, અતિ હસવું, અતિશોષ અને ક્રોધ આ સરવ તજવાં પતિ જે ન પ્રિય, પતિ જે નહિ જમે, તેં સઘરૂં સ્ત્રીયે તજવું. સારી સ્ત્રીયે પાતના આનંદ માટે તેલ મસળવું, પીઠી સ્નાન, શરીરને ચોળી નાહવાની ક્રીયા અને દાંતોની શુદ્ધિ કરવી, હે મુનિ! ત્રેતાથી માંડી સ્ત્રીઓને મહિને મહિને ઋતુ આવે છે ત્યારે ત્રણ દીવસ છોડયા પછી ઘર કામમાં તે શુદ્ધ થાય છે. પેહેલે દિવસે ચાંડાલી, બીજે દિવસે બ્રહ્મહત્યારી, તિજે દિવસે ધોબણ જેવી કહેલ છે, અને ચોથે દિવસે ચોખી થાય છે. અભાગીઓએ સ્ત્રીય સ્નાને પવિત્રતા. ગાવું, રોવું, ફરવું આ-

જાણુ આજણુ આંજવું, જુગટું, ચંદનલેપ વધારે પણાથી દિવસે સુવું, હાતણ કરવું, દેવતાની પૂજા અને દેવોને નમસ્કાર આ સરવનો ત્યાગ કરવો. તેમ બીજાએ રજસ્વળાને અડવું અને તેની સાથે બોલવું તજવું. રજસ્વલાએ ત્રણ રાત સૂધી પોતાનું મુખ દેખાડવું નહી. જ્યાં સુધી નાહી શુદ્ધ નહી થાય ત્યાં સૂધી પોતાનું વચન પણ ન સંભળાવવું. રજસ્વલા સ્ત્રીયે નાહીને બીજા પુરૂષને જોવો નહી, સૂર્ય દેવતાનું દર્શન કરવું અને પછી દાભના સ્પર્સવાડું પાણી પાન કરવું. ઉત્તમ સ્રીયે બહારની શુદ્ધિ સારૂં ફકત પંચગવ્ય ને દુધ પીવું, અને ઉપદેશ પ્રમાણે નિયમથી વર્તવુ જ્યારે સ્ત્રી ગર્ભવાળી હોય ત્યારે નીયમમાં તત્પર શણગારી સારી રીતે ચાલનાર, પતીનાં પ્યારમાં હીતમાં અને ધર્મમાં પ્રીતીમાન, પઠીત્ર, રક્ષા કરનાર, સારા ઘરેણાં યુકત વસ્તુની પુજામાં તત્પર, અને પ્રસન્ન મુખવાળું થઈ રહેવું. સુંદર સ્ત્રીએ ખરાબ બોલનારી નારીયો સાથે બોલવું નસી, સુપડાનો વા લેવો નહી. મરેલ બાળક વગેરેનો સ્પર્શ કરવો નહી, અને બીજાની કરેલી રસોઈ જમવી નહી ભય કે કંટાળો ઉપજાવે એવું કશું પણ જોવું નહી ભયંકર કથા સાંભળવી નહી અપચામાં ભારે કે આત ઉનો આહાર કરવો નહી. આ વીધીથી સારી સ્ત્રી સારા પુત્રને પામેછે. પતીથી છેટે વસવું નહી; પારકા લોકને વીલાશોથી જોવા નહી. પણ વીલાસોથી પતીનું મુખરૂપ કમળ જોવું. પતી ક્લેશને યોગ્ય હોય રુતાં સ્ત્રીએ કલહ કરવો નહી. નીંદવી અને અત્યંત મારેલી છતા વ્યથા પાપતાં પણ પામતા પણ પતીવ્રતા સ્ત્રીએ ભય તજી પતીને કંઠાળો આપવા રોવું નહી, અને તે તરફ ચોંઘાટપણુ કરવો નહી સ્ત્રીએ પોતાના ઘરથી બહાર નાસી જવું નહી. જો ઉત્સવ વગેરેમાં પોતાના ભાઈને ઘેર જવું પડે તો ધણીની રજા લઈ સાથે નોકર રાખી જવું. જયારે પતિ પરદેશ જવા તૈયા

હોય ત્યારે સારૂં મંગલકારી બોલવું, પણ નહી જાઓ એવું કહી એને વારવો નહી. પતિ બીજા દેશમાં ગયો હોય ત્યારે સદા શરીરનો મેલ ન કહાડતા સ્ત્રીએ જીવનની રક્ષા માટે નીંદ્રાંથી રહિત કર્મ કરવુ. સાસુ સસરાને પડખે નિંદ્રા કરવી. ચાદલો કપાળે કરવો નહી, અને આંખે કાજળ આંજવું નહી. પતિ બોલાવે તો તરત ઘરનાં કામ છોડી જવું અને નીમીથી જે કામ બતાવે તે આદર સત્કારથી કરવું. કદી પણ એકલું જવું નહિ, કદી પણ નાગું નહાવું નહી અને કદી પણ સારી સ્ત્રીએ પતિનો દ્વેષ કરનારી સ્ત્રીને સાધ્વી કહેવી નહી, પતિએ બોલાવેલી જે નારી ક્રોધથી તત્પર થતાં જવાબ દે છે, તે ગામમાં કુતરી અને નિર્જન વનમાં શિયાલણ થાય છે. સ્ત્રીઓનો એકજ નિયમ કહેલ છે કે સ્વામિના ચરણોને પુજી સ્ત્રીએ સદા જમવું જે સ્વામીને તજી એકલું, મીઠું જમે છે તે ઝાડનાં કોતરમાં સુનારી ક્રૂર ઘુડણી થાય છે. જે અહંકાર કરી અપ્રિય બોલે છે તે મુંગીજ થાય છે. જે સદા શોકયની અદેખાઇ કરે છે તે બીજા જન્મમાં ખરાબ ભાગ્યોવાળી થાય છે. જે પતિને બહારથિ આવેલ જોઈ ઉતાવળી પાણી, ભોજન, તાંબુલ, પંખા, પગચંપી વગેરે અને અતિ પ્યારામાં પ્યારા વાક્યોવડે સારી રીતે સેવે છે તેને પંડિતોયે પતિવ્રતાઓના મસ્તકના રત્નરૂપ સ્ત્રી કહેલ છે. સઘળા અમંગળ પદાર્થોથી વીધવા સ્ત્રી અમંગળવાળી છે. વિધવાને જોવાથી કયારે કયાંય પણ સિદ્ધિ થતી નથી. માટે આશીર્વાદને દેનારી એક માતા સીવાય સર્વની ઉપમાં અપાય એવી બિજી સ્રીની આશિષને પણ બુદ્ધિમાને તજવી. જે રીતે સર્પને ઝાલનાર વાદી જોરથી રાફડામાંથી સર્પને કહાડે છે એ રીતે સતી સ્ત્રી યમદુતોથી છોડાવી પતિને સ્વર્ગમાં લેઈ જાય છે. જેટલી પોતાના રૂવાંડાંની સંખ્યા છે તેટલા કરોડો ને હજારો વર્ષ સુધી સ્વામિની સાથે

રમતી પતિવ્રતા સ્વર્ગનું સુખ ભાગવે છે. વિધવાના ચોટલાના બંધપતિના બંધન કાજે થાય છે માટે માથાનું મુંડન વિધવાએ સદા કરાવવું. હમેશ એક વખત અહાર કરવા. ક્યારે પણ વિધવાએ બીજી વાર જમવું નહિ. વિધવા સ્ત્રી પલંગપર સુવાથી પતિને સ્વર્ગથી પાડે છે માટે પતિનાં સુખની ઇચ્છાથી પૃથ્વી ઉપર શયન કરવું. શ્રી નારાયણુ બોલ્યા—આના જેવો કોઈપણ દેવ સઘળા દેવવાળા લોકોમાં પણ નથી; કેમકે જ્યારે પતિ પ્રસન્ન થાય છે ત્યારે સર્વ કામના પુર્ણ થાય છે અને પતિ અતિ કોપે તો સર્વ કામના નાશ થાય છે. તે પતિથી જે છોકરાં, જાતજાતનાં સુખો, શય્યા, આસનો, અદ્ભુત ભોજનો, વસ્ત્રો, માળાઓ, તેમ સુગંધો અને સ્વર્ગમાં તથા આ લોકમાં જુદા જુદા પ્રકારની કીર્તિ થાય છે. આવો શ્રી બ્રહન્નારદીય પુરાણુના પુરૂષોત્તમ મહાત્મ્યના શ્રીનારાયણને નારદના સંવાદમાં પતિવ્રતાધર્મનિરૂપણુ નામે ત્રિશમો અધ્યાય પુર્ણ થયો. ૩૦

અધ્યાય ૩૧ મો.

સુત બોલ્યા—હે બ્રાહ્મણો ! આ રીતે પતિવ્રતાનો ધર્મ સાંભળી કંઈ પણ પુછવાના મનથી નારદમુનિ જુના મુનિને પુછવા લાગ્યા. નારદ બોલ્યા—હે બદરીકાશ્રમના ધણી ! તમે કાંસાનું સંપુટ સર્વ દાનોમાં અધિક કહ્યુ એનું છાનું કારણુ મને કહો ? શ્રી નારાયણુ બોલ્યા—હે બ્રહ્મણુ ! આગળ જ્યારે એક દિવસે પાર્વતીએ આ વ્રત કર્યું હતું ત્યારે મહાદેવને પુછયું હે દયાનિધિ ! મારે શું ઉત્તમ દાન દેવું કે જેથી મારૂં પુરૂષોત્તમનું વ્રત પુર્ણ પણાને પામે ? તે સઘળાઓના હિત કારણે મને કહો. તે સાંભળી મનમાં શ્રી પુરૂષોત્તમને સંભારતા શંકર સર્વ લોકનું હિત ચાહનારાં પાર્વતીને કહેવા લાગ્યા. શ્રીમહાદેવ બોલ્યા—હે પાર્વતિ શ્રી પુરૂષોત્તમનાં વ્રતનો પુરો વિધી કરવા કોઈ પણ દાન ચેહમાં ક્યાંય સ્પષ્ટ કહ્યું નથી. હે પાર્વતી !

જે જે દાન ઉત્તમ કહેલ છે તેતે સર્વ શ્રીકૃષ્ણના પ્યારા માસમાં હલકાઈને પામ્યું છે માટે હે સુંદીર ! ક્યાંય પણ આવું દાન છેજ નહી કે જેથી શ્રી પુરૂષોત્તમમાં તમારાં વ્રતની સમાપ્તિ થાય, હે સ્ત્રી આ પુરૂષોત્તમમાસમાં વ્રત પુરૂં કરવાના કારણ માટે ડાબલાના આકારવાળું બ્રહ્માંડ દેવા યોગ્યછે. પણ તેનો હે સુંદરી સુખવાળી ! ક્યાંય કોઇએ દેઈ શકાય એમ નથી. તેથી એના બદલામાં કાંસાનું સુંપુટ કરી તેની વચમાં ત્રીશ પુડલા ભરી સાત તાંતણાથી વિંટી વીદ્વાન બ્રાહ્મણને વીધી પ્રમાણે પુજી વ્રત પુરૂં થવા કારણે દેવું. હે પ્યારી ! આ રીતે વૈભવ હોય તો ત્રીશ સંખ્યા જેટલાંજ સંપુટ આપવાં. આવું મહાદેવનું સુંદર અભય વચન સાંભળી સર્વ લોકના હીતને ઇચ્છનાર પાર્વતી પ્રસન્ન થયાં નારદ બોલ્યા—આજ મેં ઉત્તમ માહાત્મ્ય સાંભળી સર્વ સાધનોથી આ શ્રીપુરૂષોત્તમ માસ અતી ઉત્તમ છે એમ નીશ્ચય કર્યો ભક્તિવડે સાંભળવાથી પણ લોકોનાં મોટાં પાપોનો નાશ થાય છે ત્યારે શ્રદ્ધાથી વીધીવડે સાંભળ્યાંથી પાપનો નાશ થાય એમાં તો નવાઇજ શું છે ? આ પ્રમાણે મારૂં માનવું છે. આથી બીજું ઉત્તમ કશું પણ મારે સાંભળવું બાકી રહ્યું નથી, કેમકે અમૃતથી બહુ ત્રપ્ત થયેલો બીજા પાણીને ચાહતો નથી, ભરતખંડમાં ઉત્તમ જન્મ પામી જેઓ ઉત્તમ પુરૂષોત્તમને નથી સેવતા તથા તેની કથા નથી સાંભળતાં તેઓ ઘરમાં આસક્તિવાળાએ દીવસે દીવસે ઉત્તમ ભોજન દઈ વ્રતવાળાએ દીવસના આઠમા ભાગમાં ભોજન કરવું. પુરૂષો નીત્ય વીધી તથા ભક્તિવડે પ્રેમ સહીત પુરૂષોત્તમને પુજે છે તેઓ જગતમાં પુણ્યવાન છે. પુરૂષોત્તમની આરાધનાથી ઇંદ્રધુમ્ન, શતધુમ્ન યોવનાશ્વ ને ભગીરથ રાજા ભગવાનની પાસે ગયા છે. તે સારૂ સર્વ સાધનથી શ્રષ્ટ સર્વ કામના ફળોને દેનાર, પુરૂષોત્તમને સર્વ પ્રકારે નમ !

ગો વર્ધનને ધરનારા, ગાયોને પાલનારા, ગોકુલને ઉત્સવ દેનારા, ગોપીઓના પ્યાર અને અધીપતી ગોપનાં રૂપવાળા ઈશ્વર ને હું વંદુ છું આ પુર્વે કૌડીણ્ય ઋષિયે કહેલા મંત્રને વારંવાર ભક્તિથી જપમા માસ કહાડવો એથી પુરૂષોત્તમની ભેટ થાય છે. ગાયોના નવા મેઘ સરખા શ્યામ બે ભુજાવાળા મુરલી ધરનાર, શોભીત પીળાં વસ્ત્રવાળા, રાધા સહીત પુરૂત્તમનું ધ્યાન કરવું. પુરૂષોત્તમને ધ્યાન કરી ધ્યાન કરી પુજતો માસ કહાડે છે તથા જે આમ ભક્તી કરે છે તે સર્વ તીર્થોમાં ન્હાનારાને જે ફળ થાય છે તે ફળ તેના માહાત્મ્યને સાંભળનારા માણસને થાય છે. વીષ્ણુના ચરણની સેવા કરવામાં અતી કુશળ સવ મુનીઓ. માસોમાં ઉત્તમ પુરૂષોત્તમની અંતથી રહીત પુણ્યવાળી મોટાઈને સાંભળી બુદ્ધીથી અતી વીસ્મય પામતાં વીનયથી સુતના પુત્રને કહેવાં લાગ્યાં ઋષી બોલ્યા હે મોટી બુદ્ધી વાળાં સુત ! તમે ધન્ય છો, તમારા મુખના અમૃતના પાનથી અમે અતી કૃતાર્થ છીયે હે પુરાણુ કહેનારાઓના મસ્તકના મણીરૂપ સુત ! તમે સદા ઘણા કાળ સુધી જીવો. અને મુનીઓના સમાજમાં જરૂર તમે શ્રી વીષ્ણુની સુંદર કથા કહો. આવું બ્રાહ્મણોનું આશીર્વાદ વચન ગ્રહણ કરી સઘળા વીપ્રોને પ્રદક્ષીણા કરી નમી તે સુતનો પુત્ર પોતાનું કૃત્ય કરવા ગંગા તરફ ગયો આવો શ્રી બ્રહન્નારદીય પુરાણના પુરૂષોત્તમ માહાત્મ્યના શ્રી નારાયણને નારદના સંવાદ વીષે પુરૂષોત્તમ માહાત્મ્યને સાંભળવાનાં ફળનું કહેલું આ નામવાળો એકત્રીશમો અધ્યાય પુરો થયો ૩૧

ઇતી શ્રી પુરૂષોત્તમ મહીના સમાપ્તઃ